અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 08 ઓગસ્ટ 2026 શનિવાર
વિક્રમ સંવત 2082, અષાઢ વદ -10

વર્ષ : 18
અંક : 40

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. 2.00
પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3 
અમેરિકા પરમાણુ નીતિ બદલી રહ્યું છે: ન્યુક્લિયર હથિયારો માત્ર ડરાવવા માટે નથી

4 
ટ્રમ્પની અણઘડ નીતિઓથી વૈશ્વિક અર્થતંત્ર ભડકે બળવાનો ભય

6 
'પાણી પીવડાવવામાં કંઈ ખોટું નથી, ટેસ્ટ ડેબ્યૂ માટે 2 વર્ષ રાહ જોઈ.', અજિંક્ય રહાણેનું દર્દ છલકાયું

7 
35 લોકોની કંપની પર ગૂગલ 13000 કરોડનો વરસાદ કરવા તૈયાર! AI જગતમાં થશે મોટી ડીલ


## NEWS BRIEF

### 'અમેરિકા પણ વિદેશી ફંડિંગનું નિયમન કરે છે'

### FCRA મુદ્દે ભારતનો અમેરિકાને જડબાતોડ જવાબ

ભારતના પ્રસ્તાવિત બિલ FCRA અંગે અમેરિકાના સાંસદ રાઈલી મૂરેએ કરેલી ટિપ્પણી પર વિદેશ મંત્રાલયે જવાબ આપ્યો છે. ભારતે અમેરિકાને જવાબ આપ્યો છે કે આ બિલ ભારતનો આંતરિક મામલો છે. પશ્ચિમ વર્જિનિયાના રિપબ્લિકન નેતા રાઈલી મૂરેએ કહ્યું હતું કે, જો કોઈ ચર્ચ કે ધાર્મિક ચેરિટીનું FCRA રજિસ્ટ્રેશન રદ થાય અથવા રિન્યૂ ન થાય, તો આ નવા કાયદા હેઠળ ભારત સરકાર તેના પર નિયંત્રણ મેળવી શકે છે.



આ જોગવાઈઓથી ખ્રિસ્તી સંસ્થાઓ પર અસર પડશે અને તેનાથી ભારત-USના દ્વિપક્ષીય સંબંધો પર પણ માઠી અસર પડી શકે છે. અમે FCRA અંગે કરવામાં આવેલી ટિપ્પણીઓ જોઈ છે. ભારતને લગતી કાયદાકીય બાબતો એ અમારો આંતરિક મામલો છે, જેના પર દેશની સંસદ દ્વારા નિર્ણયો લેવામાં આવે છે. હું સાથે સાથે એ પણ સ્પષ્ટ કરવા માંગુ છું કે અમેરિકા સહિત એવા કેટલાય દેશો છે જે વિદેશી ફંડિંગના પ્રવાહનું નિયમન કરે છે. કેન્દ્ર સરકાર અનુસાર, FCRAના આ સુધારાનો મુખ્ય હેતુ વિદેશી ફંડમાંથી ઊભી કરવામાં આવેલી જાહેર સંપત્તિઓનું રક્ષણ કરવાનો છે. જો કોઈ સંસ્થાનું રજિસ્ટ્રેશન કેન્સલ થાય, તો પણ તેની પ્રવૃત્તિઓ કાયદાકીય રીતે ચાલુ રહે તે માટે એક સત્તાવાર ઑથોરિટી અસ્થાયી રૂપે વહીવટ સંભાળશે.

### PM મોદી સાથે દિગ્ગજ નેતાની મુલાકાત

### મોટા રાજકીય પક્ષ સાથે ગઠબંધનની ચર્ચાએ વેગ પકડ્યો



પંજાબ વિધાનસભા ચૂંટણીના આગમન પહેલાં રાજ્યની રાજનીતિમાં ભારે હલચલ જોવા મળી રહી છે. શિરોમણી અકાલી દળના પ્રમુખ સુખબીર સિંહ બાદલે શુક્રવારે દિલ્હીમાં સંસદ ભવન ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે એક મહત્ત્વપૂર્ણ મુલાકાત કરી હતી. આ બેઠક બાદ પંજાબના રાજકીય વર્તુળોમાં ફરી એકવાર ભાજપ અને અકાલી દળના પુનઃ ગઠબંધનને લઈને અટકળોનું બજાર ગરમ થઈ ગયું છે. ખાસ કરીને 2027ની ચૂંટણીને ધ્યાનમાં રાખીને આ મુલાકાતને અત્યંત સૂચક માનવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે વર્ષ 2020માં કેન્દ્ર સરકાર દ્વારા લાવવામાં આવેલા ત્રણ વિવાદિત કૃષિ કાયદાઓના વિરોધમાં કિસાન આંદોલન તેજ બન્યું હતું. પંજાબમાં ખેડૂતોના ભારે વિરોધને કારણે અકાલી દળે ભાજપ સાથેની પોતાની 25 વર્ષ જૂની મિત્રતા તોડીને એનડીએનો સાથ છોડી દીધો હતો. અકાલી દળ માટે ગ્રામીણ અને ખેડૂત મતબૅંક સૌથી સર્વોપરી રહી છે. ત્યારબાદ 2022ની વિધાનસભા અને 2024ની લોકસભા ચૂંટણીમાં બંને પક્ષોએ અલગ-અલગ ચૂંટણી લડી હતી, જેના કારણે બંને પક્ષોને ચૂંટણી પરિણામોમાં ઘણું નુકસાન વેઠવું પડ્યું હતું. હાલની સ્થિતિએ પંજાબમાં અકાલી દળ પોતાનો ખોવાયેલો પરંપરાગત જનાધાર પાછો મેળવવા માટે સંઘર્ષ કરી રહી છે, તો બીજી તરફ ભાજપ પણ રાજ્યમાં પોતાના પગ મજબૂત કરવા માટે કોઈ સક્ષમ ક્ષેત્રીય સાથીની શોધમાં છે. રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે પંજાબમાં હિન્દુ અને સિખ મતોના જૂના સમીકરણોને ફરીથી જીવંત કરવા માટે બંને પક્ષોએ એકબીજાની જરૂરિયાત સમજવી પડશે. જોકે, હજુ સુધી બંને પક્ષો તરફથી ગઠબંધનને લઈને કોઈ અધિકૃત જાહેરાત કરવામાં આવી નથી.

### ગૃહમંત્રી અને કેન્દ્ર સરકાર પર પ્રિયંકા ગાંધીનો પ્રહાર

# સરકાર વિદ્યાર્થીઓનો અવાજ દબાવી રહી છે: પ્રિયંકા ગાંધી

■ કોંગ્રેસે RSS પ્રમુખ મોહન ભાગવતના જેન ઝી નિવેદન પર પણ પ્રહારો કર્યા, 10 વર્ષમાં 1 લાખ સરકારી શાળાઓ બંધ થવાનો આક્ષેપ કરાયો

**નવી દિલ્હી, તા.07**

કોંગ્રેસ સાંસદોએ સરકાર પર આરોપ લગાવ્યો છે કે, તે વિદ્યાર્થીઓનો અવાજ દબાવવાનો પ્રયાસ કરી રહી છે, અને કેન્દ્રીય ગૃહમંત્રી સંસદમાં આવીને જવાબ આપવાથી બચી રહ્યા છે. આ સાથે જ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(RSS) પ્રમુખ મોહન ભાગવતના 'જેન ઝી'(Gen Z) અંગેના નિવેદનને લઈને પણ કોંગ્રેસે સરકાર અને સંઘ પર નિશાન સાધ્યું છે. કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધીએ પ્રયાગરાજમાં પ્રસ્તાવિત 'છાત્રોં કી ગૂંજ' કાર્યક્રમને લઈને કહ્યું કે, સરકાર આ કાર્યક્રમથી ડરી રહી છે. તેમણે આરોપ લગાવ્યો કે, ઉત્તર પ્રદેશમાં કોંગ્રેસના કાર્યક્રમો સાથે હંમેશાં આવું જ વર્તન કરવામાં આવે છે. કેન્દ્રીય ગૃહમંત્રી સંસદમાં આવવા અંગેના પ્રશ્ન પર પ્રિયંકા ગાંધીએ કહ્યું કે, એવું નથી લાગતું કે તેઓ સદનમાં



આવશે. જો કોઈ ભૂલ થઈ હોય તો સરકારે તેની જવાબદારી લઈને સંસદમાં જવાબ આપવો જોઈએ.

કોંગ્રેસ સાંસદ કે. સી. વેણુગોપાલે પણ ગૃહમંત્રીની ગેરહાજરી પર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે માંગ કરી હતી કે, ગૃહમંત્રી સદનમાં આવીને સ્પષ્ટતા કરે કે, વિદ્યાર્થીઓ પર પેલેટ ગન ચલાવવાનો અને ટીયર ગેસ છોડવાનો આદેશ કોણે આપ્યો હતો. દેશ અને વિદ્યાર્થીઓ બંને આ પ્રશ્નોના જવાબ ઈચ્છે છે. કોંગ્રેસે આ અંગે લોકસભા અધ્યક્ષને સંસદીય કાર્યમંત્રીને સૂચના આપવા વિનંતી કરી છે, પરંતુ સંસદ સત્રના માત્ર 4 દિવસ બાકી હોવા છતાં ગૃહમંત્રી હજુ સુધી ઉપસ્થિત થયા નથી. બીજી તરફ, RSS પ્રમુખ મોહન ભાગવતના નિવેદન પર કોંગ્રેસ સાંસદ મણિક્કમ ટાગોરે કહ્યું કે, RSS આ સમયે બેકફૂટ પર છે. તેમણે આરોપ લગાવ્યો કે, છેલ્લા 12 વર્ષોમાં RSSએ યુનિવર્સિટીઓ અને અન્ય શિક્ષણ સંસ્થાઓ પર પ્રભાવ સ્થાપિત કર્યો છે, પરંતુ હવે તેઓ રક્ષણાત્મક સ્થિતિમાં દેખાઈ રહ્યા છે. કોંગ્રેસ સાંસદ અમર સિંહે શિક્ષણ વ્યવસ્થાને લઈને કેન્દ્ર સરકાર પર પ્રહાર કરતાં કહ્યું કે, સરકારે શિક્ષણ મોંઘું કરી દીધું છે. અભ્યાસ પૂર્ણ કર્યા પછી યુવાનોને રોજગારી મળી રહી નથી, અને છેલ્લા 10 વર્ષમાં દેશભરમાં લગભગ 1 લાખ સરકારી શાળાઓ બંધ થઈ ગઈ છે. સાંસદ સુખજિંદર સિંહ રંધાવાએ પણ ઉમેર્યું કે, મોહન ભાગવત જે વાતો કહી રહ્યા છે, તે જ વાતો કોંગ્રેસ લાંબા સમયથી ઉઠાવી રહી છે. તેમણે કહ્યું કે, ઓછામાં ઓછું ગૃહમંત્રીએ સદનમાં ઉપસ્થિત રહીને વિપક્ષ અને દેશના સવાલોનો સામનો કરવો જોઈએ.

### ઝારખંડના રાંચીમાં ભૂખ હડતાળ કરનારા રાહુલની તબિયત લથડી, હૉસ્પિટલ ખસેડાયો




**રાંચી, તા.07**

ઝારખંડની રાજધાની રાંચીના જયપાલ સિંહ મુંડા સ્ટેડિયમ ખાતે JPSC અને JSSC પરીક્ષાઓમાં થયેલી કથિત ગડબડી અને પેપર લીક વિરુદ્ધ વિદ્યાર્થીઓ છેલ્લા બે અઠવાડિયા કરતાં પણ વધુ સમયથી ધરણાં અને અણશન પર બેઠા છે. આ આંદોલનમાં આમરણ ભૂખ હડતાળ પર બેઠેલા ચાર પ્રદર્શનકારીઓમાંથી એક રાહુલ નામના યુવકની તબિયત અચાનક લથડી છે. ચાર દિવસથી અન્ન-જળ ત્યાગીને બેઠેલા રાહુલનું શરીર તાવથી તપી રહ્યું હોવાથી સ્થળ પર હાજર ડૉક્ટરો તેને તાત્કાલિક સારવાર માટે હૉસ્પિટલ લઈ ગયા છે. રાહુલે સહાયક શિક્ષક પરીક્ષા પાસ કરી હોવા છતાં તેને નિયુક્તિ મળી નહોતી અને વિદ્યાર્થીઓનો આરોપ છે કે સરકારમાં બેકડોર સેટિંગને કારણે તેમની મહેનત પાણીમાં ગઈ છે. પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓનું કહેવું છે કે આ વિરોધ માત્ર એક વ્યક્તિની તબિયત બગાડવાનો મામલો નથી, પરંતુ લાંબા સમયથી ચાલી રહેલી નારાજગી અને આક્રોશનું પરિણામ છે. વિદ્યાર્થીઓએ જણાવ્યું કે, અમે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સાથે પણ વાત કરી છે, જેમણે મારી માંગણીઓનું સમર્થન કર્યું છે અને હવે તેઓ અમારી સાથે રૂબરૂ મુલાકાત માટે સમય મળવાની રાહ જોઈ રહ્યા છે.' વિદ્યાર્થી નેતા દેવેન્દ્ર નાથ મતોએ સરકારના વલણ સામે ભારે આક્રોશ વ્યક્ત કરતાં જણાવ્યું કે, 'મારો ચહેરો જ મારી સ્વાસ્થ્ય સ્થિતિ બતાવી રહ્યો છે. હું માત્ર થોડું સાંભળી, વિચારી અને બોલી શકું છું, બાકીના અંગો સાથ નથી આપી રહ્યા. અમે સરકાર સાથે મળીને એવી મજબૂત વ્યવસ્થા બનાવવા માંગીએ છીએ જેમાં ભવિષ્યમાં ધાંધલી કે પેપર લીક થવાની કોઈ શક્યતા જ ન રહે.'

### ભાજપ પર મહિલાઓના અપમાનનો આરોપ!

## કાશ્મીરની રેલીમાં સૂત્રોચ્ચારથી પાર્ટી બેકફૂટ પર

**જમ્મુ-કશ્મીર, તા.07**

અનુચ્છેદ 370 હટવાની 7મી બરસી પર અનંતનાગમાં ભાજપની રેલી દરમિયાન લાગેલા વિવાદિત નારાઓ પર રાજકીય બવાલ ખૂબ જ વધી ગયો છે. કશ્મીરી મહિલાઓના અપમાનના ગંભીર આરોપો બાદ બેકફૂટ પર આવેલી ભાજપે આ નારાઓથી સ્પષ્ટ કિનારો કરી લીધો છે અને સત્તાવાર રીતે સફાઈ રજૂ કરી છે. જમ્મુ-કશ્મીરમાંથી 5 ઓગસ્ટ 2019ના રોજ આ વિશેષ અનુચ્છેદ નાબૂદ કરવામાં આવ્યો હતો. જેની આ વર્ષે 7મી વર્ષગાંઠ ઉજવવામાં આવી રહી હતી. આ દિવસે જ્યાં એક તરફ ભાજપ દ્વારા ઉજવણી કરવામાં આવી રહી



હતી, ત્યારે બીજી તરફ આ વિવાદે સમગ્ર માહોલને ગરમાવી દીધો છે.

અનંતનાગમાં જમ્મુ-કશ્મીર ભાજપના ઉપાધ્યક્ષ સોફી યુસુફની આગેવાનીમાં એક વિજય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ જુલૂસ દરમિયાન સોફી યુસુફ અને તેમના સમર્થકો દ્વારા કેટલાક એવા નારા લગાવવામાં આવ્યા જેને કશ્મીરી મહિલાઓના સન્માન સાથે જોડીને જોવામાં આવ્યા. આ નારાઓનો વિડીયો સોશિયલ મીડિયા પર ખૂબ જ વાઈરલ થતાં જ સ્થાનિક લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો અને વિપક્ષી પક્ષોએ પણ સરકાર સામે તીખી પ્રતિક્રિયા આપી. સ્થાનિક સંસ્કૃતિમાં આ શબ્દોને લઈને વિરોધ નોંધાવવામાં આવ્યો છે. નેશનલ કોન્ફરન્સ (NC) ના પ્રવક્તા તનવીર સાદિકે આ મામલે ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે જણાવ્યું કે અમુક અપમાન માત્ર કોઈ એક વ્યક્તિના નહીં પરંતુ સમગ્ર સમાજના હોય છે. તેમણે ઉમેર્યું કે આ પ્રકારના શબ્દો એ સન્માન અને સ્નેહની ગરિમા પર પ્રહાર કરે છે.

### 'SC/ST પર 'ક્રિમી લેયર' લાગુ નથી, તે ફક્ત OBC-SEBC માટે...', સુપ્રીમ કોર્ટમાં કેન્દ્ર સરકારની ચોખવટ

**નવી દિલ્હી, તા.07**

કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં એક મહત્ત્વપૂર્ણ સોગંદનામું દાખલ કરીને સ્પષ્ટ કર્યું છે કે અનુસૂચિત જાતિ(SC) અને અનુસૂચિત જનજાતિ(ST)ના અનામતમાં ક્રિમી લેયરનો સિદ્ધાંત લાગુ પડતો નથી. સરકારે એ તમામ જનહિત અરજીઓનો સખત વિરોધ કર્યો છે, જેમાં SC-ST અનામતમાં ક્રિમી લેયરનો નિયમ લાગુ કરવાની અને સરકારી નોકરીઓમાં વધુ ન્યાયસંગત નીતિ બનાવવાની માગણી કરવામાં આવી હતી. સરકારે જણાવ્યું કે આ અરજીઓમાં કોઈ પણ મૂળભૂત અધિકારના ઉલ્લંઘનનો ઉલ્લેખ નથી કરવામાં આવ્યો.



ગત વર્ષે 11 ઑગસ્ટના રોજ સુપ્રીમ કોર્ટે રમાશંકર પ્રજાપતિ અને અન્યની જનહિત અરજીઓ પર કેન્દ્ર તથા રાજ્ય સરકારોને નોટિસ જારી કરી હતી. આ અરજીઓમાં એવી માગ કરવામાં આવી હતી કે જો કોઈ SC-ST પરિવારનો સભ્ય પહેલેથી જ બંધારણીય કે વરિષ્ઠ સરકારી પદ મેળવી ચૂક્યો હોય, તો તેના સંતાનોને અનામતનો લાભ ન મળવો જોઈએ. આનાથી અનામતનો સાચો ફાયદો આર્થિક રીતે નબળા અને ખરેખર જરૂરિયાતમંદ લોકો સુધી વધુ સમાન રૂપે પહોંચી શકશે. અરજીકર્તાઓએ આર્થિક રીતે પછાત લોકો માટે સબ-કેટેગરી બનાવવાની પણ માગ કરી છે.

### ઝારખંડના રાંચીમાં વિધાનસભા માર્ચ દરમિયાન હોબાળો, AISA અધ્યક્ષ પર શાહી ફેંકાઈ....

**રાંચી, તા.07**

ઝારખંડમાં JPSC અને JSSC પરીક્ષાઓમાં કથિત ગોટાળા અને પેપર લીક સામે વિદ્યાર્થીઓનું આંદોલન 14મા દિવસે પણ જોરશોરથી ચાલુ રહ્યું છે. રાજ્યભરમાં ચાલી રહેલા આ વિરોધ પ્રદર્શનને પોતાનું સમર્થન આપવા માટે AISAના રાષ્ટ્રીય અધ્યક્ષ નેહા બોરા ખાસ રાંચી પહોંચ્યા હતા. આ દરમિયાન AISA દ્વારા ઝારખંડ વિધાનસભા સુધી એક વિશાળ માર્ચ કાઢવામાં આવી હતી. જ્યાં ભારે હોબાળા અને અફરાતફરી વચ્ચે નેહા બોરા પર શાહી ફેંકવામાં આવવાની



મોટી ઘટના સામે આવી છે, જેનાથી રાજકીય માહોલ વધુ ગરમાયો છે. રાંચીના જયપાલ સિંહ મુડા સ્ટેડિયમમાં વિદ્યાર્થીઓ છેલ્લા બે અઠવાડિયાથી સતત ભૂખ હડતાળ પર બેઠા છે.

### સંસદમાં કંઈક મોટું થવાના એંધાણ: કોંગ્રેસના સાંસદો માટે વ્હીપ જાહેર, NDA નેતાઓને પણ દિલ્હીમાં રહેવા નિર્દેશ

**નવી દિલ્હી, તા.07**

દેશનો મુખ્ય વિરોધ પક્ષ કોંગ્રેસ, ચોમાસુ સત્ર દરમિયાન સંસદના નીચલા ગૃહ એટલે કે, લોકસભામાં પોતાની પૂરી તાકાત દર્શાવવાની તૈયારી કરી રહ્યો છે. કોંગ્રેસે શુક્રવારે (7 ઓગસ્ટ 2026) પોતાના તમામ લોકસભા સાંસદો માટે થ્રી-લાઈન વ્હિપ (Three-line Whip) જારી કર્યો છે. જે અંતર્ગત પાર્ટીએ પોતાના તમામ સાંસદોને ગૃહમાં હાજરી સુનિશ્ચિત કરવાનો નિર્દેશ આપ્યો છે.



લોકસભામાં કોંગ્રેસ સંસદીય દળ (CPP)ના મુખ્ય સચેતક એટલે કે ચીફ વ્હિપ કોડિકુન્નિલ સુરેશે શુક્રવારે (7 ઓગસ્ટ 2026) પોતાના તમામ લોકસભા સાંસદો માટે થ્રી-લાઈન વ્હિપ જારી કર્યો હતો. જેમાં તેમણે તમામ સાંસદોને નિર્દેશ આપ્યો છે કે, તેઓ સોમવારથી બુધવાર સુધી એટલે કે 10, 11 અને 12 ઓગસ્ટના રોજ સવારે 11 વાગ્યાથી ગૃહમાં અનિવાર્યપણે ઉપસ્થિત રહે. આ સમયગાળા દરમિયાન ગૃહમાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. આ સાથે એવું પણ કહેવામાં આવ્યું છે કે, કોઈ પણ સંજોગોમાં તેમની ગેરહાજરી સ્વીકારવામાં આવશે નહીં.




# સુરત ભાજપમાં ફરી ભડકો!, કારોબારી સભ્યે કહ્યું-'ચા કરતાં કીટલી ગરમ'

## મનીષ નાયકે સ્થાનિક નેતાઓ અને પદાધિકારીઓ પર કેશડોલને લઈ નિશાન સાધ્યું

**સુરત, તા.07**

સુરત શહેર ભારતીય જનતા પાર્ટીમાં કોર્પોરેટરો વચ્ચે ચાલી રહેલા આંતરિક વિવાદોની શાહી હજુ સૂકાઈ નથી, ત્યાં વહીવટી કામગીરીને લઈને વધુ એક મોટો વિવાદ સામે આવ્યો છે. સુરત ભાજપમાં ફરી એકવાર અસંતોષનો વિસ્ફોટ થયો છે. આ વખતે સુરત શહેર કિસાન મોરચાના કારોબારી સભ્ય મનીષ નાયકે સોશિયલ મીડિયા પોસ્ટમાં સ્થાનિક નેતાઓ સામે સીધો સવાલ ઉઠાવ્યો છે. ખાડી પૂર બાદ અસરગ્રસ્તોને કેશડોલ આપવાની કામગીરીમાં સ્થાનિક નેતાઓ પર પક્ષપાતી વલણનો ગંભીર આરોપ લગાવી તેમણે લખ્યું કે, "કેશડોલ અને ચા કરતાં કીટલી ગરમ", જેને પગલે રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે.



મનીષ નાયકે પોતાની ફેસબુક પોસ્ટમાં ઉલ્લેખ કર્યો છે કે, ધારાસભ્ય સંદીપ દેસાઈની સ્થળ મુલાકાત અને મહેનતને કારણે ડીંડોલી વોર્ડ નંબર 27 (દક્ષિણ) વિસ્તારમાં ખાડી પૂરને લીધે થયેલી તારાજી બાદ પ્રભાવિત સોસાયટીઓમાં મોટાભાગનું સર્વે કામ પૂર્ણ થઈ ગયું હતું. જોકે, ધારાસભ્યની આ મહેનત પર પાણી ફેરવતા હોય તેમ કેટલાક 'લોકલ સ્થાનિક નેતાઓ' પોતાના પક્ષપાતી અને ભેદભાવભર્યા વલણથી કામ કરી રહ્યા છે. શાસક પક્ષના આ નેતાઓના કારણે જ વાસ્તવિક પીડિતો સુધી રાહત પહોંચી શકી નથી.

પોસ્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, મહાદેવનગર, શ્રદ્ધા સોસાયટી, પ્રિયંકા સોસાયટી વિભાગ-2, ખોડિયાર નગર, સંતોષી નગર, શિવદર્શન સોસાયટી અને જગદંબા નગર જેવી અનેક સોસાયટીઓમાં અસરગ્રસ્ત રહીશોના સર્વે ફોર્મ ભરાઈ ચૂક્યા છે. આમ છતાં, સ્થાનિક નેતાગીરીની મનમાનીના કારણે અનેક લાભાર્થીઓ આજે પણ કેશડોલથી વંચિત રહી ગયા છે. યોગ્ય અને હકદાર લોકોને સહાય ન મળતા સ્થાનિક પ્રજામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

પોતાના જ પક્ષના સ્થાનિક નેતાઓના વલણથી નારાજ કિસાન મોરચાના કારોબારી સભ્યએ ચીમકી ઉચ્ચારી છે કે જો બાકી રહી ગયેલા તમામ પીડિતોને ત્વરિત કેશડોલના નાણાં ચૂકવવામાં નહીં આવે, તો સ્થાનિક રહીશો જન આક્રોશ આંદોલન કરવાના મૂડમાં છે. ગરીબ અને ભોળી પ્રજાના હક માટે આ મુદ્દે આરપારની લડાઈ લડવામાં આવશે તેવા સ્પષ્ટ સંકેતો આપતાં તેમણે સ્થાનિક રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે.

પોસ્ટના અંતમાં મનીષ નાયકે માગ કરી છે કે, સમગ્ર મામલે તટસ્થ તપાસ કરવામાં આવે અને દરેક પીડિતને તટસ્થ ન્યાય મળે. તેમણે તંત્ર તેમજ સત્તાપક્ષના જવાબદાર પદાધિકારીઓને અપીલ કરી છે કે તેઓ આ વિષયમાં અંગત રસ લઈ ગરીબ અને ભોળી પ્રજાને કેશડોલની રકમ અપાવે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ગરીબોને સહાય અપાવવી એ જ સાચો અને કુદરતનો જનહિતમાં ન્યાય લેખાશે. હવે જોવાનું એ રહેશે કે ભાજપ સંગઠન આ આંતરિક અસંતોષ સામે શું પગલાં લે છે.

# કોબા કેનાલ પર 12 લેનનો બ્રિજ બનાવવાની યોજના: જરૂરિયાત મુજબ કેનાલને વિકસાવવાની તૈયારી

## 'બોટલનેક'ની સ્થિતિથી મુક્તિ મળતા ટ્રાફિકની સમસ્યા દૂર થશે

**ગાંધીનગર, તા.07**

ગાંધીનગરમાં કોબા તરફની કેનાલ પર હાલનો માર્ગ 6 લેનનો હોવાથી વાહનોની અવરજવરમાં બોટલનેક જેવી સ્થિતિ સર્જાય છે. તેને દૂર કરવા માટે કોબા કેનાલ પરના બ્રિજને 12 લેન સુધી કરવાની યોજના હાથ ધરવામાં આવી રહી છે. આ કામ પૂર્ણ થયા બાદ કેનાલ પરનો ટ્રાફિક વધુ સરળતાથી પસાર થઈ શકશે. હાલમાં કેનાલ કેબલ-સ્ટેઈડ બ્રિજ 6 લેનનો છે, જ્યારે તેની સાથેની સર્વિસ રોડ પણ 6 લેનની છે. આમ કુલ મળીને 12 લેનની વ્યવસ્થા છે, પરંતુ કેનાલનો મુખ્ય ક્રોસિંગ માર્ગ 6 લેનનો હોવાથી અહીં વાહનોનો પ્રવાહ સંકોચાઈ જાય છે અને ટ્રાફિકનું દબાણ વધે છે.



આ બોટલનેક દૂર કરવા માટે કેનાલને 12 લેનની જરૂરિયાત મુજબ વિકસાવવાની તૈયારી છે. આ માટે પોન્ટૂન સ્ટ્રક્ચર (Pontoon Structure) જેવી ટેક્નિકનો ઉપયોગ કરવામાં આવશે. કામ દરમિયાન પાણીની અંદર જરૂરી મશીનરી ઊભી રહી શકે અને બાંધકામની કામગીરી સરળતાથી થઈ શકે તે રીતે સ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવશે.

પોન્ટૂન સ્ટ્રક્ચર એટલે પાણી પર તરતા અથવા પાણીમાં સ્થિર રાખવામાં આવતા પ્લેટફોર્મ/માળખાની મદદથી બનાવવામાં આવતી કામચલાઉ વ્યવસ્થા. તેનો ઉપયોગ પાણીની અંદર કે પાણી ઉપર બાંધકામની કામગીરી માટે મશીનરી, સાધનો અને કામદારોને ઊભા રાખવા માટે થાય છે. કેનાલના કામમાં આ પ્રકારનું સ્ટ્રક્ચર હોવાથી પાણીનો પ્રવાહ ચાલુ રહે તે દરમિયાન પણ જરૂરી મશીનરીને પાણીની વચ્ચે લઈ જઈને બાંધકામની કામગીરી કરી શકાય છે.

કોબા તરફના આ માર્ગ પર એક તરફ 12 લેનની ક્ષમતા ઉપલબ્ધ છે, પરંતુ કેનાલ ક્રોસિંગ પર માત્ર 6 લેન હોવાથી વાહનોને ફરી 6 લેનમાં સમાઈ જવું પડે છે. પરિણામે પીક અવર્સ દરમિયાન ટ્રાફિકનું ભારણ વધે છે. કેનાલને 12 લેન મુજબ વિકસાવવામાં આવે તો આ બોટલનેક દૂર થવાની સાથે ટ્રાફિક ફ્લો પણ ઝડપી બનવાની અપેક્ષા છે.

આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ કોબા-ગાંધીનગર તરફના વધતા ટ્રાફિકને ધ્યાનમાં રાખી રસ્તાની ક્ષમતા વધારવાનો અને કેનાલ ક્રોસિંગ પર સર્જાતી ટ્રાફિકની સમસ્યા ઘટાડવાનો છે.

# કુહાડી-પાઇપ ને છરાથી તૂટી પડી અમદાવાદના સિક્યુરિટી કોન્ટ્રાક્ટરને પતાવી દીધો......

## નંદાસણમાં પિકઅપથી કારને ટક્કર મારી બહાર ખેંચી ફરી વળ્યા, રોડ પર લોહીથી લથપથ લાશ ઢાળી દીધી

**મહેસાણા, તા.07**

મહેસાણા જિલ્લાના નંદાસણ વિસ્તારમાં એક અત્યંત સનસનાટીભર્યો અને ઘાતકી હત્યાકાંડ સામે આવ્યો છે, જેમાં અમદાવાદના જાણીતા સિક્યુરિટી કોન્ટ્રાક્ટરની રસ્તા વચ્ચે દિનદહાડે નિર્મમ હત્યા કરી દેવામાં આવી છે. અમદાવાદના નરોડા વિસ્તારમાં રહેતા અને 'રેમ્બો' નામની કંપનીના સિક્યુરિટી કોન્ટ્રાક્ટર તરીકે કાર્યરત રાધેશ્યામ શર્મા પોતાની કાર લઈને પસાર થઈ રહ્યા હતા, ત્યારે પૂર્વ આયોજિત કાવતરાના ભાગરૂપે તેમના પર આ ઘાતકી હુમલો કરવામાં આવ્યો હતો. હુમલાખોરોએ પહેલાં એક ઝડપભેર આવતા પિકઅપ ડાલા વડે તેમની કારને પાછળથી જોરદાર જીવલેણ ટક્કર મારી હતી. કાર અથડાવાના કારણે રોકાઈ જતાં જ પાછળથી એક રિક્ષામાં સવાર થઈને આવેલા અંદાજે છ થી સાત જેટલા સશસ્ત્ર શખસો રિક્ષામાંથી નીચે ઉતર્યા હતા અને અચાનક જ રાધેશ્યામભાઈ પર તૂટી પડ્યા હતા.



હુમલાખોરોએ અત્યંત ક્રૂરતાપૂર્વક રાધેશ્યામ શર્માના માથા અને કપાળના ભાગે તીક્ષ્ણ અને ભારે હથિયારો વડે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. માથાના ભાગે થયેલા ઘાતક પ્રહારોના કારણે તેમનું ઘટનાસ્થળે જ અત્યંત દર્દનાક મોત નીપજ્યું હતું. આ હિચકારા હુમલાને અંજામ આપ્યા બાદ તમામ હુમલાખોરો સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. આ ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને પોલીસને જાણ કરવામાં આવી હતી. નંદાસણ પોલીસની ટીમ જ્યારે રાજપુરની સીમના રોડ પર પહોંચી ત્યારે ત્યાં રાધેશ્યામ શર્માની લોહીથી લથબથ લાશ પડી હતી. બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખીને જિલ્લા એસપી તેમજ કડી ડિવિઝનના DySP હાર્દિક પ્રજાપતિ સહિતનો ઉચ્ચ પોલીસ કાફલો અને FSLની ટેકનિકલ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. FSL ની ટીમે સ્થળ પરથી જરૂરી પુરાવા એકત્ર કરવાની કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસની પ્રાથમિક તપાસ અને નોંધાયેલી સત્તાવાર ફરિયાદ અનુસાર, આ ઘાતકી હત્યાકાંડ પાછળ જૂની અદાવત અને મનદુઃખ જવાબદાર હોવાનું સામે આવ્યું છે. અગાઉ રેમ્બો કંપનીના પરિસરમાં મોહસિન કુરેશી નામનો શખસ ચોરી કરવાના ઈરાદે ઘૂસ્યો હતો, તે સમયે સિક્યુરિટી કોન્ટ્રાક્ટર રાધેશ્યામ શર્મા સાથે તેની ભારે તકરાર અને બોલાચાલી થઈ હતી. આ ચોરીના પ્રયાસ અને બબાલનું તીવ્ર મનદુઃખ રાખીને મોહસિન અને તેના સાગરીતોએ રાધેશ્યામ શર્માને રસ્તામાંથી હટાવવાનું ખૂની કાવતરું રચ્યું હતું. પૂર્વ આયોજન મુજબ જ તેમની રેકી કરીને આ રીતે ઘેરીને તેમના પર પ્રાણઘાતક હુમલો કરવામાં આવ્યો હતો.

આ ચકચારી ઘટના અંગે નંદાસણ પોલીસે ફરિયાદીની આપવીતી અને નિવેદનના આધારે મુખ્ય આરોપીઓ ઈરફાન મિયાં ચૌહાણ, યુનુસ ઉર્ફે ચીખલી, મોઈન કુરેશી અને મોહસિન કુરેશી સહિત કુલ ચાર નામજોગ વ્યક્તિઓ તેમજ તેમની સાથે રહેલા અન્ય બે થી ત્રણ અજાણ્યા હુમલાખોરો સામે વિધિવત રીતે હત્યાનો ગુનો નોંધીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. દિનદહાડે આચરાયેલા આ ગંભીર ગુનાની ભયાનકતાને જોતાં સ્થાનિક પોલીસ ઉપરાંત લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) ની અલગ-અલગ વિશેષ ટીમો બનાવીને આરોપીઓને ઝડપી પાડવા માટે ચારેકોર ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. પોલીસ હાલમાં સીસીટીવી ફૂટેજ, લોકેશન ટ્રેકિંગ અને બાતમીદારોની મદદથી ફરાર આરોપીઓનું પગેરું મેળવવા માટે સંભવિત ઠેકાણાઓ પર દરોડા પાડી રહી છે. જૂની અદાવતમાં આચરાયેલા આ લોહિયાળ ખેલના તમામ ગુનેગારો ક્યારે કાયદાના શિકંજામાં આવે છે તેના પર સહુની નજર ટકેલી છે.

## વકીલો આજથી 2 દિવસ કોર્ટ કામથી અળગા રહેશે

# હાઈકોર્ટના A-4 સાઈઝ પેપર અને ટાઈપિંગના કડક સર્ક્યુલર સામે ભારે વિરોધ, 30-40 કોર્ટરૂમમાં કામકાજ ખોરવાશે

**સુરત, તા.07**

સુરત જિલ્લા વકીલ મંડળ દ્વારા આગામી 7 અને 8 ઓગસ્ટના રોજ બે દિવસ સુધી કોર્ટના તમામ પ્રકારના કામકાજથી સંપૂર્ણપણે અળગા રહેવાની એક અત્યંત મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. ગુજરાત હાઈકોર્ટ દ્વારા બહાર પાડવામાં આવેલા વિવાદાસ્પદ પરિપત્ર ક્રમાંક 2002/2006 ના સખત વિરોધમાં વકીલોએ આ આકરા બહિષ્કારનો નિર્ણય લીધો છે. ગુજરાત હાઈકોર્ટના આ નવા નિયમો મુજબ હવેથી કોર્ટમાં રજૂ કરવામાં આવતી દરેક નાની-મોટી અરજી, પ્લીડિંગ, એફિડેવિટ, મેમોરેન્ડમ ઓફ અપીલ અને અહીં સુધી કે અત્યાર સુધી હસ્તલિખિત અપાતી સામાન્ય મુદત અરજી પણ ફરજિયાતપણે કમ્પ્યુટરાઈઝ્ડ ટાઈપિંગ કરીને જ કોર્ટ સમક્ષ રજૂ કરવાની રહેશે. સુરત વકીલ મંડળના મતે, હાઈકોર્ટની આ અતિશય કડક નીતિ-નિયમો વાળી નીતિના કારણે વકીલો, જુનિયર એડવોકેટ્સ અને ખાસ કરીને સામાન્ય પક્ષકારો પર બિનજરૂરી મોટો આર્થિક તેમજ વ્યવહારુ બોજ વધશે. ગુજરાત સરકાર અને હાઈકોર્ટ દ્વારા જારી કરવામાં આવેલા આ નવોદિત સર્ક્યુલર મુજબ, હવેથી તમામ અદાલતી કાર્યવાહી અને દસ્તાવેજો માટે 75 GSM ની ગુણવત્તા ધરાવતું A-4 સાઈઝનું પેપર વાપરવું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. આ ઉપરાંત પેપરની આગળ-પાછળ બંને બાજુ પ્રિન્ટિંગ કરવાની સાથે સાથે ચોક્કસ નિયત કરેલી ભાષા અને ટાઈપિંગ ફોન્ટનો જ ઉપયોગ કરવાનો કડક આદેશ આપવામાં આવ્યો છે. આ બાબતને લઈને સુરત ખાતે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સભ્યો અને સ્થાનિક વકીલ મંડળની એક અત્યંત અગત્યની મીટિંગ યોજાઈ હતી, જેમાં આ નવા નિયમો સામે ભારે વિરોધ દર્શાવવામાં આવ્યો હતો. વકીલોનું સ્પષ્ટપણે કહેવું છે કે, કોર્ટમાં રોજબરોજ અપાતી સામાન્ય મુદત અરજીઓ જે અત્યાર સુધી વકીલો હાથથી લખીને તુરંત આપી દેતા હતા, તેને પણ હવે કમ્પ્યુટર પર ટાઈપ કરાવવી એ વ્યવહારિક રીતે ખૂબ જ મુશ્કેલ, સમય વગાડનારી અને અત્યંત ખર્ચાળ સાબિત થશે.



આ સમગ્ર વિવાદ અને વકીલોની મુશ્કેલીઓ અંગે વિગતો આપતા બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સિનિયર મેમ્બર એડવોકેટ ઝકી શેખે જણાવ્યું હતું કે, હાઈકોર્ટના આ એક પરિપત્રના કારણે આજે સમગ્ર ગુજરાત રાજ્યના 1.25 લાખથી પણ વધારે નાસતા-ભાગતા અને પ્રેક્ટિસ કરતા વકીલો સીધી રીતે અસરગ્રસ્ત થયા છે. આ જ કારણસર સમગ્ર રાજ્યની તમામ નીચલી અદાલતોના વકીલોમાંથી વિરોધનો પ્રબળ સૂર નીકળ્યો છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે જ્યાં સુધી હાઈકોર્ટ વકીલો અને પક્ષકારોના હિતમાં આ કડક નિયમોમાં કોઈ યોગ્ય સુધારો કે રાહત નહીં આપે, ત્યાં સુધી આ ન્યાયિક આંદોલન અને બહિષ્કારનો કાર્યક્રમ યથાવત જારી રાખવામાં આવશે. આ અતાર્કિક પરિપત્રને તુરંત અસરથી રદ કરાવવા માટે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના તમામ 23 ચ ચૂંટાયેલા સભ્યો તેમજ રાજ્યના વિવિધ જિલ્લા વકીલ મંડળો દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલ સાહેબને લેખિતમાં આવેદનપત્ર આપીને વિગતવાર રજૂઆતો પણ કરી દેવામાં આવી છે. સુરત વકીલ મંડળના આ બે દિવસીય કામકાજના બહિષ્કારના કારણે સુરત અદાલત સંકુલના આશરે 30 થી 40 જેટલા કોર્ટરૂમોનું કામકાજ સંપૂર્ણપણે ઠપ્પ થઈ જવાની અને રોકાઈ જવાની પૂરેપૂરી શક્યતા છે. સામાન્ય રીતે સુરતની એક જ કોર્ટમાં રોજિંદા સરેરાશ 200 જેટલા નાના-મોટા કેસો લિસ્ટેડ થતા હોય છે, જેને પગલે બે દિવસ દરમિયાન હજારો કેસોની સુનાવણી અટકી જશે અને તેની સીધી પ્રતિકૂળ અસર રોજિંદા અદાલતી કામકાજ પર પડશે.

# 1800 કિમી દૂર ભીંડા-નારિયેળ પાણી વેચીને બે ઠગને દબોચાયા: બે મની મ્યુલ ખાતામાં 65 લાખના ટ્રાન્ઝેક્શન થયા હતા

**સુરત, તા.07**

સુરત સાયબર ક્રાઈમ સેલે ઝારખંડના ગિરિડીહ જિલ્લાના અંદરિયાળ વિસ્તારમાંથી બે મની મ્યુલ આરોપીઓને ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. સુરતથી આશરે 1,800 કિલોમીટર દૂર ગિરિડીહ પહોંચેલી પોલીસે આરોપીઓને શંકા ન જાય તે માટે ભીંડા અને નારિયેળ પાણી વિક્રેતા બનીને 4 દિવસ સુધી સઘન સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું.



આ ઓપરેશન દરમિયાન ઝારખંડના 29 વર્ષીય રૂપલાલ કન્હૈયાલાલ મંડલ અને 31 વર્ષીય મુકેશ કુમાર મંડલને સ્થાનિક 2 પોલીસ સ્ટેશનની મદદથી ગિરફ્તાર કરવામાં આવ્યા હતા. આ અગાઉ આ જ ગુનામાં સુરતના ઉધના વિસ્તારમાંથી મકાન દલાલી કરતા રાજેશ્વર સ્વાઈન અને બિરયાનીની દુકાન ધરાવતા જીયાઉર રહેમાનની પણ ધરપકડ કરવામાં આવી ચૂકી છે.

2 નવેમ્બર 2025ના રોજ અરજદારના ICICI બેંક ખાતામાંથી તેમની જાણ બહાર ટુકડે-ટુકડે કુલ રૂ 10,65,375.98ની રકમ ટ્રાન્સફર કરી લેવામાં આવી હતી. તપાસમાં બહાર આવ્યું કે, સાયબર ઠગો વ્હોટ્સએપ અથવા SMSથી નકલી APK ફાઈલ મોકલીને પીડિતના મોબાઈલનો સંપૂર્ણ કંટ્રોલ, OTP અને બેંકિંગ વિગતો મેળવી લેતા હતા. ત્યારબાદ આ રકમ મની મ્યુલ ખાતાઓમાં ટ્રાન્સફર કરી અલગ-અલગ રાજ્યોમાંથી ATM અથવા ચેક મારફતે રોકડ ઉપાડી લેવાતી હતી, જેથી મની ટ્રેઈલ પકડવી મુશ્કેલ બને.

ઝડપાયેલા આરોપીઓ પૈકી રૂપલાલ મંડલે પોતાના નામે 2 બેંક ખાતાં ખોલાવીને ATM કાર્ડ અને બેંક કિટ નાસતા-ફરતા આરોપીઓને પૂરી પાડી હતી. ખાતામાં આવતી ફ્રોડની રકમ રોકડમાં ઉપાડી આપવાના બદલામાં તેણે 3% કમિશન પેટે રૂ 1,52,000 મેળવ્યા હતા. જ્યારે બીજો આરોપી મુકેશ કુમાર મંડલ ફેસબુક મારફતે મુખ્ય સૂત્રધારોના સંપર્કમાં આવ્યો હતો. તે ખાતાધારકો પાસે રકમ ઉપડાવી મુખ્ય આરોપી સુધી પહોંચાડતો હતો અને કુલ રકમના 7% કમિશનમાંથી 3% ખાતાધારકને આપી બાકીના 4% પોતે રાખતો હતો.

આરોપીઓના HDFC અને Axis બેંકના ખાતાઓનું સ્ટેટમેન્ટ ચકાસતાં બંને ખાતાઓ મળીને કુલ રૂ.65 લાખથી વધુના શંકાસ્પદ નાણાકીય વ્યવહારો થયા હોવાનું ખુલ્યું છે, જેમાંથી મોટો ભાગ ગિરિડીહ ખાતેથી ATM અને ચેક મારફતે રોકડમાં ઉપાડી લેવામાં આવ્યો હતો. હાલ સુરત સાયબર ક્રાઈમ પોલીસ આ નેટવર્ક સાથે જોડાયેલા અન્ય નાસતા-ફરતા મુખ્ય આરોપીઓને ઝડપી પાડવા અને સમગ્ર નાણાકીય કડીઓ ઉકેલવા વધુ તપાસ ચલાવી રહી છે.

# સચિન GIDCમાં ત્રીજા માળેથી પટકાતાં મહારાષ્ટ્રના યુવકનું મોત, 3 બહેનોએ એકનો એક ભાઈ ગુમાવ્યો

**સુરત, તા.07**

સુરતના સચિન GIDCમાંથી એક કાળજું કંપાવી દે તેવી ઘટના સામે આવી છે. અહીં આવેલી એક એલ્યુમિનિયમ ફેક્ટરીમાં કામ દરમિયાન રાત્રિના સમયે બનેલી એક દુર્ઘટનામાં ત્રીજા માળેથી નીચે પટકાતાં એક ગરીબ શ્રમિક યુવકનું કરૂણ મોત નીપજ્યું છે. આગામી સમયમાં રક્ષાબંધનનો પવિત્ર તહેવાર આવી રહ્યો છે ત્યારે જ પરિવારના એકમાત્ર કમાઉ દીકરાનું અકાળે અવસાન થતાં પરિવાર પર આભ તૂટી પડ્યું છે.



મળતી માહિતી મુજબ, મૂળ મહારાષ્ટ્રના વતની અને હાલ સુરતના સચિન GIDC વિસ્તારમાં જ રહીને મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા રવિન્દ્ર રમેશ પાડવી નામનો યુવક રોજિંદા ક્રમ મુજબ ફેક્ટરીમાં ફરજ પર હતો. રાત્રિના સમયે એલ્યુમિનિયમ કંપનીના ત્રીજા માળે કામ કરતી વખતે અચાનક પગ લપસી જતાં કે સંતુલન ગુમાવતાં રવિન્દ્ર સીધો નીચે પટકાયો હતો. ત્રીજા માળેથી નીચે પટકાવાના કારણે તેને માથા તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર અને જીવલેણ ઈજાઓ પહોંચી હતી. ઘટના બનતાં જ આસપાસના સાથી કામદારોમાં અફરાતફરી મચી ગઈ હતી. બનાવ અંગે તુરંત જ યુવકના પરિવારજનોને જાણ કરવામાં આવી હતી. ઘટનાસ્થળે પહોંચેલા પરિવારજનો અને સ્થાનિકો તાત્કાલિક લોહીલુહાણ હાલતમાં રવિન્દ્રને સારવાર અર્થે નજીકની ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. પરંતુ, હોસ્પિટલના ફરજ પરના ડોક્ટરોએ પ્રાથમિક તપાસ બાદ તેને મૃત જાહેર કર્યો હતો. ત્યારબાદ તેને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. આ દુર્ઘટનાના સમાચાર મળતાં જ મૃતકના પરિવારજનોમાં આક્રંદ છવાઈ ગયો હતો. મૃતક રવિન્દ્ર રમેશ પાડવી પોતાના પરિવારનો એકમાત્ર આધારસ્તંભ હતો અને તે ત્રણ બહેનોનો એકનો એક ભાઈ હતો. થોડા જ દિવસોમાં ભાઈ-બહેનના પ્રેમનો પવિત્ર તહેવાર રક્ષાબંધન આવી રહ્યો છે.

# કામરેજને નગરપાલિકાનો દરજ્જો આપવા માગ: બેઠક યોજાઈ, 1 લાખથી વધુ વસ્તી છતાં સુવિધાઓનો અભાવ

**સુરત, તા.07**

સુરત જિલ્લાના કામરેજ તાલુકા મથકની ગ્રામ પંચાયતને નગરપાલિકાનો દરજ્જો આપવાની માંગ સાથે એક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કામરેજ વિસ્તારના મોટી સંખ્યામાં પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતા.

કામરેજ સરકારી શાળાના પટાંગણમાં ગત રાત્રે આયોજિત આ બેઠકમાં ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચ ઉપેન્દ્ર ઓઝા, માજી સરપંચ મનીષ આહીર, માજી સભ્ય મઘાભાઈ ભુવા, અગ્રણીઓ અશ્વિન ચીખલીયા, વનરાજ બારડ, જીગ્નેશ શાહ, મુકેશ કોઠારી, સુરેશ આહીર, માજી તાલુકા પંચાયત સભ્ય જે.ડી. કથીરીયા અને સતીશ પ્રજાપતિ સહિતનાઓએ કામરેજને અલગ નગરપાલિકાનો દરજ્જો આપવા અંગે પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા.



ગુજરાતની અગ્રણી અને વિશાળ ગ્રામ પંચાયતોમાં સ્થાન ધરાવતી કામરેજ ગ્રામ પંચાયત કુલ 18 વોર્ડમાં વિભાજિત છે. તેની વસ્તી 1 લાખથી વધુ અને અંદાજે 35 હજાર મતદારો છે. આ પંચાયત 4x4 કિલોમીટરના ભૌગોલિક વિસ્તારમાં ફેલાયેલી છે, જેમાં અંદાજે 200થી વધુ સોસાયટીઓ, 120 જેટલા એપાર્ટમેન્ટ્સ અને 10 જેટલા શોપિંગ મોલ આવેલા છે.

1 લાખથી વધુ વસ્તી ધરાવતી આ પંચાયતમાં માત્ર એક તલાટી, એક સહાયક તલાટી સહિત કુલ ચાર જેટલા કર્મચારીઓથી વહીવટ ચલાવવામાં આવે છે. દૈનિક અંદાજે 10 હજાર ટન સૂકા અને ભીના કચરાના નિકાલની કોઈ કાયમી વ્યવસ્થા નથી. આ ઉપરાંત, રોડ-રસ્તા, ગટર સફાઈ, વરસાદી પાણીનો કાયમી નિકાલ અને જાહેર માર્ગો પર રખડતા ઢોરો જેવી અનેક સમસ્યાઓ પ્રજાજનોને સતાવી રહી છે.

કામરેજના અગ્રણી અશ્વિન ચીખલીયાએ જણાવ્યું હતું કે, પ્રજાજનોને આવશ્યક સુવિધાઓ સરળ અને સુચારુ રીતે ઉપલબ્ધ થાય તે માટે કામરેજને નગરપાલિકાનો દરજ્જો મળે તે જરૂરી છે. આગામી સમયમાં સ્થાનિક અગ્રણીઓની ટીમ દ્વારા મુખ્યમંત્રીને રૂબરૂ મળીને આ અંગે લેખિતમાં રજૂઆત કરવામાં આવશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# અમેરિકામાં પહેલીવાર 'બર્થ ટુરિઝમ' પર રોક

## અહીં જન્મેલા વિદેશીઓના બાળકને નાગરિકતા નહીં મળે, ટ્રમ્પ બોલ્યા- બર્થરાઈટ સિટીઝનશિપ મજાક બની ગઈ હતી

વોશિંગ્ટન, તા.07



અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દેશમાં જન્મ લેતા બાળકોને આપમેળે મળતી નાગરિકતા એટલે કે 'બર્થરાઈટ સિટીઝનશિપ'ના વ્યાપને સીમિત કરવા અને તેને અટકાવવા માટે ફરી એકવાર આક્રમક કાનૂની અને પ્રશાસનિક પ્રયાસો શરૂ કર્યા છે. રાષ્ટ્રપતિએ સત્તાવાર રીતે જાહેરાત કરી છે કે તેમણે ઈમિગ્રેશન ક્ષેત્રે મોટા ફેરફારો કરવા માટે બે અત્યંત મહત્વપૂર્ણ કાર્યકારી આદેશો (એક્ઝિક્યુટિવ ઓર્ડર્સ) પર હસ્તાક્ષર કરી દીધા છે. આ આદેશો પૈકીનો પ્રથમ આદેશ અમેરિકાની ધરતી પર જન્મેલા એવા લોકોની સંખ્યા અને પાત્રતાને મર્યાદિત કરશે, જેઓ અત્યાર સુધી બંધારણીય જોગવાઈઓ હેઠળ સીધા જ અમેરિકી નાગરિકતા મેળવવાના હકદાર બનતા હતા.

ટ્રમ્પ પ્રશાસન દ્વારા જારી કરવામાં આવેલો બીજો કાર્યકારી આદેશ વિશેષરૂપે 'બર્થ ટુરિઝમ' પર આકરો લગામ લગાવવાના ઉદ્દેશ્યથી તૈયાર કરવામાં આવ્યો છે. આ નવા નિયમ અંતર્ગત એવા તમામ વિદેશી પ્રવાસીઓ પર વિઝા સંબંધિત કડક પ્રતિબંધો અને તપાસનો દાયરો વધારી દેવામાં આવશે, જેઓ મુખ્યત્વે અમેરિકામાં આવીને બાળકને જન્મ આપવા માંગે છે જેથી તેમના બાળકને જન્મતાની સાથે જ અમેરિકી પાસપોર્ટ અને નાગરિકતા મળી શકે. જોકે, આ આદેશોના વિગતવાર ટેકનિકલ પાસાઓ અંગે હજુ સંપૂર્ણ માહિતી સાર્વજનિક કરવામાં આવી નથી, પરંતુ રાષ્ટ્રપતિ ટ્રમ્પનું દ્રઢપણે માનવું છે કે આ વખતે તેમના દ્વારા લેવાયેલા આ કડક પગલાં સંપૂર્ણપણે બંધારણીય ધોરણોને અનુરૂપ છે અને તે અદાલતી પડકારો સમક્ષ ટકી શકશે.

અત્રે નોંધનીય છે કે આ અગાઉ પણ ટ્રમ્પ પ્રશાસન દ્વારા બર્થરાઈટ સિટીઝનશિપને સીમિત કરવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા, પરંતુ જૂન મહિનામાં અમેરિકાની સર્વોચ્ચ અદાલતે તે અગાઉના પ્રયાસોને ફગાવીને બર્થરાઈટ સિટીઝનશિપના અધિકારને યથાવત રાખ્યો હતો. તે સમયે સુપ્રીમ કોર્ટે ટ્રમ્પ સરકારના એ દાવાને રદબતલ કર્યો હતો જેમાં અમેરિકામાં ગેરકાયદેસર કે અસ્થાયી રૂપે વસવાટ કરતા લોકોના બાળકોને નાગરિકતાના અધિકારથી વંચિત રાખવાની માંગ કરાઈ હતી. કોર્ટે સ્પષ્ટ ચુકાદો આપ્યો હતો કે અમેરિકામાં અસ્થાયી કે ગેરકાયદેસર રીતે રહેતા વિદેશી નાગરિકોના બાળકો પણ દેશની ધરતી પર જન્મ લેવાના કારણે આપમેળે નાગરિકતા મેળવવાના કાયદેસર હકદાર બને છે. પોતાના આ નિર્ણયમાં સુપ્રીમ કોર્ટે ઐતિહાસિક 'યુનાઈટેડ સ્ટેટ્સ વિરુદ્ધ વોંગ કિમ આર્ક' કેસના ચુકાદાનો સંદર્ભ આપ્યો હતો.

બીજી તરફ, વ્હાઈટ હાઉસના વરિષ્ઠ સલાહકાર સ્ટીફન મિલરે આ નવા નીતિગત નિર્ણયનો બચાવ કરતા જણાવ્યું છે કે આ નવો એક્ઝિક્યુટિવ ઓર્ડર અમેરિકી બંધારણના 14મા સુધારાના મૂળ આશય અને આત્મા પર આધારિત છે. 14મો બંધારણીય સુધારો ખાસ કરીને અમેરિકી ગૃહ યુદ્ધ પછી એટલા માટે લાવવામાં આવ્યો હતો જેથી ગુલામોના બાળકોને સમાન નાગરિક અધિકારો મળી શકે, તેનો હેતુ દરેક વિદેશી નાગરિકના બાળકને આપોઆપ નાગરિકતા આપવાનો ક્યારેય નહોતો. તેમણે ઉમેર્યું કે રાષ્ટ્રપતિ કમાન્ડર-ઈન-ચીફ તરીકે પોતાની પાસે રહેલી વિશેષ સત્તાનો ઉપયોગ કરીને આવી નાગરિકતા માટે અયોગ્ય ગણાતા લોકોની કેટેગરીનો વ્યાપ વધારી રહ્યા છે.


આ નવા આદેશની બર્થ ટુરિઝમ અને ઈમિગ્રેશન સિસ્ટમ પર ખૂબ જ વ્યાપક અસર પડવાની પૂરેપૂરી શક્યતા છે. અમેરિકી કોન્સ્યુલર અધિકારીઓને હવે એવા વિઝા અરજીઓને નકારી કાઢવાની કે રદ કરવાની સત્તા આપવામાં આવી છે, જેમાં એવી શંકા હોય કે અરજદારનો અસલી હેતુ ફરવાને બહાને અમેરિકા જઈને બાળકને જન્મ આપવાનો છે. જો કોઈ વ્યક્તિ B-1/B-2 ટુરિસ્ટ વિઝા પર અમેરિકા જાય અને પાછળથી તેનો હેતુ ડિલિવરી કરવાનો હોવાનું સામે આવે, તો તેને 'વિઝા ફ્રોડ' ગણવામાં આવશે, જેના પરિણામે તે વ્યક્તિ પર અમેરિકા પ્રવેશવા માટે આજીવન પ્રતિબંધ લાદવામાં આવી શકે છે. આ આદેશ માત્ર પ્રવાસીઓ સુધી સીમિત નથી, પરંતુ વિદેશી રાજદ્વારીઓ, વિદેશી સરકારો માટે કામ કરતા લોબિસ્ટ્સ અને સરકાર દ્વારા 'એલિયન એનિમીઝ' ગણવામાં આવતા લોકોના બાળકોની નાગરિકતા પર પણ આની સીધી પ્રતિકૂળ અસર પડી શકે છે. આ ઉપરાંત 'બર્થ ટુરિઝમ'ને કમાણીનું સાધન બનાવતી કોમર્શિયલ એજન્સીઓ અને નેટવર્ક્સ સામે પણ કડક કાર્યવાહી હાથ ધરાઈ છે.

જોકે, આંકડાકીય દ્રષ્ટિએ જોઈએ તો ટ્રમ્પ પ્રશાસન જેને દેશ માટે બહુ મોટું જોખમ ગણાવી રહ્યું છે, તેની વાસ્તવિકતા થોડી અલગ છે. માઈગ્રેશન પોલિસી ઈન્સ્ટિટ્યૂટ (MPI) ના ડેટા દર્શાવે છે કે અમેરિકામાં દર વર્ષે જન્મ લેતા કુલ બાળકોમાંથી બર્થ ટુરિઝમનો હિસ્સો અત્યંત નગણ્ય છે. એક અંદાજ મુજબ દર વર્ષે 22,000 થી 26,000 જેટલા બાળકોના માતા-પિતા નાગરિકતા મેળવવાના આશયથી અમેરિકા પહોંચે છે, જ્યારે 2024ના સત્તાવાર સરકારી ચોપડે વિદેશી સરનામું ધરાવતી માતાઓ દ્વારા માત્ર 9,600 બાળકોના જન્મ જ નોંધાયા હતા. આમ છતાં, આ મુદ્દો અમેરિકી રાજકારણ અને ઈમિગ્રેશન નીતિમાં અત્યારે ભારે ચર્ચાનો વિષય બન્યો છે.

# ન્યૂ મેક્સિકો કોર્ટનો મેટા પર ₹5,390 કરોડનો દંડ: કહ્યું- બાળકોની સુરક્ષા નહીં, એન્ગેજમેન્ટ અને નફો પસંદ કર્યો

## 2 વર્ષ પછી વર્ચ્યુઅલ ભાષણ આપ્યું, કેમેરો બંધ હતો, બાંગ્લાદેશ સરકારે કહ્યું- દિલ્હીમાં બેસીને ઝેર ઓક્યું

આલ્બુકર્ક, તા.07




અમેરિકાના ન્યૂ મેક્સિકો રાજ્યની એક અદાલતે ટેક સેક્ટરની અગ્રણી કંપની મેટા પર 567 મિલિયન ડોલર એટલે કે ભારતીય ચલણમાં આશરે 5000 કરોડ રૂપિયાથી વધુનો સખત અને ઐતિહાસિક દંડ ફટકાર્યો છે. આ મહત્વપૂર્ણ આદેશ મેટાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સના કારણે બાળકો અને યુવાનોના માનસિક સ્વાસ્થ્ય પર પડી રહેલી અત્યંત ગંભીર અને નકારાત્મક અસરોને ધ્યાનમાં રાખીને જારી કરવામાં આવ્યો છે. અદાલતે આ નિર્ણય સંભળાવતી વખતે કંપનીની આર્થિક તેમજ સામાજિક જવાબદારી સ્પષ્ટપણે નક્કી કરી છે. વૈશ્વિક સ્તરે આ પહેલી એવી ઘટના છે જ્યારે કોઈ રાજ્યની અદાલતે આટલી મોટી ટેકનોલોજી કંપની વિરુદ્ધ બાળકોની સુરક્ષાને લઈને આટલી આકરી કાનૂની કાર્યવાહી કરી હોય. ગુરુવારે મોડી રાત્રે જારી કરવામાં આવેલા આ ચુકાદામાં જજ બ્રાયન બીડશેડે દંડની રકમનો વિશિષ્ટ ઉપયોગ દર્શાવતા જણાવ્યું હતું કે આ કુલ રકમમાંથી મોટો હિસ્સો એટલે કે 420 મિલિયન ડોલર જેટલી રકમ સોશિયલ મીડિયાની નકારાત્મક અસરોથી પીડાતા યુવાનોની માનસિક સારવાર અને કાઉન્સેલિંગ પાછળ ઉપયોગમાં લેવામાં આવશે. આ ઉપરાંત બાકી રહેતી રકમનો ઉપયોગ આગામી 5 વર્ષ સુધી સમાજમાં ડિજિટલ જાગૃતિ ફેલાવવા, માનસિક સમસ્યાઓના નિવારણ તેમજ પ્રાથમિક સ્ક્રીનિંગ સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે કરવામાં આવશે. મેટાના પ્રમુખ પ્લેટફોર્મ્સ જેવા કે ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક પર બાળકોની સુરક્ષા, તેમની ગોપનીયતા અને માનસિક સ્વાસ્થ્યને લઈને છેલ્લા ઘણા સમયથી વૈશ્વિક સ્તરે ગંભીર પ્રશ્નો ઊભા થઈ રહ્યા હતા, જેના આધારે કોર્ટે પોતાના આદેશમાં સ્પષ્ટ નોંધ્યું છે કે કંપનીના પ્લેટફોર્મ્સની યુવા પેઢી પર નુકસાનકારક અસર પહોંચી છે. આ સમગ્ર કાનૂની મુકદ્દમો ન્યૂ મેક્સિકોના એટર્ની જનરલ રાઉલ ટોરેસ દ્વારા દાખલ કરવામાં આવ્યો હતો. તેમના દ્વારા અદાલતમાં મજબૂત આરોપ મૂકવામાં આવ્યો હતો કે મેટાના ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક પ્લેટફોર્મ્સ બાળકો માટે બિલકુલ સુરક્ષિત નથી અને કંપનીએ જાણી જોઈને આ તમામ જોખમોને નજરઅંદાજ કર્યા છે. ફરિયાદમાં એવો પણ આરોપ લગાવાયો હતો કે કંપનીએ પોતાના અલ્ગોરિધમને એવી ચતુરાઈથી ડિઝાઈન કર્યા છે જેથી તે બાળકોને આ પ્લેટફોર્મ્સ પ્રત્યે એડિક્ટિવ એટલે કે લતગ્રસ્ત બનાવે છે. આ લતના પરિણામે નાના બાળકો અને યુવાનોમાં ગંભીર ડિપ્રેશન, ઈટિંગ ડિસઓર્ડર અને આત્મહત્યા જેવા ખતરનાક વિચારોનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી ગયું હતું. આ મામલો માત્ર માનસિક સ્વાસ્થ્ય સુધી સીમિત ન હતો, પરંતુ તેમાં એવો પણ સનસનાટીભર્યો આરોપ હતો કે મેટાના પ્લેટફોર્મ્સનો ઉપયોગ બાળ યૌન શોષણ અને માસૂમ બાળકોને ફસાવવા માટે થઈ રહ્યો હતો, અને આ જોખમો વિશે જાણ હોવા છતાં કંપનીએ કોઈ જ નક્કર અટકાયતી પગલાં લીધા ન હતા. અદાલતના આ આકરા આદેશ બાદ હવે મેટા પાસે આગળ કાનૂની વિકલ્પો અને પડકારો બંને ઊભા થયા છે. મેટાએ આ નિર્ણયને સ્વીકારવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે અને કંપનીએ જાહેરાત કરી છે કે તે આ દંડના આદેશ સામે ઉપલી અદાલતમાં અપીલ કરશે. કંપનીનો દાવો છે કે તેઓ પોતાના પ્લેટફોર્મ પર બાળકોની સુરક્ષા માટે સતત નવા ટેકનિકલ ફેરફારો અને કામગીરી કરી રહ્યા છે.

# અમેરિકા પરમાણુ નીતિ બદલી રહ્યું છે: ન્યુક્લિયર હથિયારો માત્ર ડરાવવા માટે નથી

## રશિયા-ચીન સાથે યુદ્ધ થયું તો નાના એટમ બોમ્બનો ઉપયોગ થશે

વોશિંગ્ટન, તા.07



વૈશ્વિક સ્તરે ચીન અને રશિયા સાથે સતત વધી રહેલા ભૌગોલિક-રાજકીય તણાવ અને યુદ્ધની આશંકાઓને ધ્યાનમાં રાખીને અમેરિકા પોતાની પરમાણુ નીતિમાં એક ખૂબ જ મોટો અને યુગપ્રવર્તક ફેરફાર કરવાની દિશામાં આગળ વધી રહ્યું છે. NBC ન્યૂઝ દ્વારા જાહેર કરવામાં આવેલા એક સનસનાટીભર્યા અહેવાલ અનુસાર, અમેરિકી સંરક્ષણ મંત્રાલય એટલે કે પેન્ટાગોન એક એવી નવી અને આક્રમક રણનીતિ પર ઝડપથી કામ કરી રહ્યું છે, જેમાં જરૂર પડ્યે વિશાળ વિનાશ વેરતા મોટા પરમાણુ હથિયારોની સાથે સાથે નાના કદના એટમ બોમ્બ એટલે કે 'ટેક્ટિકલ ન્યુક્લિયર વેપન્સ'નો ઉપયોગ કરવાનો વિકલ્પ પણ સત્તાવાર રીતે સામેલ કરવામાં આવશે. આ નીતિ હેઠળ, ભવિષ્યમાં યુદ્ધ જેવી સ્થિતિમાં દુશ્મન દેશોના ચોક્કસ સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવવા અથવા તો કોઈ સીમિત યુદ્ધ ક્ષેત્રમાં તાત્કાલિક જવાબી કાર્યવાહી કરવા માટે આ નાના પરમાણુ હથિયારોનો ઉપયોગ કરી શકાશે.

અમેરિકાની આ નીતિગત પરિવર્તન પાછળ પેન્ટાગોનના નીતિ પ્રમુખ એલ્બ્રિજ કોલ્બીનું મગજ કામ કરી રહ્યું છે, જેઓ આ નવી વ્યૂહરચનાનો મુસદ્દો તૈયાર કરી રહ્યા છે. તેમનું એવું મક્કમ માનવું છે કે હાલના સમયમાં યુદ્ધના સંજોગોમાં અમેરિકી રાષ્ટ્રપતિ પાસે કાં તો દેશોનો નાશ કરી દે તેવા મોટો પરમાણુ હુમલો કરવાનો અત્યંત આકરો વિકલ્પ હોય છે અથવા તો પછી કોઈ પણ પ્રકારની પરમાણુ જવાબી કાર્યવાહી ન કરવાનો લાચાર વિકલ્પ રહે છે. પેન્ટાગોન આ નવી રણનીતિ દ્વારા એક મધ્યમ માર્ગ શોધવાનો પ્રયાસ કરી રહ્યું છે, જેથી કરીને જો કોઈ દુશ્મન દેશ અમેરિકા કે તેના સાથી દેશો પર લશ્કરી દબાણ બનાવે, તો રાષ્ટ્રપતિ પાસે નાના પરમાણુ હથિયારોનો તકનીકી ઉપયોગ કરીને દુશ્મનને રોકવાનો અને તેને પાછળ ધકેલવાનો સચોટ વિકલ્પ ઉપલબ્ધ રહે. અમેરિકા પોતાની આ દાયકાઓ જૂની પરમાણુ નીતિ બદલવા પાછળનું મુખ્ય કારણ એ દર્શાવી રહ્યું છે કે ભવિષ્યમાં જો ચીન કે રશિયા સાથે સીધો લશ્કરી ટકરાવ ઊભો થાય, તો સુપ્રીમ કમાન્ડર તરીકે રાષ્ટ્રપતિ પાસે માત્ર સર્વનાશ નોતરતા મોટા પરમાણુ હુમલા જ નહીં પરંતુ નાના એટમ બોમ્બ વાપરવાની પણ કાયદેસરની સ્વતંત્રતા હોવી જોઈએ. અમેરિકી નિષ્ણાતોનું માનવું છે કે આ પ્રકારના વિકલ્પથી વિરોધી છાવણી પર બહુ મોટું આંકડાકીય અને માનસિક દબાણ ઊભું કરી શકાશે, જેનાથી યુરોપ અને એશિયા-પેસિફિક ક્ષેત્રમાં આવેલા અમેરિકાના તમામ સહયોગી મિત્ર દેશોની સુરક્ષા અને સાર્વભૌમત્વ વધુ મજબૂત અને પ્રભાવશાળી બનશે. જોકે, પેન્ટાગોનના આ સંભવિત નિર્ણયને લઈને આંતરરાષ્ટ્રીય સ્તરે અને પરમાણુ નિષ્ણાતોમાં ભારે ચિંતા અને ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. વૈશ્વિક સુરક્ષા નિષ્ણાતોનું કહેવું છે કે જો નાના એટમ બોમ્બને અમેરિકાની નિયમિત સૈન્ય યોજનાઓ અને યુદ્ધ રણનીતિનો એક ભાગ બનાવી દેવામાં આવશે, તો ભવિષ્યના યુદ્ધોમાં તેમના વાસ્તવિક ઉપયોગની આશંકા અને સંભાવનાઓ ખૂબ જ વધી જશે. આનાથી જોખમ એ ઊભું થશે કે કોઈ પણ સામાન્ય કે પરંપરાગત લશ્કરી યુદ્ધ ખૂબ જ ઝડપથી અને અજાણતા જ પૂરા પ્રમાણના ભયાનક પરમાણુ યુદ્ધમાં ફેરવાઈ શકે છે, જે સમગ્ર માનવજાત માટે વિનાશકારી સાબિત થઈ શકે છે. અહીં એ સમજવું જરૂરી છે કે 'ટેક્ટિકલ ન્યુક્લિયર હથિયારો' અથવા તો નાના એટમ બોમ્બ વાસ્તવમાં શું હોય છે. આ હથિયારો પરંપરાગત વિશાળ પરમાણુ બોમ્બની સરખામણીમાં ઓછી તીવ્રતા અને ક્ષમતા ધરાવતા હોય છે. તેને કોઈ આખા શહેર કે મોટો વસ્તી ધરાવતા વિસ્તારને નષ્ટ કરવા માટે નહીં, પરંતુ દુશ્મન દેશના ચોક્કસ સૈન્ય મથકો, એરબેઝ, બંકરો કે યુદ્ધના મેદાનમાં સીમિત વિસ્તારોમાં રહેલા નિશાનો પર જ સચોટ પ્રહાર કરવા માટે ખાસ ડિઝાઈન કરવામાં આવે છે.

# હૂતી ઉગ્રવાદીઓનો યમન અને સાઉદી અરેબિયા પર હુમલો: યમનના 58 સૈનિકોનાં મોત, સાઉદીમાં 11 ઘાયલ, અનેક જગ્યાએ આગ લાગી

યમન, તા.07

ઈરાન સમર્થિત હુતી ઉગ્રવાદીઓએ ગુરુવારે યમન અને સાઉદી અરેબિયામાં એકસાથે મોટા હુમલા કર્યા. યમનમાં સૈન્ય ઠેકાણાઓ પર બેલેસ્ટિક મિસાઈલ અને ડ્રોનથી હુમલો થયો છે. આમાં 58 સૈનિકોનાં મોત થયા અને ડઝનબંધ અન્ય ઘાયલ થયા. યમનના રક્ષા મંત્રાલયે કહ્યું કે આ હુમલાનો જવાબ યોગ્ય સમયે અને યોગ્ય જગ્યાએ આપવામાં આવશે.

બીજી તરફ સાઉદીના નજરનમાં થયેલા હુમલામાં 11 નાગરિકો ઘાયલ થયા. આમાં 7 સાઉદી નાગરિકો, એક યમની, બે મિસ્રી, એક પાકિસ્તાની નાગરિક અને 4 વર્ષનો એક બાળક સામેલ છે.

હુમલાઓ બાદ નજરનના ઘણા વિસ્તારોમાં આગ લાગી ગઈ, જેને બુઝાવવા માટે ફાયર બ્રિગેડ અને રાહત ટીમો તૈનાત કરવામાં આવી.


અમેરિકા-ઈરાન વચ્ચે હોર્મુઝ ડીલ જલ્દી શક્ય: APના રિપોર્ટ મુજબ, હોર્મુઝ સ્ટ્રેટને લઈને અમેરિકા અને ઈરાન વચ્ચે સમજૂતી જલ્દી થઈ શકે છે. ઈરાન-ઓમાન વચ્ચેનો મુસદ્દો અંતિમ તબક્કામાં છે. ટ્રમ્પે કહ્યું- ઈરાન પોતે વાતચીત કરવા માગે છે: ટ્રમ્પે દાવો કર્યો કે ઈરાને પોતે વાતચીતની પહેલ કરી છે અને બંને દેશો વચ્ચેની વાટાઘાટોમાં સારી પ્રગતિ થઈ છે. તેમના મતે, કરાર ઈરાન માટે શ્રેષ્ઠ વિકલ્પ હશે.

હોર્મુઝ અને બાબ-અલ-મંદેબમાં જહાજોની અવરજવર ઘટી: દરિયાઈ ટ્રેકિંગ ડેટા અનુસાર, હોર્મુઝ સ્ટ્રેટમાંથી બુધવારે માત્ર 2 જહાજ પસાર થયા, જ્યારે તણાવ પહેલા અહીં દરરોજ 130-140 જહાજ પસાર થતા હતા. બાબ-અલ-મંદેબમાં પણ શિપિંગ ટ્રાફિક સતત ઘટી રહ્યો છે.

હોર્મુઝમાં ટોલ લાગશે તો દુનિયામાં મોંઘવારી વધશે: દુનિયાના આઠ મોટા શિપિંગ સંગઠનોએ UN અને IMO ને અપીલ કરી છે કે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજો પર કોઈપણ પ્રકારનો ટોલ કે સર્વિસ ચાર્જ ન લગાવવામાં આવે. તેમનું કહેવું છે કે તેનાથી શિપિંગ મોંઘું થશે અને વૈશ્વિક મોંઘવારી વધશે.

લેબનોનમાં 2 ઈઝરાયલી સૈનિકોનાં મોત: દક્ષિણ લેબનોનમાં એક ઈમારતમાં થયેલા વિસ્ફોટમાં બે ઈઝરાયલી સૈનિકો માર્યા ગયા અને ચાર ઘાયલ થયા. આ પછી ઈઝરાયલે ઘણા વિસ્તારોમાં હવાઈ હુમલા કર્યા.

યમનના હુતી બળવાખોરોના તાજેતરના હુમલાઓ માત્ર ત્યાંના ગૃહયુદ્ધ પૂરતા મર્યાદિત નથી. ઈરાન અને અમેરિકા-ઈઝરાયલ વચ્ચે વધતા તણાવ સાથે હુતીઓ પણ હુમલાઓ તેજ કરી રહ્યા છે. આનું કારણ ઈરાન અને હુતીઓ વચ્ચે લાંબા સમયથી બનેલા સંબંધો છે. હુતી (અંસાર અલ્લાહ) યમનનું



શિયા બળવાખોર સંગઠન છે. 2014માં તેણે રાજધાની સના પર કબજો કરી લીધો હતો. ત્યારથી તે યમનની સરકાર અને સાઉદી નેતૃત્વવાળા ગઠબંધન સામે લડી રહ્યો છે. અમેરિકા અને તેના સહયોગી દેશોનો આરોપ છે કે ઈરાન હુતીઓને હથિયારો, ડ્રોન અને મિસાઈલ ટેકનોલોજી પૂરી પાડે છે. જ્યારે પણ અમેરિકા કે ઈઝરાયલ ઈરાન પર સૈન્ય દબાણ વધારે છે, ત્યારે હુતીઓ પોતાના હુમલાઓ તેજ કરી દે છે. આનો હેતુ વિરોધી દેશોને એકસાથે અનેક મોરચે વ્યસ્ત રાખવાનો હોય છે, જેથી ઈરાન પર પડતું દબાણ ઓછું કરી શકાય.

ઈરાન-અમેરિકા વચ્ચેનો તણાવ, હૂતી હુમલા અને રેડ સીમાં વણસતી પરિસ્થિતિ વચ્ચે ત્રણેય નેતાઓ પ્રાદેશિક સુરક્ષા અંગે રણનીતિ બનાવશે.

પાકિસ્તાન તાજેતરમાં જ રેડ સીમાં હૂતી હુમલાઓ સામે લડવા માટે સાઉદી અરેબિયાના નેતૃત્વ હેઠળ રચાયેલા નૌકાદળ ગઠબંધનમાં જોડાયું છે. આથી તેની ભૂમિકા હવે પહેલાં કરતાં વધુ મહત્વપૂર્ણ બની ગઈ છે.

આ બેઠકમાં સંરક્ષણ સહયોગ, સૈન્ય સંકલન અને દરિયાઈ સુરક્ષા વધારવા પર ચર્ચા થવાની શક્યતા છે. જોકે, કોઈ ઔપચારિક સંરક્ષણ સંધિ થાય તેવી શક્યતા ઓછી દર્શાવાઈ રહી છે.

સાઉદી અરેબિયા અને પાકિસ્તાન વચ્ચે રોકાણ, ઊર્જા અને વેપાર સહયોગ વધારવા અંગે પણ વાતચીત થશે. તુર્કીની હાજરીથી ત્રિપક્ષીય સહયોગ પર પણ વિશેષ ભાર રહેશે.

વર્ષ 2026માં શેહબાઝ શરીફની આ ત્રીજી સાઉદી મુલાકાત છે. આનાથી સ્પષ્ટ થાય છે કે પાકિસ્તાન પશ્ચિમ એશિયામાં સાઉદી અરેબિયા સાથેના પોતાના વ્યૂહાત્મક સંબંધોને વધુ મજબૂત કરવા ઈચ્છે છે.

યમનમાં હુતી બળવાખોરોના મિસાઈલ અને ડ્રોન હુમલામાં મૃત્યુઆંક વધીને 58 થયો છે. હુમલામાં ડઝનબંધ સૈનિકો પણ ઘાયલ થયા છે. જ્યારે, સાઉદી અરેબિયાના નજરન ક્ષેત્રમાં થયેલા હુમલામાં 4 વર્ષના બાળક સહિત 11 નાગરિકો ઘાયલ થયા છે. હુમલા બાદ નજરનના ઘણા વિસ્તારોમાં આગ લાગી ગઈ.

સાઉદી અરેબિયાના નજરાન વિસ્તારમાં ગુરુવારે ભીષણ આગ લાગી હતી. આગની જ્વાળાઓ અને ધુમાડાના ગોટેગોટા દૂર સુધી દેખાઈ રહ્યા હતા. હાલમાં આગ લાગવાનું કારણ અને નુકસાન અંગે કોઈ સત્તાવાર માહિતી સામે આવી નથી.

નજરાનમાં આગ લાગવાની જાણ થતાં જ ફાયર અને રાહત ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો ચાલુ છે. શિકાગો યુનિવર્સિટીના પ્રોફેસર રોબર્ટ પેપનું કહેવું છે કે ઈરાન સાથે ચાલી રહેલા યુદ્ધમાં ટ્રમ્પ એવા વળાંક પર પહોંચી ગયા છે, જ્યાં તેમની પાસે ફક્ત બે વિકલ્પો બચ્યા છે - કાં તો ઈરાનના વધતા પ્રભાવને સ્વીકારે અથવા પછી યુદ્ધને વધુ આગળ વધારે.


અલ જઝીરાને આપેલા ઈન્ટરવ્યુમાં પેપે કહ્યું કે અમેરિકાએ હવાઈ અને નૌકાદળના હુમલાઓથી કેટલીક સૈન્ય સફળતા ચોક્કસ મેળવી, પરંતુ તે પોતાના મોટા ઉદ્દેશ્યો પૂરા કરી શક્યું નહીં. તેમના મતે, યુદ્ધ પછી ઈરાન પહેલા કરતા વધુ મજબૂત બનીને ઉભર્યું છે. યમનમાં ઈરાન સમર્થિત હુતી વિદ્રોહીઓના મોટા હુમલા બાદ ગૃહયુદ્ધ ફાટી નીકળવાનો ખતરો વધી ગયો છે. હુતીઓએ પૂર્વીય યમનમાં સરકારી સેનાના ત્રણ સૈન્ય ઠેકાણાઓ પર મિસાઈલ અને ડ્રોનથી હુમલો કર્યો. આ વિસ્તાર સાઉદી સમર્થિત સરકારનો મજબૂત ગઢ માનવામાં આવે છે અને તેને તાજેતરના વર્ષોમાં હુતીઓની સૌથી મોટી સૈન્ય કાર્યવાહીઓમાં ગણવામાં આવી રહ્યો છે.

# થાઈલેન્ડમાં ધો. 9નાં વિદ્યાર્થીએ ઘરે દાદા-દાદીનું મર્ડર કર્યું: પછી સ્કૂલે આવીને ધડાધડ ફાયરિંગ કર્યું, 3 ટીચર અને 3 સ્ટુડન્ટનો જીવ લીધો

થાઈલેન્ડ, તા.07

થાઈલેન્ડની રાજધાની બેંગકોક નજીક એક અત્યંત હૃદયકાંપાઉ અને ભયાનક ગોળીબારની ઘટના સામે આવી છે, જ્યાં 9મા ધોરણમાં અભ્યાસ કરતા એક સગીર વિદ્યાર્થીએ પ્રથમ પોતાના જ ઘરમાં લોહીયાળ ખેલ ખેલ્યા બાદ શાળામાં પહોંચીને અંધાધૂંધ ફાયરિંગ કર્યું હતું. આ વિગતો અનુસાર, આ ચકચારી બનાવ નોંથાબુરી પ્રાંતમાં આવેલી જાણીતી ડેબસિરિન નોંથાબુરી શાળામાં બન્યો હતો. શાળાએ પહોંચતા પહેલા આ સગીર વિદ્યાર્થીએ પોતાના જ ઘરમાં પોતાના દાદા અને દાદીની ઘાતકી રીતે હત્યા કરી નાખી હતી. ત્યારબાદ તે સીધો શાળા પરિસરમાં પહોંચ્યો હતો અને વર્ગખંડો તરફ વધીને આડેધડ ગોળીબાર શરૂ કરી દીધો હતો. આ હિચકારા હુમલામાં શાળાના 3 શિક્ષકો અને 3 નિર્દોષ વિદ્યાર્થીઓ સહિત એકંદરે 6 લોકોના કરુણ મોત નિપજ્યા છે, જ્યારે અન્ય 15 જેટલા લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આ ગોળીબારમાં ઉપયોગમાં લેવાયેલી 9 એમએમ પિસ્તોલ વિદ્યાર્થીના દાદાની જ હતી, જેઓ વ્યવસાયે નિવૃત્ત શિક્ષક હતા. આ સનસનાટીભર્યા હુમલા બાદ આરોપી વિદ્યાર્થી પણ કોઈ કારણસર ગંભીર રીતે ઘાયલ થયો હતો, જેને તુરંત જ પોલીસ સુરક્ષા વચ્ચે સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. એક નાનકડા બાળકે શા માટે આટલું મોટું અને ક્રૂર પગલું ભર્યું તે અંગેનું ચોક્કસ કારણ હજુ સુધી સ્પષ્ટ થઈ શક્યું નથી અને પોલીસ તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને ઊંડાણપૂર્વક તપાસ ચલાવી રહી છે. આ કરુણ આઘાતજનક ઘટના અંગે થાઈલેન્ડના વડાપ્રધાને ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરી હતી અને તમામ ઘાયલોને તાત્કાલિક શ્રેષ્ઠ સારવાર આપવા તેમજ પીડિત પરિવારોને સરકાર તરફથી શક્ય તમામ આર્થિક અને માનસિક મદદ પૂરી પાડવાના આદેશો જારી કર્યા છે. હુમલાના પ્રત્યક્ષદર્શી વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ વિગતો આપતા જણાવ્યું હતું કે શાળામાં અચાનક જ ગોળીઓના ધડાકા સંભળાતા જ ચારેકોર ચીસાચીસ અને અફરાતફરીનો માહોલ સર્જાઈ ગયો હતો. જીવ બચાવવા માટે વિદ્યાર્થીઓ અને શિક્ષકો પોતાના



વર્ગખંડોમાં પૂરાઈ ગયા હતા અને દરવાજા અંદરથી બંધ કરી દીધા હતા. થોડીવાર પછી જ્યારે ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે દરવાજો ખખડાવીને ઓળખ આપી ત્યારે જઈને તેમને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. આ ઘટના બાદ સમગ્ર શાળા પરિસરમાં દહેશતનો વાતાવરણ છવાઈ ગયો હતો અને શાળાની બહાર પોતાના બાળકોની ચિંતામાં દોડી આવેલા વાલીઓ એકબીજાને સંભાળતા અને આંસુ સારતા નજરે પડ્યા હતા.

થાઈલેન્ડ માટે શાળાઓ અને જાહેર સ્થળોએ આ પ્રકારે ગોળીબાર થવો તે કોઈ નવી વાત નથી, ભૂતકાળમાં પણ આવી આઘાતજનક ઘટનાઓ અવારનવાર સામે આવતી રહી છે. ચાલુ વર્ષે જ ફેબ્રુઆરી મહિનામાં દક્ષિણ થાઈલેન્ડની એક પબ્લિક હાઈસ્કૂલમાં 17 વર્ષના એક વિદ્યાર્થીએ પોલીસકર્મી પાસેથી બંદૂક ચોરીને બે કલાક સુધી અંધાધૂંધ ફાયરિંગ કર્યું હતું, જેમાં એક વ્યક્તિનું મોત થયું હતું. આ ઉપરાંત વર્ષ 2023માં પણ બેંગકોકના એક જાણીતા અને ધમધમતા શોપિંગ મોલમાં માત્ર 14 વર્ષના છોકરાએ જનમેદની પર ગોળીબાર કરીને ચકચાર મચાવી દીધી હતી.

થાઈલેન્ડના કાયદા મુજબ સામાન્ય નાગરિકો આત્મરક્ષા, રમતગમત કે શિકાર જેવા નક્કર કારણો દર્શાવીને સરકાર પાસેથી વિધિવત લાયસન્સ મેળવીને જ હથિયાર રાખી શકે છે. લાયસન્સ વગર બંદૂક ખરીદવી કે પાસે રાખવી એ ગંભીર ગેરકાનૂની ગુનો છે. હથિયારનું લાયસન્સ આપતા પહેલાં સ્થાનિક પોલીસ અરજદારની ઉંમર, તેનો ગુનાહિત રેકોર્ડ, માનસિક સ્થિતિ અને બંદૂક રાખવાના કારણની ખૂબ જ ઝીણવટભરી તપાસ કરે છે. લાયસન્સ મળ્યા બાદ પણ હથિયારને માત્ર ઘરમાં જ રાખી શકાય છે અને તેને સાર્વજનિક સ્થળોએ સાથે લઈ જવા માટે અલગથી ખાસ પરમિટ લેવી પડે છે, જેના નિયમોમાં તાજેતરના વર્ષોમાં સરકારે ભારે કડકાઈ આચરી છે.

આ તાજેતરની ઘટનાની તપાસમાં પણ એ જ વાત સામે આવી છે કે આરોપી વિદ્યાર્થીએ પોતાના જ પરિવારના સભ્યની લાયસન્સવાળી બંદૂકનો ઉપયોગ કરીને આ ખૂની ખેલ ખેલ્યો હતો. આ ઘટના બાદ દેશમાં ફરી એકવાર એ ગંભીર સવાલ ઊભો થયો છે કે ઘરમાં રાખવામાં આવેલા કાયદેસરના હથિયારો બાળકો અને કિશોરોની પહોંચથી ખરેખર કેટલા સુરક્ષિત છે. વર્ષ 2022ના ડે-કેર સેન્ટર શૂટિંગ અને 2023ના મોલ શૂટિંગ પછી પણ આ વિષય પર દેશવ્યાપી મોટી ચર્ચા જાગી હતી. થાઈલેન્ડમાં લાયસન્સવાળા હથિયારોની સાથે સાથે બ્લેક માર્કેટમાં ગેરકાયદેસર હથિયારો પણ વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ છે, જેના કારણે સરકાર સમયાંતરે બેકગ્રાઉન્ડ ચેક અને હથિયારોના નિયંત્રણ માટેના કાયદા વધુ ને વધુ સખત બનાવવાની ફરજ પડી રહી છે.

## તંત્રી લેખ

# જેન-ઝી નામની મત બેન્ક બચાવવા ભાગવત મેદાનમાં

કોકરોચ જનતા પાર્ટીના આંદોલન સામે ઝૂકી જતા મોદી સરકારે ૧૨ વર્ષના ઈતિહાસમાં પહેલી વખત કોઈ મંત્રી પાસેથી રાજીનામું લેવાની ફરજ પડી હતી. આ આંદોલનમાં વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ તેમજ છેલ્લા કેટલાક વર્ષોથી સરકારની નીતિઓના કારણે જેન-ઝીમાં મોદી સરકાર પ્રત્યે નારાજગી વધી રહી છે. આવા સમયે જેન-ઝી નામની મત બેન્ક બચાવવા માટે હવે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ મેદાનમાં આવ્યું છે. આ કારણથી જ સંઘના વડા મોહન ભાગવતે ગુરુવારે જેન-ઝી અને જેન-આલ્ફા સાથે સંવાદ સાધ્યો હતો. ઉપરાંત આગામી સમયમાં પણ મોહન ભાગવત ૧૦૦ જેટલા શહેરોમાં યુવાનો સાથે સંવાદ સાધવાના છે. આ સંવાદનો મુખ્ય આશય આગામી ચૂંટણીઓમાં જેન-ઝી નામની મતબેન્ક ભાજપથી દૂર ના જાય તેમ માનવામાં આવે છે. જેન-ઝીન માટે જાહેરમાં નિવેદનો આપી જેન-ઝીના નવા નેતાઓને સરકાર સાથે તાલમલ કરાવવાનું પાછલા બારણે આયોજન કરાવાઈ રહ્યું છે તેવું દિલ્હીના પાવર કોરીડોરમાં ચર્ચાઈ રહ્યું છે. એક જમાનામાં જેમના પત્રકારત્વએ દેશભરમાં ચર્ચા જગાવી હતી એ તરૂણ તેજપાલ ફરીથી ચર્ચામાં છે. ૨૦૧૩માં એમના પર બળાત્કારની ફરિયાદ દાખલ થઈ હતી. જોકે ગોવાની નીચલી કોર્ટે એમને નિર્દોષ જાહેર કર્યા હતા. આ ચૂકાદા સામે ગોવા સરકાર હાઈકોર્ટમાં ગઈ હતી. હવે મુંબઈ હાઈકોર્ટની ગોવા બેંચે તરૂણ તેજપાલને દોષીત જાહેર કરીને ૧૦ વર્ષની સખત કેદની સજા જાહેર કરી છે. તરૂણ તેજપાલ પર આરોપ હતો કે એમના મેગેઝીનના એક કાર્યક્રમ દરમિયાન ગોવાની સેવન સ્ટાર હોટલની લીફટમાં એમણે જૂનિયર રીપોર્ટર સાથે બે વખત કુકર્મ કર્યું હતું. હાઈકોર્ટના ચુકાદા વખતે હાજર રહેલા તરૂણ તેજપાલે જજને વિનંતી કરી હતી કે એમની ઉંમર ૬૨ વર્ષની છે અને એમને પત્ની અને બે પુત્રીઓ હોવાથી એમના પર દયા રાખવામાં આવે. કોર્ટની બહાર નિકળીને એમણે પત્રકારોને કહ્યું હતું કે 'આ એક રાજકીય કાવતરુ છે અને સરજીલ ઈમામ અને ઉમર ખાલીદની જેમ મને પણ ખોટી રીતે ફસાવવામાં આવ્યો છે.' સુપ્રિમ કોર્ટે કહ્યું છે કે, ન્યાયીક અધિકારી એટલે કે ન્યાયાધીશો સરકારી કર્મચારી હોતા નથી, પરંતુ એક ખાસ વર્ગમાં એમની ગણના થાય છે. જિલ્લા જજોની નિવૃત્તીની ઉંમર ૬૦થી વધારીને ૬૨ કરવાના પ્રસ્તાવ પર ચર્ચા ચાલી રહી હતી. સીજેઆઈ સૂર્યકાંત, જસ્ટીસ જોય માલ્ય બાગચી અને જસ્ટીસ વી મોહનાની બેંચે આ વાત ત્યારે કરી કે જ્યારે કેટલીક રાજ્ય સરકારોએ આ બાબતે વિરોધ નોંધાવ્યો હતો. કોર્ટે ૨૨ જુલાઈએ હાઈકોર્ટોને કહ્યું હતું કે, ન્યાયાધીશોની નિવૃત્તી વય વધારવા બાબતે ચોક્કસ સમયમાં નિર્ણય કરે. જ્યાં હાઈકોર્ટ અને રાજ્ય સરકાર આ બાબતે સહમત થતા હોય ત્યાં ન્યાયાધીશોની નિવૃત્તી વય વધારવાની સહમતી આપે. કોર્ટે પોતાના હુકમમાં કહ્યું હતું કે ન્યાયાધીશો સરકારી કર્મચારી નથી. ભલે એમની નિમણૂક રાજ્ય સરકાર કરતી હોય.

શ્રીનગરમાં વિરોધ પ્રદર્શન કરતી વખતે રાષ્ટ્રીય ધ્વજનું અપમાન કરવાનો આરોપ પીપલ્સ ડેમોક્રેટીક પાર્ટી (પીડીપી)ના પ્રમુખ મહેબુબા મુફ્તી પર મુકાતા તેઓ મુશ્કેલીમાં મૂકાઈ ગયા છે. મહેબુબા સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગણી સાથે જમ્મુમાં પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. પક્કા ડંગા પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામાં આવેલી ફરિયાદમાં સામાજીક કાર્યકર્તા નિરજ શર્માએ મુફ્તી સામે કાયદાકીય કાર્યવાહી કરવાની માંગણી કરી છે. ભૂતપૂર્વ મુખ્યમંત્રી મુફ્તીએ શ્રીનગરમાં આવેલા પીડીપી કાર્યાલયની બહાર કેન્દ્ર સરકારે રદ કરેલા આર્ટીકલ ૩૭૦ને ફરી લાગુ કરવા દેખાવો કર્યા હતા. એ વખતે એમણે રાષ્ટ્રધ્વજ ઊંધો પકડયો હતો. આ પ્રસંગનો વીડિયો દેશભરમાં વાયરલ થયો હતો. ફરિયાદીનું માનવું છે કે, મહેબુબા મુફ્તીએ જાણી જોઈને ઝંડા પરનો કેસરી રંગ નીચે આવે એ રીતે પકડયો હતો. કોંગ્રેસના સાંસદ શશી થરૂર એમના બોલકા સ્વભાવ માટે જાણીતા છે. છેલ્લા કેટલાક સમયથી કોંગ્રેસ હાઈકમાન્ડ એમનાથી નારાજ રહે છે, કારણ કે થરૂર આડકતરી રીતે ભાજપના કેટલાક નિર્ણયને વખાણે છે.

**અમેરિકાના આવા હવાઈ હુમલા અને તેના જવાબમાં ઈરાન દ્વારા ખાડી દેશોમાં અમેરિકી સૈન્ય મથકો પર મિસાઈલ અને ડ્રોન દ્વારા હુમલા કરી રહ્યું છે. આ ઉપરાંત તે ખાડી દેશોના અન્ય મહત્ત્વની જગ્યાઓને પણ ટાર્ગેટ કરી રહ્યું છે. તાજેતરમાં જે રીતે તેમણે સાઉદીના જેબેલ બંદર ઉપર હુમલો કર્યો તેના પગલે દુનિયાભરના દેશોમાં ભયનું મોજું ફરી વળ્યું હતું : અમેરિકા જ્યારે ઈરાનની અંદરના સૈન્ય અને પરમાણુ મથકો પર બોમ્બમારો કરે છે**

# ટ્રમ્પની અણઘડ નીતિઓથી વૈશ્વિક અર્થતંત્ર ભડકે બળવાનો ભય

## ઈરાન ઉપર ક્યારેક હુમલા કરીને નાશ કરવાની તો ક્યારેક શાંતિ કરાર નક્કી થઈ ગયાની અવિચારી વાતો કરનાર ટ્રમ્પે ખાડી દેશોને સંકટમાં મુકી દીધા છે



અમેરિકાના આવા હવાઈ હુમલા અને તેના જવાબમાં ઈરાન દ્વારા ખાડી દેશોમાં અમેરિકી સૈન્ય મથકો પર મિસાઈલ અને ડ્રોન દ્વારા હુમલા કરી રહ્યું છે. આ ઉપરાંત તે ખાડી દેશોના અન્ય મહત્ત્વની જગ્યાઓને પણ ટાર્ગેટ કરી રહ્યું છે. તાજેતરમાં જે રીતે તેમણે સાઉદીના જેબેલ બંદર ઉપર હુમલો કર્યો તેના પગલે દુનિયાભરના દેશોમાં ભયનું મોજું ફરી વળ્યું હતું : અમેરિકા જ્યારે ઈરાનની અંદરના સૈન્ય અને પરમાણુ મથકો પર બોમ્બમારો કરે છે, ત્યારે ઈરાન તેનો સીધો જવાબ ખાડી દેશોમાં સ્થિત અમેરિકી સૈન્ય ઠેકાણાઓ પર હુમલા કરીને આપે છે. સાઉદી અરેબિયા, યુએઈ, કતાર, કુવૈત અને બહરીનમાં આવેલા યુએસ લશ્કરી થાણાઓ પર ઈરાન-સંબંધિત જૂથો દ્વારા મિસાઈલ અને ડ્રોન વડે હુમલા કરવામાં આવ્યા છે : અમેરિકાએ કાયમ ખાડી દેશોને છેતરવા સિવાય બીજું કોઈ કામ કર્યું નથી.

ગલ્ફ ક્ષેત્ર દાયકાઓથી વૈશ્વિક રાજકારણ, ઊર્જા સુરક્ષા અને આંતરરાષ્ટ્રીય વેપારનું હૃદય રહ્યું છે. પરંતુ તાજેતરના સમયમાં અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા સીધા લશ્કરી સંઘર્ષે આ વિસ્તારને એક વિશાળ યુદ્ધક્ષેત્રમાં ફેરવી દીધો છે. ઈરાનના ન્યૂક્લિયર કાર્યક્રમો રદ કરાવવાની જીદ સાથે શરૂ થયેલો આ વિવાદ હવે હોર્મુઝની ખાડી પર વર્ચસ્વ મેળવવાની સુધી પહોંચ્યો છે. બીજી તરફ આ વિવાદ એટલો વકરી ગયો છે કે તે હવે ગલ્ફ દેશોમાં આવેલા અમેરિકી લશ્કરી મથકો, તેલ રિફાઈનરીઓ અને મહત્વપૂર્ણ બંદરો સુધી પહોંચી ગયો છે.

અમેરિકા દ્વારા સમયાંતરે ઈરાનના વિવિધ સ્થાન ઉપર હવાઈ હુમલા કરવામાં આવે છે. તેમાંય ચિંતાજનક બાબત એવી છે કે, ટ્રમ્પનું કદાચ માનસિક સંતુલન હાલી ગયેલું હોય તેવા નિર્ણયો કરે છે. ટ્રમ્પ એક વખત આદેશ આપે છે કે, ઈરાનને નકશામાંથી જ નામશેષ કરી દો અને બે દિવસ પછી અચાનક હુમલા રોકીને કહે છે કે, ઈરાન સાથે વાટાઘાટો અંતિમ ચરણમાં છે ગમે ત્યારે શાંતિ કરાર પાર પડી જશે. ફરી એકાદ-બે દિવસ જાય અને ઈરાન ઉપર હુમલા કરાવી દે છે.

અમેરિકાના આવા હવાઈ હુમલા અને તેના જવાબમાં ઈરાન દ્વારા ખાડી દેશોમાં અમેરિકી સૈન્ય મથકો પર મિસાઈલ અને ડ્રોન દ્વારા હુમલા કરી રહ્યું છે. આ ઉપરાંત તે ખાડી દેશોના અન્ય મહત્ત્વની જગ્યાઓને પણ ટાર્ગેટ કરી રહ્યું છે. તાજેતરમાં જે રીતે તેમણે સાઉદીના જેબેલ બંદર ઉપર હુમલો કર્યો તેના પગલે દુનિયાભરના દેશોમાં ભયનું મોજું ફરી વળ્યું હતું. ઈરાનના મિસાઈલ અને ડ્રોન હુમલાઓએ વૈશ્વિક સમુદાયમાં ભારે ભય ફેલાવી દીધો છે. આ તણાવ વચ્ચે સઉદી અરેબિયા અને અન્ય ખાડી દેશોના વ્યૂહાત્મક બંદરો પર તાજેતરમાં થયેલા હુમલાઓએ સમગ્ર વિશ્વના અર્થતંત્ર અને સપ્લાય ચેઈનને હચમચાવી દીધી છે. આ સમગ્ર ઘટનાક્રમ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની અસ્થિર, અણધારી અને ઉતાવળી નીતિઓનું પરિણામ માનવામાં આવી રહ્યું છે, જેમણે વૈશ્વિક સ્તરે અરાજકતા અને અનિશ્ચિતતાનું વાતાવરણ ઊભું કર્યું છે.

ઉલ્લેખનીય છે કે, ભૌગોલિક દ્રષ્ટિએ હોર્મુઝની ખાડી એ ઓમાન અને ઈરાન વચ્ચે આવેલો એક અત્યંત સાંકડો દરિયાઈ માર્ગ છે. વિશ્વના કુલ દરિયાઈ ક્રૂડ ઓઈલ વેપારનો લગભગ ૨૦%થી ૨૫% હિસ્સો આ એક જ માર્ગ પરથી પસાર થાય છે. અમેરિકા અને ઈઝરાયેલના દબાણ સામે ઈરાન હોર્મુઝની ખાડીને પોતાના સૌથી મોટા હથિયાર તરીકે વાપરે છે. આ માર્ગને બ્લોક કરવાની અથવા વ્યાપારી જહાજો પર હુમલા કરવાની ધમકી આપીને ઈરાન વૈશ્વિક તેલના ભાવમાં ઉછાળો લાવવાની તાકાત ધરાવે છે. હાલમાં તેણે આ માર્ગ રોકીને સમગ્ર વિશ્વના શ્વાસ અદ્ધર કરેલા જ છે. બીજી તરફ અમેરિકા દ્વારા ઈરાની બંદરોની નાકાબંધી કરવાના પ્રયાસો થઈ રહ્યા છે અને તેના જવાબમાં ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડ્સ દ્વારા દરિયાઈ માર્ગો પર વાઈન અને મિસાઈલો ગોઠવવાથી વેપારી વાહનોની અવરજવર લગભગ ઠપ થઈ ગઈ છે. અમેરિકા જ્યારે ઈરાનની અંદરના સૈન્ય અને પરમાણુ મથકો પર બોમ્બમારો કરે છે, ત્યારે ઈરાન તેનો સીધો જવાબ ખાડી દેશોમાં સ્થિત અમેરિકી સૈન્ય ઠેકાણાઓ પર હુમલા કરીને આપે છે. સાઉદી અરેબિયા, યુએઈ, કતાર, કુવૈત અને બહરીનમાં આવેલા યુએસ લશ્કરી થાણાઓ પર ઈરાન-સંબંધિત જૂથો દ્વારા મિસાઈલ અને ડ્રોન વડે હુમલા કરવામાં આવ્યા છે. તાજેતરમાં સાઉદી અરેબિયાના રાતા સમુદ્ર સ્થિત યાનબુ બંદર અને ગલ્ફના અન્ય મહત્વપૂર્ણ લોજિસ્ટિક્સ હબ નજીક થયેલા હુમલાઓએ અરાજકતા મચાવી દીધી છે. સાઉદી અરેબિયાએ હોર્મુઝના બંધ થવાના કારણે પોતાના તેલ નિકાસનો મોટો હિસ્સો રાતા સમુદ્રના બંદરો તરફ વાળ્યો હતો, પરંતુ ત્યાં પણ હુમલા થતાં વૈશ્વિક તેલ પુરવઠો સંપૂર્ણપણે જોખમમાં મુકાઈ ગયો છે. આ હુમલાઓ માત્ર લશ્કરી મથકો પૂરતા સીમિત નથી રહ્યા, પરંતુ કુવૈત, ઈજિપ્ત અને સાઉદી અરેબિયામાં વિદેશી કંપનીઓની માલિકી ધરાવતી તેલ ટાંકીઓ અને વેરહાઉસ પણ તેની ચપેટમાં આવ્યા છે.

વાત વિચારવા જેવી એ છે કે, સંઘર્ષના આ તબક્કામાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ભૂમિકા સૌથી વધુ વિવાદાસ્પદ રહી છે. તેમની 'અમેરિકા ફર્સ્ટ' અને અત્યંત અણધારી વિદેશ નીતિએ મિત્ર અને શત્રુ બંને દેશોને ગુંચવણમાં મૂકી દીધા છે. તુંડમિજાજી ટ્રમ્પનું વલણ સતત બદલાતું રહે છે. એક દિવસ તેઓ ઈરાનને 'સંપૂર્ણ વિનાશ' અને ધપથ્થર યુગમાં ધકેલી દેવાનીધ ધમકી આપે છે, અને બીજા જ દિવસે અચાનક દાવો કરે છે કે ઈરાન સાથે ખૂબ સારી વાતચીત ચાલી રહી છે અને કરાર થવાનો છે. અમેરિકી લશ્કરી કમાન્ડરો અને સાથી દેશોને પણ ઘણીવાર ખબર નથી હોતી કે ટ્રમ્પનો આગળનો સ્ટેપ શું હશે. આ અસ્પષ્ટતાના કારણે ગલ્ફ પ્રદેશમાં સુરક્ષા વ્યવસ્થા જાળવવી મુશ્કેલ બની ગઈ છે. હોર્મુઝની ખાડીના વિવાદનો ઉકેલ લાવવા માટે નાટો અને ચીન સાથે પણ તેણે સંબંધો બગાડી નાખ્યા છે. હવે નાટો આ મુદ્દે અમેરિકાને મદદ કરવા તૈયાર નથી અને ચીન તો કરે તેમ જ નથી. તેના કારણે ગિન્નાયેલા ટ્રમ્પ મનમાં આવે તેવા નિર્ણયો કરીને સમગ્ર વિશ્વનો સોથ વાળવા મથી રહ્યા હોય તેમ દેખાય છે.

અમેરિકાએ કાયમ ખાડી દેશોનો છેતરવા સિવાય બીજું કોઈ કામ કર્યું નથી. એક તરફ ખાડી દેશોની આવક ડોલરમાં શરૂ કરાવી દીધી અને તેમની પાસે રોકાણ પણ ડોલરમાં જ કરાવી દીધું. આ ઉપરાંત ખાડી દેશોને અમેરિકી સૈન્ય બેઝ બનાવવા માટે પણ મનાવી લીધા અને તેના બદલે તેમને સુરક્ષા આપવાના ખોટા વાયદા પણ કરી લીધા. એવા ઘણા પ્રસંગ આવ્યા છે કે, અમેરિકાએ આપેલા વચનો પાળ્યા નથી અને ખાડી દેશોને સંકટમાં મુક્યા છે. ખાસ કરીને ડોનાલ્ડ ટ્રમ્પની તો કોઈ નક્કર વિદેશનીતિ જ નથી. તેણે ખાડી દેશોનો જીવ તાળવે ચોંટાડી દીધો છે. ટ્રમ્પની અણઘડ નીતિઓને પગલે ખાડી દેશો ઘણી વખત મુશ્કેલીમાં મુકાયા છે.

ઉલ્લેખનીય છે કે, ૨૦૧૫માં થયેલી ઐતિહાસિક ઈરાન પરમાણુ ડીલમાંથી ટ્રમ્પે પોતાના પ્રથમ કાર્યકાળ દરમિયાન અમેરિકાને બહાર ખેંચી લીધું હતું. આ નિર્ણયે આજના તમામ લશ્કરી તણાવનો પાયો નાખ્યો. ઈરાન પર લાદવામાં આવેલા કડક આથક પ્રતિબંધોએ ઈરાનને વધુ આક્રમક બનવા મજબૂર કર્યું. આ ઉપરાંત જાન્યુઆરી ૨૦૨૦માં બગદાદ એરપોર્ટ પર ઈરાનના ટોચના કમાન્ડર જનરલ કાસિમ સુલેમાનીની ડ્રોન હુમલામાં હત્યા કરવાનો ટ્રમ્પનો આદેશ ગલ્ફ પ્રદેશ માટે એક ટર્નિંગ પોઈન્ટ હતો. આ ઘટના પછી ઈરાને તેના પ્રોક્સી સંગઠનો (હૌથી, હિઝબુલ્લાહ, ઈરાકી મિલિશિયા)ને વધુ સક્રિય કર્યા, જેના પરિણામે આજે આખા ક્ષેત્રમાં પ્રોક્સી યુદ્ધ ફાટી નીકળ્યું છે. સૌથી મોટી છેતરપિંડી તો સુરક્ષાના વાયદા કરીને મરવાના વાંકે છોડી દેવાની છે.

અમેરિકાએ સાઉદી સહિત ખાડી દેશો સાથે ઘણી વખત આવું કર્યું છે. થોડા સમય પહેલાની જ વાત કરીએ તો ૨૦૧૯માં સાઉદી અરેબિયાની અરામકોની રિફાઈનરીઓ પર મોટા ડ્રોન હુમલા થયા ત્યારે ટ્રમ્પે સાઉદી અરેબિયાને લશ્કરી રક્ષણ આપવાનો ઈનકાર કરી દીધો હતો અને કહ્યું હતું કે 'આ સાઉદી પર હુમલો છે, અમેરિકા પર નહીં.' પરંતુ આજે જ્યારે પોતાના લશ્કરી મથકો પર હુમલા થાય છે, ત્યારે ટ્રમ્પ સાઉદી અને અન્ય ખાડી દેશોની ધરતીનો ઉપયોગ કરીને યુદ્ધને પ્રોત્સાહન આપી રહ્યા છે, જેનાથી આ દેશો ઈરાનના સીધા નિશાના પર આવી ગયા છે. હવે ઈરાન પણ અમેરિકાના વાંકે ખાડી દેશોનો સોથ વાળી રહ્યું છે. ખાડી દેશો ફસાઈ ગયા છે, તેઓ ઈરાનને સમજાવી શકે તેમ નથી અને અમેરિકાની વાત સમજાય એવી રહી નથી.

ગલ્ફ ક્ષેત્રમાં થઈ રહેલી આ અસ્થિરતાની અસર માત્ર મધ્ય પૂર્વ સુધી મર્યાદિત નથી, પરંતુ તેની અસર સમગ્ર વિશ્વ સાથે જોડાયેલી છે.

ટ્રમ્પની અકારણ આક્રમકતા અને અણઘડ નીતિઓના કારણે આજે ખાડી દેશો ભડકે બળે છે અને તેની ઝાળ દુનિયાભરના દેશોના અર્થતંત્ર સુધી પહોંચી ગઈ છે.

આજે ક્રૂડ ઓઈલ અને કુદરતી ગેસના ભાવ વધવાથી યુરોપ, એશિયા અને અમેરિકામાં પણ દૈનિક જરૂરિયાતની વસ્તુઓ મોંઘી થઈ ગઈ છે.

જહાજોને હોર્મુઝ અને લાલ સમુદ્ર ટાળવા માટે આફ્રિકાના 'કેપ ઓફ ગુડ હોપ' ફરીને જવું પડે છે, જેનાથી પરિવહન સમયમાં ૧૫થી ૨૦ દિવસનો વધારો થાય છે અને ભાડાં બેગણા થઈ ગયા છે. ખાસ કરીને ભારત, ચીન, જાપાન અને દક્ષિણ કોરિયા જેવા દેશો પોતાના ક્રૂડની આયાત માટે ગલ્ફ પર ભારે નિર્ભર છે. આ સંકટથી આ દેશોના આથક વિકાસ દરને મોટો ફટકો પડયો છે.

જાણકારો માને છે કે, ગલ્ફ ક્ષેત્રમાં આજે જે ભયાનક પરિસ્થિતિનું નિર્માણ થયું છે, તે માત્ર બે દેશો વચ્ચેની પરંપરાગત દુશ્મનાવટ નથી.

આ એક એવી વૈશ્વિક અરાજકતા છે જ્યાં કોઈ નિયમો કે કાયદા કામ કરી રહ્યા નથી. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની અણધારી વ્યૂહરચના, રાજદ્વારી પરિપક્વતાનો અભાવ અને એકતરફી નિર્ણયોએ સ્થિતિ સુધારવાને બદલે વધુ વણસી છે. સંયુક્ત રાષ્ટ્ર (યુ.એન.) કે સાથી દેશોની સલાહ લીધા વગર યુદ્ધ અને શાંતિના નિર્ણયો મિનિટોમાં બદલવાની તેમની આદતે વિશ્વને એક અત્યંત અસુરક્ષિત સ્થિતિમાં લાવીને મૂકી દીધું છે.

જો અમેરિકા અને ઈરાન તાત્કાલિક ધોરણે કાયમી યુદ્ધ વિરામ અને જવાબદાર રાજદ્વારી વાટાઘાટો તરફ નહીં વળે, તો હોર્મુઝ અને ગલ્ફ બંદરો પર સળગતી આ આગ સમગ્ર વિશ્વના અર્થતંત્રને ભડકે બાળશે.

# નવધા ભક્તિના પ્રકાશમાં અશાંતિની વચ્ચે અંતરની શાંતિ આધુનિક જીવનનું ચિંતન



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

ચાતુર્માસના તપ ધ્યાન આરાધના ઉપાસનાના દિવસોમાં જોઈએ તો આજના સમયમાં માણસ પાસે સમયની ખોટ નથી, ધ્યાનની ખોટ છે.મોબાઈલની ઘંટડી,સમાચારની દોડ, કામની ચિંતા અને સમાજમાં પોતાની છબી સાચવવાના ભાર વચ્ચે આપણે પ્રાર્થના કરીએ છીએ, પણ પ્રાર્થના અંદર ઉતરતી નથી. આપણે કથા સાંભળીએ છીએ, પણ સાંભળ્યા પછી તેને જીવતા નથી.પરિણામે ભક્તિ એક વિધિ બનીને રહી જાય છે. સનાતન પરંપરાએ ભક્તિને નવ અંગમાં વહેંચી છે.તેને જ નવધા ભક્તિ કહે છે. શ્રવણ, કીર્તન, સ્મરણ પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન.આ નવેપગથિયાં એકબીજા સાથે જોડાયેલા છે. એક અંગ પણ તૂટે તો ભક્તિનો મહેલ ડગમગી જાય છે. આજે આપણે ખાસ કરીને પહેલા ત્રણ અંગ અને અર્ચન- વંદનની આસપાસ વિચાર કરીએ. સાથે એ પણ સમજીએ કે કળિયુગમાં જ્યારે જ્ઞાન અનેવૈરાગ્ય નબળા પડી ગયા છે, ત્યારે શાંતિ ક્યાં મળશે? બહારની દુનિયામાં કે અંદરની ચેતનામાં?

શ્રવણ સાંભળવું પૂરતું નથી, મનન જરૂરી છે,ભક્તિનું પહેલું પગથિયું શ્રવણ છે. કથા સાંભળવી. સંતોની વાણી સાંભળવી. શાસ્ત્રનો પાઠ સાંભળવો. કથા સાંભળવાથી પાપ બળે છે એવું શાસ્ત્ર કહે છે. પરંતુ માત્ર કાનથી સાંભળવાથી કામ પૂરું નથી થતું.સાંભળ્યું હોય તેનું મન કરવું પડે. મનન એટલે તે વિચારને ઘરમાં લાવીને રસોડામાં,ઓફિસમાં, સંબંધોમાં ચાખવો.મેં જે સાંભળ્યું તે આજે ક્રોધમાં કામ આવ્યું કે નહીં? લોભમાં કામ આવ્યું કે નહીં? જો ન આવ્યું તો સાંભળવું છિન્નભિન્ન થઈ ગયું.આપણે કલાકો સુધી કથા સાંભળીએ છીએ,પછી બહાર નીકળીને પહેલી જ ટ્રાફિકમાં હોર્ન મારીએ છીએ. કારણ સ્પષ્ટ છે: શ્રવણ થયું, પણ મનન ન થયું. અને મન વિના શ્રવણ મુક્તિ આપી શકતું નથી. મુક્તિ માટે સાંભળેલાને જીવનમાં ઉતારવું પડે. જેટલું ઉતાર્યું તેટલું જ ખરેખર સાંભળ્યું કહેવાય.

કીર્તન:નામ લેવું, પણ નિષ્કામ ભાવે બીજું અંગ કીર્તન. ઈશ્વરના નામનું ગાન.તુલસીદાસજી કહે છે,'હું કથા મારા સુખ માટે કરું છું. બીજાને શું મળે તે મને ખબર નથી, પણ મારા મનને આનંદ મળે છે તેથી કરું છું.' આ નિષ્કામ ભાવ છે.

આજે કીર્તનભક્તિ સૌથી વધુ બગડી છે. કારણ ધનનો લોભ તો માણસ ક્યારેક છોડી દે, પણ કીર્તિનો મોહ છોડવો બહુ કઠિન છે. સ્ટેજ પર તાળીઓ મળે, વિડિયો વાયરલ થાય, લોકો 'વાહ' કહે એની ઈચ્છા જ્ઞાનીને પણ પજવે છે. સાચો જ્ઞાની તો માનથી ડરે છે અને અપમાનને પ્રસાદ માને છે. કારણ તે જાણે છેકે માન મળે એટલે અહંકાર જાગે,અને અહંકાર જાગે એટલે ભક્તિ સુકાય.

કથા-કીર્તનની સાચી ઓળખ એ છે કે ત્યાં બેઠા બેઠા જગત ભુલાઈ જાય. પણ આપણે માળા લઈને બેસીએ ત્યારે જ દુનિયાના બધા વિચારો યાદ આવે. બિલ ભરવાનું, મેસેજનો જવાબ આપવાનો,સગા નો ફોન. એટલે સંતો કહે છે: કથામાં બેસો ત્યારે એક જ ભાવના રાખો, 'હું મારા શ્રીકૃષ્ણના ચરણમાં છું. 'બાકી બધું બારણા બહાર મૂકીને આવો.

વંદન: હુંપણું ગળાવવાની સાધના નરસિંહ મહેતાએ વૈષ્ણવનું લક્ષણ બહુ સરળ શબ્દોમાં કહ્યું: 'વૈષ્ણ વજન તો તેને કહીએ જે સકલલોક માં સહુને વંદે.'વંદન કરનાર વૈષ્ણવ. વંદન માગનાર નહીં.વંદનનો અર્થ માત્ર નમવું નથી.વંદનનો અર્થ છે સર્વમાં ઈશ્વર જોવો ઓફિસમાં બોસમાં, ઘરમાં સાસુમાં, રસ્તા પર ભિખારીમાં પણ એ જ પરમાત્માનો અંશ જોવો. જ્યાં વંદન છે ત્યાં વિરોધ નથી. જ્યાં હુંપણું છે ત્યાં ભક્તિ નથી. હુંપણું એટલેઅભિમાન અને અભિમાન આવે કે તરત વંદન ભક્તિનો નાશ થાય.

આજે સોશિયલ મીડિયાના યુગમાં આપણે લાઈક અને કોમેન્ટના રૂપમાં વંદન માગીએ છીએ. 'મને વખાણો' એ જ અહંકારનું નવું સ્વરૂપ છે. જ્યાં સુધી 'હું' મોટો છે ત્યાં સુધી ઈશ્વર નાનો થઈ જાય છે.

અર્ચન: દેહની પૂજા કે દેવની સેવા?ચોથું અંગ અર્ચન.ઠાકોરજીની પૂજા સેવા. પણ આજે વિપરીત થયું છે. લોકો દેહની પૂજા બહુ કરે છે. નવા સાબુ,નવાક્રીમ,નવા કપડા,જીમ, ફોટા માટે એંગલ. શરીરને શણગા રવામાં આખો દિવસ જાય છે. પછી ઠાકોરજી માટે સમય ક્યાંથી મળે?

સંતો હસીને કહે છે:બજારમાં અનેક પ્રકારના સાબુ આવ્યા છે, પણ તેનાથી ચામડીનો રંગ નહીં સુધરે. જો રંગ સુધારવો હોય તો ભક્તિનો સાબુ લગાવો. અંદરનો રંગ ઉજળો થશે. એ જ સાચો રંગ છે. જ્યારે દેહપૂજા વધી ત્યારે દેવસેવા ગઈ. અને જ્યારે દેવસેવા ગઈ ત્યારે જીવ ઈશ્વરથી વિમુખ થયો.બુદ્ધિનો અતિરેક થાય, તર્ક-વિતર્ક વધે, એટલે ભક્તિના ટુકડા થઈ જાય.

જ્ઞાન અને વૈરાગ્ય:ભક્તિનાં બે બાળકો ભક્તિનાં બે બાળકો છે: જ્ઞાન અને વૈરાગ્ય.જ્ઞાન વિના ભક્તિ આંધળી બને, અને વૈરાગ્ય વિના ભક્તિ વિષયોમાં ફસાય.પણ કળિ યુગની વિશેષતા એ છે કે અહીં જ્ઞાન અને વૈરાગ્ય વૃદ્ધ થયા છે, એટલે કે નબળા પડી ગયા છે. જ્ઞાન પુસ્તકોમાં પુરાઈ ગયું. વેદની ભાષા ગૂઢ છે, અર્થ સમજાતો નથી. માત્ર પારાયણ કરવાથી મૂર્છા નથી ઉતરતી. સ્મશાનમાં ચિતા જોઈને, કે દુ:ખ ભોગવ્યા પછી થોડો સમય માટે વૈરાગ્ય આવે છે. પણ તે ટકતું નથી. કારણ તે વિવેક વગરનું છે. વિષય ભોગવ્યા પછી જે અરુચિ આવે તે વૈરાગ્ય નથી, તે થાક છે.

નારદજીએ કહ્યું કે હું ભક્તિનો પ્રચાર કરીને જ્ઞાન-વૈરાગ્યને જગાડીશ. અને કળિયુગનો ઉપાય પણ એ જ છે: શ્રીકૃષ્ણની કથા અને શ્રીકૃષ્ણનું કીર્તન. આ બેથી જ હૃદયરૂપી વૃંદાવનમાં જ્ઞાન-વૈરાગ્યની ચેતના પાછી આવે છે.આપણું હૃદય જ વૃંદાવન છે.ત્યાં જો કથા-કીર્તન નો વાસ થાય તો મૂર્છા ઉતરી જાય.

રાજા અને બે ચિત્રો:શાંતિની સાચી વ્યાખ્યા એક રાજાને ચિત્રકામનો શોખ હતો. તેણે જાહેરાત કરી કે જે કલાકાર 'શાંતિ' દર્શાવતું શ્રેષ્ઠ ચિત્ર બનાવશે તેને ઈનામ મળશે.

પુરસ્કારના દિવસે બે ચિત્રો પસંદ થયા.પહેલું ચિત્ર:એકદમ શાંત તળાવ સ્વચ્છ પાણી. હિમાલયનું પ્રતિબિંબ. આકાશમાં સફેદ વાદળા જોનારને લાગે કે આનાથી શાંત બીજું શું હોય?

બીજું ચિત્ર: ઉજ્જડ પર્વતો. કાળા વાદળા. વીજળીના ચમકારા. પૂરથી છલકાતી નદી. પવનથી હાલતા વૃક્ષો. ધોધનો ઘુઘવાટ. આને જોઈને કોઈ કહે કે આમાં શાંતિ ક્યાં? બધાને લાગ્યું કે પહેલું ચિત્ર જીતશે. પણ રાજાએ ઈનામ બીજા ચિત્રને આપ્યું. બધા ચોંકી ગયા.

# જીવનયાત્રામાં બાધક બનતી વૃત્તિનું નામ કબંધ છે! અને હરિ દર્શન વગર જેનાથી મુક્તિ શક્ય નથી



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. સમગ્ર ગુજરાતમાં અષાઢમાં બારે મેઘ ખાંગા થયાં, અને હવે અષાઢ સમાપ્તિને આરે છે. રવિવારે 9/8 નાં રોજ અષાઢ વદ એકાદશી છે, અને આપણી હિન્દુ સંસ્કૃતિમાં એકાદશીનું ખૂબ મહત્વ છે,તો આપણને વિચાર આવે કે એકાદશીને આટલું મહત્વ શું કામ અપાયુ છે! અને સદગુરુ કૃપા એ ચિંતન કરીએ તો દરેક જીવ પાસે દસ કર્મેન્દ્રિયો અને અગિયારમી ઈન્દ્રિય તરીકે મન છે! અને એમાં કળિકાળે મન સૌથી વધુ કાર્યરત છે! એટલે એમ કહી શકાય કે અગિયારમી ઈન્દ્રિય મનનાં કહેવાં પ્રમાણે બાકીની દસે કર્મેન્દ્રિયો સંસાર રુપી વનમાં વિચરે છે, અથવા તો ઈન્દ્રિયને ગાય સાથે સરખાવીએ તો, સંસાર રુપી વનમાં ચરે છે, એમ કહી શકાય! હવે આ દસે કર્મેન્દ્રિયો આડી અવળી જગ્યાએ ન જાય, અથવા માર્ગ ભટકી જાય નહીં, એની માટે મનનું જાગૃત હોવું બહુ જરૂરી છે, અને એટલે જીવની જાગૃતિ માટે એકાદશીનું મહાત્મ્ય બતાવ્યું છે! પ્રથમ તો મન પર સંયમ બની રહે, એ માટે હરિ સ્મરણ અને હરિ સંકિર્તનનું મહત્વ છે. ઉપવાસ એ બીજી પ્રાથમિકતામાં આવે છે, કારણ કે ઉપવાસમાં ફરાળને નામે પણ કેટલુંય હોય છે! એટલે એમ સંયમ થવો એ કઠિન છે. અષાઢ વદ એકાદશીનેકામિકા એકાદશી કહેવામાં આવે છે.આ દિવસે ભગવાન વિષ્ણુની પૂજા થાય છે. આ વ્રત કરવાથી પાપ નાશ પામે છે, અને પુણ્ય મળે છે. આ પવિત્ર એકાદશીને હિંદુ ધર્મમાં મોક્ષ અને શાંતિ આપનાર માનવામાં આવે છે.ભક્ત આ દિવસે મન તથાં અન્ય ઈન્દ્રિયોનાં સંયમ માટે ઉપવાસ કરે છે. પરંતુ અહીં ઉપવાસ એટલે અન્ન ત્યાગ નથી, ઉપ + વાસ એટલે કે ઉપરવાળા હરિ સંગે વાસ કરવાનો છે, અને એથી આ ખાવું! આ પીવું! એમ ભોગમાં અટવાઈ જવાય નહીં માટે અન્ન ત્યાગનું મહત્વ છે. આ ઉપરાંત વિષ્ણુ સહસ્ત્રનામનો પાઠ કરવામાં આવે છે, અને રાત્રીએ જાગરણનું વિશેષ મહત્ત્વ છે. કામિકા એકાદશીએ વિષ્ણુનાં શ્રીધર સ્વરૂપની પૂજા કરવામાં આવે છે,આ કથા સાંભળવાથી વાજપેય યજ્ઞ જેવું ફળ મળે છે.તો આ છે આ એકાદશી કરવાનું મહાત્મ્ય. કામિકા એકાદશી પાછળની પૌરાણિક કથા શું છે? એવો જ્યારે યુધિષ્ઠિરે ભગવાન શ્રીકૃષ્ણને પ્રશ્ન કર્યો, ત્યારે એમણે જણાવ્યું કે બ્રહ્માએ આ કથાનક નારદ મુનિને કહ્યું હતું! કે પ્રાચીન સમયમાં એક ગામમાં એક બળવાન જમીનદાર ક્ષત્રિય રહેતો હતો. એક દિવસ કોઈ કારણસર તેને ગામનાં એક બ્રાહ્મણ સાથે ઝઘડો થઈ ગયો. ક્રોધમાં આવીને ક્ષત્રિયના હાથે બ્રાહ્મણની હત્યા થઈ ગઈ. પોતાનાં હાથે બ્રહ્મહત્યાનું પાપ થતાં ક્ષત્રિય ખૂબ જ દુ:ખી થયો.તે બ્રાહ્મણોનાં અંતિમ સંસ્કાર કરવા માંગતો હતો,પરંતુ અન્ય બ્રાહ્મણોએ તેને તેમ કરવા દીધું નહીં, અને તેને સભામાંથી બહાર કાઢી મૂક્યો. બ્રાહ્મણોએ તેને કહ્યું કે જ્યાં સુધી તું બ્રહ્મહત્યાનાં પાપમાંથી મુક્ત નહીં થાય, ત્યાં સુધી તારાં હાથનું ભોજન અમે સ્વીકારીશું નહીં, અને તારાં ઘરનાં કોઈ પ્રસંગે બ્રાહ્મણો આવશે નહીં. ક્ષત્રિયે ખૂબ જ પસ્તાવો કર્યો અને એક પૂજ્ય ઋષિ પાસે જઈને આ પાપમાંથી મુક્તિ મેળવવાનો ઉપાય પૂછ્યો. ઋષિએ તેને જણાવ્યું કે અષાઢ મહિનાના વદ પક્ષની કામિકા એકાદશીનું વ્રત કર. પૂર્ણ શ્રદ્ધાથી ભગવાન વિષ્ણુની પૂજા કર અને રાત્રે જાગરણ કર. આ વ્રતનાં પ્રભાવથી તારું પાપ નષ્ટ થઈ જશે. ઋષિનાં કહેવાં પ્રમાણે ક્ષત્રિયે આ વ્રત રાખ્યું. રાત્રે જ્યારે તે ભગવાનની મૂર્તિ પાસે સૂતો હતો, ત્યારે તેને સ્વપ્નમાં ભગવાન વિષ્ણુના દર્શન થયા. ભગવાને પ્રસન્ન થઈને કહ્યું, હે ક્ષત્રિય! તારા વ્રત અને ભક્તિથી હું અત્યંત પ્રસન્ન છું. તારું બ્રહ્મહત્યાનું પાપ દૂર થાય છે.' આ રીતે કામિકા એકાદશીના વ્રતથી તે ક્ષત્રિય પાપમુક્ત બન્યો. ઉપર આપણે જોયું કે આ એકાદશી કરનારને વાજપેય યજ્ઞનું ફળ મળે છે! રાજસૂય યજ્ઞ અને અશ્વમેઘ યજ્ઞ વિશેની જાણકારી હોય, પણ શાસ્ત્રો વાજપેય યજ્ઞને આ બંને યજ્ઞ કરતાં પણ ઉપરની શ્રેણીમાં મુકે છે! વાજપેય યજ્ઞ એ વૈદિક કાળનો એક અત્યંત મહત્વપૂર્ણ અને ભવ્ય યજ્ઞ છે. હિન્દુ ધાર્મિક ગ્રંથોમાં તેનું વિશેષ સ્થાન છે. 'વાજ' એટલે અન્ન અથવા શક્તિ, અને 'પેય' એટલે સોમરસ અથવા પેય પદાર્થ. આ યજ્ઞ અન્ન, સમૃદ્ધિ અને શક્તિ મેળવવા માટે કરવામાં આવતો હતો. આ યજ્ઞ મુખ્યત્વે રાજાઓ એટલે કે ક્ષત્રિયો અથવા ઉચ્ચ કોટિનાં બ્રાહ્મણો દ્વારાં જ કરવામાં આવતો હતો. આ યજ્ઞ દરમિયાન રથ દોડનું આયોજન થતું હતું, જેમાં જે રાજાનો રથ વિજેતા બનતો, તે તેની સર્વોપરી સત્તા દર્શાવતો હતો. હિન્દુ શાસ્ત્રો મુજબ આ યજ્ઞ કરવાથી વ્યક્તિને પૃથ્વી પર અપાર કીર્તિ, સમૃદ્ધિ અને મૃત્યુ પછી સ્વર્ગલોકની પ્રાપ્તિ થાય છે. કામિકા એકાદશીનું વ્રત રાખવાથી આ મોંઘા અને કઠિન યજ્ઞ સમાન પુણ્ય સામાન્ય સંસારીને ઘરે બેઠાં મળી જાય છે. સદગુરુ કૃપાએ આ યજ્ઞ વિશે આધ્યાત્મિક ચિંતન કરીએ તો! આ યજ્ઞ માત્ર વૈદિક કર્મકાંડ નથી, પણ અંતે તો દરેક યજ્ઞ આંતરિક શુદ્ધિ માટે જ્ઞાન વર્ધક સાબિત થાય, કેમ કે ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણ યજ્ઞને માત્ર અગ્નિમાં આહુતિ પૂરતો સીમિત રાખતાં નથી. તેઓ કહે છે કે કર્મયજ્ઞ, જ્ઞાનયજ્ઞ, તપયજ્ઞ, પ્રાણાયામયજ્ઞ વગેરે પણ યજ્ઞ છે. એટલે વૈદિક મહાયજ્ઞોનું અંતિમ લક્ષ્ય આત્મશુદ્ધિ અને પરમાત્માપ્રાપ્તિ છે. હાં કોઈ પણ યજ્ઞ હોય એનું બાહ્ય રૂપ કદાચ સમૃદ્ધિ સંપત્તિ કે પછી લોકકલ્યાણ છે, પરંતુ આંતરિક અર્થ તો પોતાનાં જીવનમાં જ્ઞાન, સંયમ અને ભક્તિ દ્વારાં આધ્યાત્મિક બળ અને પરમ કલ્યાણ પ્રાપ્ત કરવાનો માર્ગ છે. એટલાં માટે પ્રાચીન ઋષિઓ વાજપેયને માત્ર યજ્ઞ નહીં, પરંતુ જીવનને તેજસ્વી અને ધર્મમય બનાવતી સાધના માનતાં હતાં. વાજ એટલે શક્તિ અને પેય પીણું છે, પણ કોઈ પણ યજ્ઞ હોય તો એમાં અગ્નિ, ઘી, યજ્ઞ સમિધ, અને આહુતિ દ્રવ્ય જરુરી છે. અહીં તુલસી આપણને મદદ કરે છે, અને એટલે રામચરિત માનસમાં અગ્નિ એટલે આંતરિક જ્ઞાન. ઘી એટલે પરમ તત્વ પ્રત્યેનો સ્નેહ, આહુતિ દ્રવ્ય એટલે પોતાનો અહંકાર, યજ્ઞ સમિધ રાગ અને દ્વેષ, અને અંતે નીપજ તરીકે મળતાં વાજ અને પેય એટલે શક્તિ તરીકે પ્રાણ તત્વની પૃષ્ટિ અને પેય/ સોમ એટલે આધ્યાત્મિક આનંદ. રથનો વિજય એટલે ઈન્દ્રિયો અને મન પરનો સંયમ! ટૂંકમાં વાજપેય યજ્ઞનો આંતરિક અર્થ એવો પણ થાય છે કે જે પોતાના જીવનમાં જ્ઞાન, સંયમ અને ભક્તિ દ્વારા આત્મબળ પ્રાપ્ત કરે છે, તે સાચો 'વાજપેય' કરે છે, અથવા તો જીવનની પ્રાણ ઉર્જા પ્રાપ્ત કરી પરમ તત્વનું સાનિધ્ય પામી આનંદ અર્જીત કરે છે. તો આ એકાદશીએ આપણે પણ એનાં મૂળ મહાત્મ્યને અનુસરી શકીએ એવી એક અનન્ય પ્રાર્થનાં ઈશ્વર ચરણે રાખી, હું મારાં શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું.

# વડોદરામાં NDPSના 35 કેસ, 46 આરોપી ઝડપાયા: 1.35 કરોડનો મુદ્દામાલ જપ્ત

## ફતેગંજના ગાંજા કેસમાં વોન્ટેડ સપ્લાયર ઝડપાયો, ડ્રગ્સ સામે પોલીસ એક્શનમાં

**વડોદરા, તા.07**



વડોદરા શહેરમાં ડ્રગ્સના વેચાણ સામે પોલીસ એક્શનમાં આવી ગઈ છે. વડોદરાના ફતેગંજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એન.ડી.પી.એસ. એક્ટ હેઠળના ગાંજા કેસમાં વોન્ટેડ જાહેર કરાયેલા સપ્લાયરને વડોદરા એસઓજીએ ઝડપી પાડી વધુ કાર્યવાહી માટે ફતેહગંજ પોલીસને સોંપ્યો છે. વડોદરામાં 2026માં NDPSના 35 કેસ નોંધાયા છે. 1.35 કરોડ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે અને 46 આરોપીઓ ઝડપી પાડ્યા છે.

વડોદરા પોલીસ કમિશનર નરસિમ્હા કોમારના માર્ગદર્શન હેઠળ શહેરને નશામુક્ત બનાવવાના અભિયાન અંતર્ગત એસઓજીએ નાર્કોટિક્સ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા શંકાસ્પદ ઈસમો પર સતત વોચ રાખવામાં આવી રહી છે. એટીએસ ચાર્ટરના નાર્કોટિક્સ મુદ્દાઓને ધ્યાનમાં રાખી એન.ડી.પી.એસ., પ્રોહિબિશન તથા અન્ય ગુનાઓમાં વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવા સૂચનાઓ આપવામાં આવી છે.

28 જુલાઈ, 2026ના રોજ ફતેહગંજ પોલીસે નવાયાર્ડ આલાહજરત ચોક નજીક ખુલ્લી જગ્યાએ દરોડો પાડી શાનેમોહમદ નબઝુલ પઠાણ (રહે. રોશનનગર, નવાયાર્ડ, ફતેહગંજ) પાસેથી 10.03 ગ્રામ ગાંજો (કિંમત રૂ.530) સહિત કુલ રૂ.6,180નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ કેસમાં ગાંજાનો સપ્લાયર ફરાર હોવાથી તેના વિરુદ્ધ એન.ડી.પી. એસ. એક્ટની કલમ 8(C), 20(b)(ii)(A) અને 29 હેઠળ ગુનો નોંધી તેને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો હતો.

આ દરમિયાન એસઓજી પીઆઇ બી.ડી. જતીયાના માર્ગદર્શન હેઠળ એસઓજીની ટીમ શંકાસ્પદ ઈસમોની તપાસમાં હતી. તે સમયે એએસઆઈ વિનોદભાઈ દેવજીભાઈને બાતમી મળી હતી કે, ગાંજા કેસનો વોન્ટેડ સપ્લાયર મુનાવર રાણા ઉંડેરા તળાવ પાસે મહાકાળી માતાના મંદિર નજીક હાજર છે. બાતમીના આધારે એસઓજીએ દરોડો પાડી વોન્ટેડ આરોપી મુનાવર અનવરભાઈ રાણાને ઝડપી પાડ્યો હતો. પકડાયેલ આરોપી મુનાવર અનવરભાઈ રાણા (રહે. નેહરુનગર ઝૂંપડપટ્ટી, ગોરવા પોલીસ સ્ટેશન સામે, વડોદરા, મૂળ રહે. ફાતિમા રેસિડન્સી, મધુનગર બ્રિજ પાસે, ગોરવા, વડોદરા) સામે કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરી વધુ તપાસ માટે ફતેગંજ પોલીસને સોંપવામાં આવ્યો છે.

બીજી તરફ વડોદરા શહેર પોલીસના જણાવ્યા અનુસાર શહેરને નશામુક્ત બનાવવા માટે હોટલો, કાફે, પાન પાર્લર, કોલેજો, અવાવરુ સ્થળો તેમજ અગાઉ નશીલા પદાર્થોની પ્રવૃત્તિમાં સંડોવાયેલા ઈસમો પર સતત વોચ, ટેકનિકલ મોનીટરિંગ અને બાતમીદારોના નેટવર્ક મારફતે કાર્યવાહી કરવામાં આવી રહી છે.

ચાલુ વર્ષ 2026 દરમિયાન અત્યાર સુધીમાં ડ્રગ્સ સંબંધિત કુલ 34 કેસો નોંધાયા છે, જેમાં રૂ.1.35 કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી 46 આરોપીઓને જેલ હવાલે કરવામાં આવ્યા છે. જ્યારે વર્ષ 2025 દરમિયાન કુલ 49 કેસો નોંધાઈ રૂ.2.02 કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી 82 આરોપીઓને જેલ હવાલે કરવામાં આવ્યા હતા.

વડોદરા શહેર પોલીસે નાગરિકોને પણ અપીલ કરી છે કે, માદક પદાર્થોના વેચાણ, સંગ્રહ, પરિવહન અથવા ઉપયોગ અંગે કોઈપણ શંકાસ્પદ માહિતી મળે તો તાત્કાલિક નજીકના પોલીસ સ્ટેશન અથવા વડોદરા શહેર પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરે. માહિતી આપનારની ઓળખ સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવશે.

# CM વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ યાત્રાની શરૂઆત કેનેડાથી કરશે

■ બંને દેશો 2030 સુધીમાં 70 અબજ ડૉલરના વેપારનો લક્ષ્ય, મૂળ વડોદરાના ઉદ્યોગપતિની કેનેડા સરકારના મંત્રી સાથે ચર્ચા

**વડોદરા, તા.07**

ભારત અને કેનેડા વચ્ચેનો સંબંધ હવે માત્ર રાજદ્વારી સંબંધથી આગળ વધીને ટેક્નોલોજી, રોકાણ, શિક્ષણ અને ઊર્જાના ક્ષેત્રમાં વ્યૂહાત્મક ભાગીદારીમાં પરિવર્તિત થઈ રહ્યો છે. તેમાં ગુજરાત અને ગુજરાતી ડાયસ્પોરાની ભૂમિકા ખાસ કરીને મહત્વપૂર્ણ બનવા જઈ રહી છે. CM ભૂપેન્દ્ર પટેલ 16થી કેનેડાનો પ્રવાસ કરશે. આ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની પ્રથમ વિદેશ યાત્રા હશે.

મુખ્યમંત્રી સાથે ચીફ સેક્રેટરી મનોજ દાસ, અધિક મુખ્ય સચિવ ટી. નટરાજન, સીએમઓના પર્સનલ આસિસ્ટન્ટ સંજીવ કુમાર અને ઉદ્યોગ અગ્રણીઓ જોડાશે. જે પૂર્વે મૂળ વડોદરાના એવા કેનેડિયન ઉદ્યોગપતિ ડૉ. મુકુંદ પુરોહિતે કેનેડા સરકારના કોમર્શિયલ મંત્રી એડ જેગર સાથે ચર્ચા કરી હતી.



ગ્લોબલ બિઝનેસ એસોસિયેશનના સ્થાપક અને કેનેડિયન બિઝનેસમેન ડૉ. મુકુંદ પુરોહિતે જણાવ્યું હતું કે, ગુજરાત અને કેનેડા પાસે પરંપરાગત વેપારથી આગળ વધીને લાંબા ગાળાની મજબૂત આર્થિક ભાગીદારી સ્થાપવાની વિશાળ તક છે. ટેક્નોલોજી, રોકાણ, સ્વચ્છ ઊર્જા, ક્રિટિકલ મિનરલ્સ અને કૃષિ ક્ષેત્રે કેનેડાની વિશેષ ક્ષમતાઓને ગુજરાતની મેન્યુફેક્ચરિંગ શક્તિ, વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કુશળ માનવબળ અને ઉદ્યોગસાહસિક ઈકોસિસ્ટમ સાથે અસરકારક રીતે જોડી શકાય છે. કેનેડામાં વસતા ગુજરાતી સમુદાયને બંને પ્રદેશો વચ્ચેના આર્થિક સેતુ તરીકે સક્રિય રીતે જોડવો જોઈએ. કેનેડાની ટેક્નોલોજી અને મૂડીને ગુજરાતની ઉદ્યોગસાહસિકતા સાથે જોડવાથી બંને દેશો માટે વર્ષ 2030 સુધીમાં 70 અબજ ડૉલરના વેપાર લક્ષ્યને હાંસલ કરવાની દિશામાં નક્કર પગલું બની શકે છે.

કેનેડા સરકારના આંકડા મુજબ વર્ષ 2025માં ભારત-કેનેડા વચ્ચે કુલ વેપાર 13.6 અબજ કેનેડિયન ડૉલર રહ્યો. કેનેડા કઠોળ, પોટાશ, ક્લીન એનર્જી અને ટેક્નોલોજીમાં અગ્રેસર છે. જ્યારે ગુજરાત પેટ્રોકેમિકલ્સ, ફાર્મા, રિન્યુએબલ એનર્જી, ડાયમંડ, ટેક્સટાઈલ્સ અને મેન્યુફેક્ચરિંગમાં મજબૂત છે. ગિફ્ટ સિટી, ધોલેરા SIR અને લાંબો દરિયાકિનારો ગુજરાતને કેનેડિયન રોકાણકારો માટે આદર્શ સ્થળ બનાવે છે.

વર્ષ 2019થી 2026 સુધીમાં ગુજરાતમાં 50.62 અબજ ડૉલરથી વધુનું FDI આવ્યું છે. રાજ્યમાં ગુજરાત-કેનેડા બિઝનેસ ફેસિલિટેશન ડેસ્કની સ્થાપના કરવામાં આવે અને સમયબદ્ધ ફોલો-અપ વ્યવસ્થા સાથે ગુજરાત-કેનેડા ઈન્ડસ્ટ્રિયલ કોરિડોર વિકસાવવામાં આવે તો કેનેડા ગુજરાતના ઉદ્યોગો માટે ઉત્તર અમેરિકાના બજારમાં પ્રવેશવાનું મુખ્ય દ્વાર બની શકે છે.

# મોર્નિંગ વોકમાં નીકળેલા સિનિયર સિટિઝન સાથે લૂંટ: આજવા રોડના કમલાનગર તળાવ પાસે ગળામાંથી સોનાની ચેઇન આંચકી બે ગઠિયા ફરાર

**વડોદરા, તા.07**




વડોદરાના આજવા રોડ વિસ્તારમાં સવારના સમયે વૉકિંગ માટે નીકળતા સિનિયર સિટિઝનને નિશાન બનાવતી ગઠિયા ગેંગ સક્રિય થઈ છે. કમલાનગર તળાવ પાસે સવારે વૉકિંગ કરી રહેલા 61 વર્ષીય નિવૃત્ત વૃદ્ધને ટાર્ગેટ બનાવી એક્ટિવા સવાર બે અજાણ્યા શખસો તેમના ગળામાંથી 11 ગ્રામની સોનાની ચેઈન ઝૂંટવીને રફુચક્કર થઈ ગયા છે.

આજવા રોડ પર આવેલી ભાગ્યલક્ષ્મી ટાઉનશીપમાં રહેતા અને નિવૃત્ત જીવન વિતાવતા પ્રેમચંદ હરીશંકર યાદવ દરરોજ સવારે કમલાનગર તળાવ ખાતે વૉકિંગમાં જાય છે. ઘટનાના દિવસે સવારે આશરે સાડા છ વાગ્યે તેઓ તળાવ ફરતે વૉકિંગ કરી રહ્યા હતા, ત્યારે એક્ટિવા પર બે અજાણ્યા ઈસમો આવ્યા હતા. એક્ટિવા ચાલકે વાહન થોડે દૂર ઊભું રાખ્યું હતું, જ્યારે પાછળ બેસેલો શખસ ચાલવાના બહાને પ્રેમચંદભાઈની પાછળ આવ્યો હતો અને અચાનક ગળામાંથી 65,000ની કિંમતની 11 ગ્રામની સોનાની ચેઈન આંચકી લીધી હતી.

ચેઈન ઝૂંટવ્યા બાદ આરોપી ઝડપથી એક્ટિવા પર બેસીને દત્તનગર તરફના રોડ પર ભાગી છૂટ્યો હતો. અચાનક બનેલી આ ઘટનાથી વૃદ્ધ ગભરાઈ ગયા હતા. તેમણે જણાવ્યા મુજબ, બંને આરોપીઓએ સફેદ કલરનો શર્ટ અને કાળા કલરનું પેન્ટ પહેરેલું હતું. આ અંગે પ્રેમચંદભાઈએ બાપોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આસપાસના CCTV ફૂટેજ મેળવી ગઠિયાઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# એનાલોગ પનીરના પ્રતિબંધ બાદ આરોગ્ય વિભાગનું ચારેય ઝોનમાં ચેકીંગ

## સતત બીજા દિવસે પણ ટીમોના વેપારીઓ-ડિસ્ટ્રીબ્યુટર્સ પર દરોડા, 1.50 લાખના માલનો નાશ

**વડોદરા, તા.07**



ગુજરાત સરકારે જાહેર આરોગ્યની સુરક્ષા અને ગ્રાહકોને ગુણવત્તાસભર ખાદ્યપદાર્થો મળી રહે તે હેતુથી એનાલોગ ખાદ્ય સામગ્રી પર કડક પ્રતિબંધ લગાવ્યો છે. સરકારના મહત્વપૂર્ણ નિર્ણય બાદ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ સેફ્ટી વિભાગે સમગ્ર શહેરમાં સઘન ચેકિંગ ઝુંબેશ શરૂ કર્યું છે. આજે 7 ઓગસ્ટ સતત બીજા દિવસે બનાવટી દૂધ ઉત્પાદનો જેવા કે એનાલોગ ચીઝ, પનીર અને બટરના ગેરકાયદે વેચાણ તથા સંગ્રહ પર અંકુશ મેળવવા માટે તંત્રે કમર કસી છે.

શહેરના ચારેય ઝોનમાં સુચારુ અને ઝડપી કામગીરી હાથ ધરી શકાય તે માટે ફૂડ સેફ્ટી વિભાગે ચાર અલગ-અલગ વિશેષ ટીમોની રચના કરી છે. આ ટીમો વિવિધ વિસ્તારોમાં સ્થિત હોલસેલ વેપારીઓ, ડિસ્ટ્રીબ્યુટર્સ અને છૂટક વિક્રેતાઓને ત્યાં અચાનક દરોડા પાડીને તપાસ હાથ ધરી છે. તપાસની આ ઝુંબેશ દરમિયાન ગઈકાલે વિવિધ સંગ્રહસ્થાનોમાંથી આશરે 450 કિલો જેટલો એનાલોગ પદાર્થોનો મોટો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. ફૂડ સેફ્ટી અધિકારીઓએ આ આરોગ્યપ્રદ ન હોય તેવા જથ્થાને સ્થળ પર જ વૈજ્ઞાનિક પદ્ધતિથી નષ્ટ કરી દીધો હતો, જેથી તે ફરીથી બજારમાં ન પહોંચી શકે.

આ કડક કાર્યવાહીની સાથે જ ફૂડ સેફ્ટી વિભાગે એનાલોગ પ્રોડક્ટ્સના તમામ વેપારીઓ અને વિતરણકર્તાઓને સ્પષ્ટ અને આકરી ચેતવણી આપી છે. અધિકારીઓએ આદેશ આપ્યો છે કે ભવિષ્યમાં કોઈપણ વેપારી આ પ્રકારની એનાલોગ વસ્તુઓનું વેચાણ, સંગ્રહ કે પરિવહન કરશે તો તેની સામે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટેન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI)ના સખત કાયદાકીય નિયમો હેઠળ આકરી કાર્યવાહી કરશે. જેમાં ભારે દંડથી લઈને લાયસન્સ રદ કરવા સુધીની જોગવાઈઓનો સમાવેશ થાય છે.

ગોરવા અને છાણીના વ્યાપારી વિસ્તારોમાં પણ તપાસ હાથ ધરી હતી. જેમાં જાણીતા વિમલ બ્રાન્ડના ડિસ્ટ્રીબ્યુટર્સના ગોડાઉન અને સંકુલોમાં પણ ટીમોએ બારીક તપાસ કરી હતી. જોકે, આ સ્થળો પરથી તપાસ દરમિયાન કોઈ પણ પ્રકારની એનાલોગ વસ્તુઓ કે મિલાવટી સામગ્રી મળી નથી. તંત્રે સ્પષ્ટ કર્યું છે કે આગામી દિવસોમાં પણ શહેરના તમામ ઝોનમાં આ પ્રકારનું સરપ્રાઈઝ ચેકિંગ સતત ચાલુ રહેશે અને નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે કોઈપણ પ્રકારની સાફ-સૂફી વગર કડક પગલાં લેવામાં આવશે.

મનપાના ફૂડ સેફ્ટી ઑફિસર પી. એમ. ભાવસારે જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર તરફથી એનાલોગ પનીરને બંધ કરાયું છે, તેના આધારિત ગઈકાલે અને આજે વડોદરાના ચારેય ઝોનમાં ચાર ટીમ બનાવીને કામગીરી હાથ ધરી છે. ગઈકાલે ઈન્સ્પેક્શન દરમિયાન આપણને લગભગ 450 કિલો જેવો એનાલોગ જથ્થો મળ્યો હતો. એ એપ્રોક્સિમેટલી લગભગ દોઢ લાખ સુધીનો માલ હતો. એ તમામે તમામ માલ અમે સ્થળ પર ડિસ્ટ્રોય કરાવ્યો છે. તેના ડિસ્ટ્રીબ્યુટરને તાકીદ કરવામાં આવી છે કે ફરીથી આવી વસ્તુ તમારે ત્યાં જોવા ન મળે અથવા તો તેના અંતર્ગત FSSAIની સખત કાર્યવાહી કરાશે.

# વડોદરામાં અડધી રાતે અસામાજિક તત્વોની ધમાલ: સ્થાનિકોના ઘર પર પથ્થરમારો કરી વાહનોમાં તોડફોડ મચાવી

**વડોદરા, તા.07**

વડોદરા શહેરના વારસિયા વિસ્તારમાં આવેલી વાસવાણી કોલોનીમાં મોડી રાત્રે અસામાજિક તત્વોએ મચાવેલા ઉપદ્રવના કારણે સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો છે. 4થી 5 શખ્સોના ટોળાએ ઘરો પર બેફામ પથ્થરમારો કરી વાહનોમાં તોડફોડ મચાવી હતી. આ હિંસક હુમલામાં મહિલા સહિત ત્રણ નિર્દોષ રહીશોને ઈજાઓ પહોંચી હતી. પથ્થરમારાની સમગ્ર ઘટના સીસીટીવી (CCTV) માં કેદ થઈ ગઈ છે. આ બનાવ અંગે સ્થાનિકોએ બુટલેગર વિશાલ લાલવાણી અને તેના સાગરીતો સામે કુંભારવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.



વાસવાણી કોલોનીમાં રહેતા અને કેટરિંગનું કામ કરતા પ્રિતિબેન શંકરલાલ બેલાણી (ઉ.વ. 36) દ્વારા નોંધાવવામાં આવેલી પોલીસ ફરિયાદ અનુસાર, તા. 5 ઓગસ્ટના રોજ રાત્રે આશરે 10.15 વાગ્યે તેઓ પોતાની દીકરી સાથે ઘરે હાજર હતા. તે દરમિયાન ભાથુજી મંદિર પાસે રહેતો વિશાલ અશોકભાઈ લાલવાણી તેના ત્રણ અજાણ્યા સાગરીતો સાથે ત્યાં ધસી આવ્યો હતો. વિશાલે ઘરની બહાર પાર્ક કરેલી એક્ટિવા નીચે પાડી દીધી હતી અને તેની સાથેના શખ્સોએ પથ્થરમારો કરી રિક્ષા સહિતના વાહનોમાં તોડફોડ કરી હતી. મહિલા બહાર આવતાં જ તમામ હુમલાખોરો ત્યાંથી નાસી છૂટ્યા હતા.

આ ઘટના પહેલાં આરોપીઓએ સ્થાનિક રહીશ જસવંત રતીરામ અહેરવારના ટેમ્પોને રસ્તામાં રોકી ગાળો આપી ઝપાઝપી કરવાનો પ્રયાસ કર્યો હતો. જસવંતભાઈ કોઈરીતે બચીને ઘરે પહોંચ્યા ત્યારે થોડીવારમાં જ આરોપીઓએ તેમના ઘર પર બેફામ પથ્થરમારો શરૂ કર્યો હતો. આ પથ્થરમારામાં જસવંતભાઈને જમણા હાથની કોણી પર, તેમની ભાભી રેણુકાબેનને ડાબા હાથમાં અને પત્ની રાજકુમારીબેનને માથાના ભાગે પથ્થર વાગતાં ગંભીર ઈજાઓ પહોંચી હતી.

ઘટના અંગે તાત્કાલિક '112 જન રક્ષક સેવા' મારફતે પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસ કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો. સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે વિશાલ લાલવાણી અને તેની ગેંગ લાંબા સમયથી વિસ્તારમાં દાદાગીરી અને અસામાજિક પ્રવૃત્તિઓ કરી રહી છે. કુંભારવાડા પોલીસે મહિલાની ફરિયાદના આધારે ગુનો નોંધી, સીસીટીવી ફૂટેજ કબજે કરીને આરોપીઓની અટકાયત કરવાના ચક્રો ગતિમાન કર્યા છે.

# રહેણાંક મકાનમાં સાડા ત્રણ ફૂટની પાટલા ઘો ઘૂસી જતાં અફરાતફરી: રેસ્ક્યૂ ટીમે વોશિંગ મશીન પાછળથી પકડીને સુરક્ષિત જગ્યાએ મુક્ત કરી

**વડોદરા, તા.07**

વાઘોડિયા રોડ પર આવેલી શ્રીનાથજી સોસાયટીમાં રહેતા એક પરિવારના ઘરમાં અચાનક સાડા ત્રણ ફૂટથી વધુ લાંબી વિશાળ પાટલા ઘો ઘૂસી આવતાં અફરાતફરી સર્જાઈ હતી. ઘટનાની જાણ થતાં જ રેસ્ક્યૂ ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચીને તેનું સાવચેતીપૂર્વક રેસ્ક્યૂ કર્યું હતું. ત્યારબાદ તેને તેના કુદરતી રહેઠાણમાં સુરક્ષિત રીતે મુક્ત કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. શ્રીનાથજી સોસાયટીમાં રહેતા બસંતભાઈના ઘરે વોશિંગ મશીનની પાછળ વિશાળ સરિસૃપ દેખાતાં પરિવારજનો ગભરાઈ ગયા હતા. તેમણે તાત્કાલિક રેસ્ક્યૂ ટીમનો સંપર્ક કરતા રેસ્ક્યૂઅર નિતિન સોલંકી અને પ્રિતેશ સોલંકી ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. તેમણે કુશળતાપૂર્વક પાટલા ઘોનું રેસ્ક્યૂ કરીને તેને કબજે લેતાં પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો હતો.



ઉલ્લેખનીય છે કે, પાટલા ઘો (મોનિટર લિઝાર્ડ) એ સરિસૃપ વર્ગનું મોટું અને બિનઝેરી પ્રાણી છે. સામાન્ય રીતે લોકોમાં માન્યતા હોય છે કે તે ખૂબ ઝેરી હોય છે, પરંતુ હકીકતમાં તે માનવી માટે જોખમી હોતી નથી. ચંદન ઘો અને પાટલા ઘો એક જ પ્રાણીના જુદાં નામ છે. તે નાની ઉંમરે પીળાશ પડતી અને મોટી થતાં કાળાશ પડતા રંગની થાય છે. તેની લંબાઈ 1.75 મીટર કે તેથી વધુ હોઈ શકે છે અને તે નાના જીવજંતુઓ, ગરોળી, સાપ તેમજ ઈંડાંનો ખોરાક તરીકે ઉપયોગ કરે છે.

# રમેશનગર-કરોડિયામાં SMCનો દરોડો, વિદેશી દારૂના વેપલાનો પર્દાફાશ: બે ઝડપાયા, છ ફરાર, 4.60 લાખનો મુદ્દામાલ જપ્ત

**વડોદરા, તા.07**

વડોદરામાં સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે રમેશનગર-કરોડિયા વિસ્તારમાં દરોડો પાડીને વિદેશી દારૂના ગેરકાયદે વેપલાનો પર્દાફાશ કર્યો છે. દરોડા દરમિયાન 6.50 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. પોલીસે બે આરોપીની ધરપકડ કરી છે, જ્યારે ગેંગના અન્ય છ આરોપી ફરાર થતા શોધખોળ શરૂ કરાઈ છે. ફરી એકવાર જવાહરનગર પોલીસ ઊંઘતી ઝડપાઈ છે.



સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે વડોદરાના રમેશનગર-કરોડિયા વિસ્તારમાં દરોડો પાડીને આરોપી ખાલીદ કાસમભાઈ શેખ અને અલ્પેશ રાજેન્દ્ર મીહોલિયાને સ્થળ પરથી ઝડપી પાડ્યા હતા. જ્યારે મુખ્ય ભાગીદાર ઈમરાન ઈબ્રાહીમભાઈ રાઠોડ તેમજ તુફેલ ઈમરાનભાઈ રાઠોડ દરોડા દરમિયાન ફરાર થઈ ગયા હતા. આરોપીઓ ભાગીદારીમાં ભારતીય બનાવટના વિદેશી દારૂનો ગેરકાયદે વેપલો ચલાવતા હતા. રમેશનગર ખાતે આવેલા ઓરડામાં 4,60,780 રૂપિયાની કિંમતની 1,434 વિદેશી દારૂની બોટલો, સંગ્રહ કરવામાં આવી હતી. દારૂના વેચાણ અને હેરાફેરી માટે અન્ય સાગરીતોને પણ જોડવામાં આવ્યા હતા. આરોપી રફીકશા દિવાન અને સાહિલ રાજ દારૂનો જથ્થો સપ્લાય કરતા હતા, જ્યારે પરવેઝ રાઠોડ અને આરિફ ઉર્ફે જગ્ગા રાઠોડ વેચાણ માટે દારૂનો જથ્થો લઈ જતા હતા. તમામ આરોપીઓએ આર્થિક લાભ મેળવવાના હેતુથી સંગઠિત ગેંગ બનાવી ગેરકાયદે દારૂ વેચતા હતા. દરોડા દરમિયાન પોલીસે રૂ. 12,700ની રોકડ રકમ, પાંચ મોબાઈલ ફોન, દારૂની પેટીઓની હેરફેરમાં ઉપયોગમાં લેવાતું સુઝુકી એક્સેસ સ્કૂટર, પીઓએસ સ્વાઈપ મશીન, ક્યુઆર કોડ મશીન તથા અન્ય સામગ્રી સહિત કુલ રૂ. 6,50,480નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ મામલે સ્ટેટ મોનિટરિંગ સેલે ઝડપાયેલા અને ફરાર તમામ આરોપીઓ સામે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સાથે જ ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસે શોધખોળ શરૂ કરી છે.

# લથડિયા ખાતા કારચાલકને પોલીસે માંડ બેસાડ્યો: વધુ એક નશેડીએ અકસ્માત સર્જ્યો

**વડોદરા, તા.07**

વડોદરા શહેરમાં દિન-પ્રતિદિન અકસ્માતના બનાવો વધી રહ્યા છે, જેમાં ખાસ કરીને 'ડ્રિંક એન્ડ ડ્રાઈવ'ના કિસ્સાઓમાં ચિંતાજનક વધારો થયો છે. દરમિયાન, ગુરુવારે શહેરના સનફાર્મા રોડ પર વધુ એક અકસ્માત સર્જાયો હતો, જ્યાં દારૂના નશામાં ધૂત કારચાલકે વાહન પરથી કાબૂ ગુમાવતા કાર સીધી થાંભલા સાથે અથડાવી હતી. અકસ્માત સર્જાતા જ આસપાસના લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા. સ્થાનિકોએ કારચાલકને બહાર કાઢ્યો ત્યારે તે ભારે નશાની હાલતમાં જણાયો હતો. નશાની સ્થિતિમાં રહેલ કારચાલકને પોલીસ હવાલે કરાયો હતો. પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને તાત્કાલિક નશામાં ધૂત કારચાલકને પોલીસ મથકે લઈ જવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક દિવસોથી શહેરમાં નશાની હાલતમાં વાહન હંકારી અકસ્માતો સામે આવી રહ્યા છે. ત્યારે પોલીસ કડક કાર્યવાહી કરી આવા તત્વોને ઝડપી લે તો ચોક્કસ કોઈ નિર્દોષનો જીવ બચી શકે તેમ છે.



આ અકસ્માત જોનાર પ્રત્યક્ષદર્શી આરિફ શેખે જણાવ્યું હતું કે, હું મારા મિત્રની ગાડી પાછળ બેસીને જતો હતો, ત્યારે એક કાર પૂરપાટ ઝડપે આવીને થાંભલા સાથે ટકરાઈ હતી. બાદમાં અમે તેને બહાર કાઢ્યો તો તે લથડિયા ખાતો હતો અને કેટલાક લોકો તેને સપોર્ટ કરતા હતા. તેઓએ પોતાની ઊંચી પહોંચ હોવાનું કહી ડરાવવાનો પ્રયાસ કર્યો હતો.

# જાહેરમાં 20 કેક કાપનાર 'ટીયા'એ પોલીસ સામે માફી માંગી: સોનાના દાગીના અને ગાડીનો વટ ગાયબ

**સુરત, તા.07**

સુરત શહેરમાં જાહેરમાં જન્મદિવસની ઉજવણી કરવા પર પોલીસ કમિશનર દ્વારા સખત પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે અને આ અંગે જાહેરનામું પણ બહાર પાડવામાં આવ્યું છે. છતાં પણ શહેરમાં પોતાની ભાઈગીરી અને વર્ચસ્વ બતાવવા માટે કેટલાક તત્વો કાયદો હાથમાં લેતા અચકાતા નથી. આવો જ એક કિસ્સો શહેરના પાંડેસરા વિસ્તારમાંથી સામે આવ્યો હતો, જ્યાં માથાભારે છાપ ધરાવતા ટીયા દલાઈ ઉર્ફે ટીયા માલીયા નામના યુવકે પોતાના વિસ્તારમાં જાહેર રસ્તા પર જ ભવ્ય બર્થડે સેલિબ્રેશનનું આયોજન કર્યું હતું.



આ ઉજવણીનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરવા માટે ખાસ રીલ બનાવવામાં આવી હતી. જેમાં ટીયા કાળા કાચ ધરાવતી કાળી ગાડીમાંથી ગળા અને હાથમાં સોનાના જાડા દાગીના પહેરીને, ફોન પર વાત કરતા કરતા રોફથી એન્ટ્રી લે છે. રસ્તા પર ટેબલ ગોઠવીને 20થી પણ વધુ કેક મૂકવામાં આવ્યા હતા. આ માથાભારે યુવકે જાહેરમાં ધૂમધામથી કેક કટિંગ કર્યું હતું અને આસપાસ જોરદાર ફટાકડા ફોડીને દાદાગીરીનો નઝારો પેશ કર્યો હતો.

સોશિયલ મીડિયા પર આ ઉજવણીના વિઝ્યુઅલ્સ અને રીલ વાયરલ થતાં જ પાંડેસરા પોલીસ તાત્કાલિક એક્શનમાં આવી ગઈ હતી. જાહેરનામાનો સરેઆમ ભંગ કરનાર અને રસ્તા પર આતંક મચાવનાર આ યુવકને પોલીસે ઝડપી પાડીને સીધો પોલીસ મથકે ઉપાડી આણ્યો હતો. પોલીસ મથકની હવામાં આવતા જ ટીયા માલીયાનો તમામ વટ, સોનાનો રોફ અને ભાઈગીરી પળવારમાં ગાયબ થઈ ગયા હતા.

પોલીસ સ્ટેશન પહોંચેલા ટીયાએ હાથ જોડીને પોતાની ભૂલ સ્વીકારી હતી અને સોશિયલ મીડિયા પર માફી માગતો વીડિયો પણ જાહેર કરવો પડ્યો હતો. તેણે માફી માંગતા કહ્યું હતું કે, 'જાહેરમાં કેક કાપવી અને ફટાકડા ફોડવા એ કાયદાકીય રીતે ખોટું છે, મેં ભૂલ કરી છે. હું બીજા લોકોને પણ કહેવા માંગુ છું કે આવી ભૂલ કોઈ ન કરતા.' આમ, કાયદાના શિકંજામાં આવતા જ માથાભારે યુવકની અકડ ભાંગી ગઈ હતી.

# 'પાણી પીવડાવવામાં કંઈ ખોટું નથી, ટેસ્ટ ડેબ્યૂ માટે 2 વર્ષ રાહ જોઈ..', અજિંક્ય રહાણેનું દર્દ છલકાયું



**નવી દિલ્હી, તા.07**

ભારતીય ક્રિકેટ ટીમના અનુભવી અને પૂર્વ બેટર અજિંક્ય રહાણેએ પોતાની કારકિર્દીના સૌથી મુશ્કેલ તબક્કાને યાદ કર્યો છે. તેણે જણાવ્યું હતું કે, ભારતીય ટેસ્ટ ટીમમાં સ્થાન મેળવ્યા છતાં પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મેળવવા માટે લગભગ બે વર્ષ અને 20 ટેસ્ટ મેચ સુધી રાહ જોવી પડી હતી. આ દરમિયાન અજિંક્ય રહાણે ટીમમાં 12મા ખેલાડી તરીકે ભૂમિકા ભજવી હતી.

અજિંક્ય રહાણેએ ઓગસ્ટ 2011માં મર્યાદિત ઓવર ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું હતું. ત્યારબાદ ટેસ્ટ ટીમમાં સમાવેશ થવા છતાં પ્લેઈંગ ઈલેવનના દરવાજા તરત ખુલ્યા નહોતા. યુટ્યુબ ચેનલ પર વાત કરતા રહાણેએ જણાવ્યું હતું કે, '2011માં જ્યારે હું ટીમમાં આવ્યો ત્યારે પહેલા બે વર્ષ ખૂબ જ પડકારજનક હતા. મારે 20 મેચ રાહ જોવી પડી. તે સમયે મારી પાસે બે વિકલ્પો હતા: કાં તો હું પોતાની પરિસ્થિતિ પર સહાનુભૂતિ મેળવી શકું અથવા પોતાને સુધારવાનો પ્રયાસ કરું. મેં સકારાત્મક રસ્તો પસંદ કર્યો. 12મો ખેલાડી બનવામાં, સાથી ખેલાડીઓને પાણી પીવડાવવામાં કે મદદ કરવામાં કંઈ ખોટું નથી.' સિનિયર ખેલાડી અંગે અજિંક્ય રહાણેએ જણાવ્યું કે, 'ડ્રેસિંગ રૂમમાં અને મેદાન પર સિનિયર ખેલાડીઓને નજીકથી રમતા જોવા અને તેમનું નિરીક્ષણ કરવાથી તેની રમત પ્રત્યેની માનસિકતા બદલાઈ ગઈ. આ અનુભવે જ તેને આંતરરાષ્ટ્રીય સ્તરે લાંબી કારકિર્દી બનાવવામાં મદદ કરી હતી.'

પોતાનામાં ધીરજ ક્યાંથી આવી તે અંગે દિલચસ્પ વાત શેર કરતાં અજિંક્ય રહાણેએ જણાવ્યુ કે, 'શરૂઆતથી મારામાં આટલી સનમ અને ધીરજ નહોતી. પરંતુ જ્યારે તમે મુંબઈની લોકલ ટ્રેનોમાં ભીડ વચ્ચે મુસાફરી કરો છો, ત્યારે કુદરતી રીતે જ તમારામાં ધીરજ વિકસવાની શરૂઆત થઈ જાય છે.' અજિંક્ય રહાણેની લાંબી રાહનો અંત આખરે માર્ચ 2013માં આવ્યો જ્યારે તેને ભારત તરફથી ટેસ્ટ ડેબ્યૂ કરવાની તક મળી. ત્યારબાદ તે લાંબા સમય સુધી ભારતીય ટેસ્ટ ટીમના મિડલ ઓર્ડરની મજબૂત કડી બની રહ્યો. રહાણેએ ભારત માટે 85 ટેસ્ટમાં 144 ઈનિંગ્સમાં 5,077 રન બનાવ્યા. તેની સરેરાશ 38.46 હતી અને 12 સદી અને 26 અડધી સદી ફટકારી.

# ઈજાઓથી કરિયર બગાડ્યું, 25 ની ઉંમરે યુવા ક્રિકેટરે સંન્યાસનું એલાન કરી દીધું

**નવી દિલ્હી, તા.07**

ઈંગ્લેન્ડના યુવા ઝડપી બોલર જોન ટર્નરે માત્ર 25 વર્ષની નાની વયે પ્રોફેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરીને સમગ્ર ક્રિકેટ જગતને ચોંકાવી દીધું છે. પીઠમાં ગંભીર સ્ટ્રેસ ફ્રેક્ચરના કારણે તે જૂન 2025થી એટલે કે એક વર્ષથી વધુ સમયથી મેદાનથી દૂર હતો. ઈજાના જૂના રેકોર્ડ અને ભવિષ્યને ધ્યાનમાં રાખીને તેણે કમબેક કરવાના બદલે રમતમાંથી નિવૃત્ત થઈને જીવનની નવી ઈનિંગ શરૂ કરવાનો આકરો નિર્ણય લીધો છે. જોન ટર્નરનો આ નિર્ણય એટલા માટે પણ આશ્ચર્યજનક છે કારણ કે કાઉન્ટી ક્રિકેટમાં હેમ્પશાયર સાથે તેના કોન્ટ્રાક્ટમાં હજુ 2 વર્ષ બાકી હતા. તે સિવાય ગત વર્ષના અંત સુધી તે ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડના ડેવલપમેન્ટ કોન્ટ્રાક્ટનો પણ ભાગ હતો. દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગમાં જન્મેલા જોન



ટર્નરે વર્ષ 2021માં એક સફળ ટ્રાયલ બાદ હેમ્પશાયર સાથે પોતાના કરિયરની શરૂઆત કરી હતી. તેણે પોતાની પ્રથમ પ્રોફેશનલ વિકેટ તરીકે એલેસ્ટર કૂકની વિકેટ ઝડપી હતી. 2024માં ઈંગ્લેન્ડના વેસ્ટ ઈન્ડિઝ પ્રવાસ દરમિયાન તેણે ઈન્ટરનેશનલ ડેબ્યૂ કર્યું હતું. તેણે ઈંગ્લેન્ડ માટે 2 ODI અને 2 T20I મેચ રમીને કુલ 3 વિકેટ ઝડપી હતી (2 ODIમાં 2 વિકેટ અને 2 T20Iમાં 1 વિકેટ).

જોન ટર્નરે હેમ્પશાયર માટે તમામ ફોર્મેટની કુલ 53 મેચોમાં 97 વિકેટ્સ પોતાના નામે કરી હતી: ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટ: 10 મેચોમાં 25 વિકેટ. લિસ્ટ-A ક્રિકેટ: 19 મેચોમાં 37 વિકેટ (જેમાં 2 વખત 5-વિકેટ હોલ સામેલ છે). T20 ક્રિકેટ: 35 મેચોમાં 8.44ની ઈકોનોમીથી 48 વિકેટ. તે છેલ્લે 17 જૂન 2025ના રોજ એક T20 મેચ રમ્યો હતો, જ્યાં તેણે 4 ઓવરમાં 23 રન આપ્યા હતા પરંતુ વિકેટ મળી નહોતી. 2025ની શરૂઆતમાં તે લોન પર લંકાશાયર માટે પણ રમ્યો હતો.


'પ્રોફેશનલ અને ઈન્ટરનેશનલ ક્રિકેટ રમવું એ હંમેશા મારું સ્વપ્ન હતું. હેમ્પશાયર અને ઈંગ્લેન્ડ માટે રમવું એ મારા બાળપણના સપનાઓને જીવવા સમાન રહ્યું. ક્લબે મારા પર જે વિશ્વાસ મૂક્યો તે બદલ હું આજીવન આભારી રહીશ. જોકે, પીઠના સ્ટ્રેસ ફ્રેક્ચર અને મારી ઈજાના રેકોર્ડે મને એક ક્રિકેટર તરીકે તેમજ રમતથી દૂર મારા ભવિષ્ય વિશે વિચારવા મજબૂર કર્યો. આ મારી જિંદગીનો સૌથી મુશ્કેલ નિર્ણય હતો, પરંતુ હવે નવી ઈનિંગ અને આગામી પડકારો તરફ આગળ વધવાનો જ સાચો સમય છે.'

# IPLમાં KKR એ ખરીદેલો ઓસ્ટ્રેલિયન સ્ટાર ખેલાડી 31 વર્ષની વયે રિટાયર, ઘરેલું ક્રિકેટમાં મજબૂત રેકોર્ડ

**નવી દિલ્હી, તા.07**

ઓસ્ટ્રેલિયાના 31 વર્ષીય ફાસ્ટ બોલર મેથ્યુ કેલીએ સતત ઈજાઓ સામે ઝઝૂમ્યા બાદ વ્યાવસાયિક ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી દીધી છે. વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયા અને પર્થ સ્કોર્ચર્સ માટે શાનદાર પ્રદર્શન કરનાર કેલીએ પોતાની ડોમેસ્ટીક કારકિર્દી દરમિયાન કુલ 274 વિકેટ પોતાના નામે કરી હતી. જોકે, વારંવાર શારીરિક ઈજાઓ થવાના કારણે તેઓ લાંબો સમય સુધી આંતરરાષ્ટ્રીય સ્તરે નિયમિત રમી શક્યા નહીં, જેના કારણે તેમણે રમતને અલવિદા કહેવાનો ભાવનાત્મક નિર્ણય લીધો છે.

સાઉથ આફ્રિકામાં જન્મેલા મેથ્યુ કેલી માત્ર 4 વર્ષની નાની ઉંમરે પોતાના પરિવાર સાથે પર્થમાં સ્થાયી થયા હતા. 6 ફૂટ અને 3 ઈંચ લાંબા આ ઝડપી બોલરે નિવૃત્તિ સંદર્ભે વાત કરતા પ્રખ્યાત વાકા (WACA) ગ્રાઉન્ડ સાથેની યાદો તાજી કરી હતી.



તેમણે જણાવ્યું હતું કે જ્યારે તેઓ પહેલીવાર વાકા ગ્રાઉન્ડના મુખ્ય દરવાજાથી અંદર પ્રવેશ્યા હતા, ત્યારે તેમને ક્યારેય અંદાજ નહોતો કે ક્રિકેટ તેમને કઈ ઊંચાઈઓ સુધી લઈ જશે. આ પવિત્ર સ્થળ ખૂબ જ ઓછા સમયમાં તેમના માટે બીજા ઘર સમાન બની ગયું હતું. મેથ્યુ કેલીએ વર્ષ 2017માં વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયા માટે ફર્સ્ટ ક્લાસ અને લિસ્ટ-એ ક્રિકેટમાં પદાર્પણ કર્યું હતું. ત્યારબાદ 2018ની શરૂઆતમાં તેમને પર્થ સ્કોર્ચર્સ તરફથી બિગ બૅશ લીગ (BBL) માં રમવાની તક મળી હતી. તેઓ વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયાની તે વિજયી ટીમનો અભિન્ન ભાગ રહ્યા હતા જેણે 2019-20, 2021-22 અને 2022-23ની સિઝનમાં શાનદાર પ્રદર્શન કરી વનડે કપ જીત્યો હતો. ખાસ કરીને 2022-23ની શેફિલ્ડ શિલ્ડ ફાઈનલમાં વિક્ટોરિયા વિરુદ્ધ 6 વિકેટ ઝડપીને તેમણે પોતાની ટીમની જીતમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી અને આખી સિઝનમાં 35 વિકેટ લીધી હતી. મેથ્યુ કેલીની પ્રતિભાને ધ્યાનમાં રાખીને ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ની પ્રખ્યાત ફ્રેન્ચાઈઝી Kolkata Knight Riders (KKR) દ્વારા તેમને પોતાની ટીમમાં સામેલ કરવામાં આવ્યા હતા. જોકે, ખરાબ નસીબ અને ફોર્મના કારણે તેમને પ્લેઈંગ ઈલેવનમાં એક પણ મેચ રમવાની તક મળી શકી નહોતી અને બાદમાં તેમને રિલીઝ કરવામાં આવ્યા હતા. આમ છતાં, વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયાના જનરલ મેનેજર કેડ હાર્વે સહિતના દિગ્ગજોએ છેલ્લા એક દાયકામાં ટીમ માટે આપેલા તેમના નિઃસ્વાર્થ યોગદાનની ભરપૂર પ્રશંસા કરી છે.

# મેચ વરસાદની ભેટ ચઢતાં અપસેટ માટે જાણીતી ટીમનું 2027 ના ODI વર્લ્ડ કપમાં ડાયરેક્ટ એન્ટ્રીનું સપનું ચકનાચૂર

**નવી દિલ્હી, તા.07**

આયરલેન્ડ ક્રિકેટ ટીમ માટે એક મોટા આંચકારૂપ સમાચાર સામે આવ્યા છે. અફઘાનિસ્તાન સામેની પ્રથમ ODI મેચ વરસાદના કારણે એક પણ બોલ ફેંકાયા વિના રદ થતાં જ આયરલેન્ડની ટીમ 2027 ODI વર્લ્ડ કપ માટે સીધા ક્વોલિફાય થવાની રેસમાંથી સત્તાવાર રીતે બહાર થઈ ગઈ છે. હવે આયરલેન્ડે વર્લ્ડ કપની મુખ્ય ટૂર્નામેન્ટમાં પહોંચવા માટે ક્વોલિફાયર રાઉન્ડ માંથી પસાર થવું પડશે.



અફઘાનિસ્તાન અને આયરલેન્ડ વચ્ચેની પ્રથમ વનડે મેચમાં સતત ખરાબ હવામાન અને વરસાદના કારણે ટોસ પણ થઈ શક્યો નહોતો. આખરે અમ્પાયરોએ મેચ રદ કરવાનો નિર્ણય લીધો હતો અને બંને ટીમોને પોઈન્ટ્સ વહેંચવા પડ્યા હતા. ડાયરેક્ટ ક્વોલિફિકેશનની રેસમાં જીવંત રહેવા માટે આયરલેન્ડ માટે આ સીરિઝની તમામ 3 મેચો જીતવી અત્યંત જરૂરી હતી, પરંતુ પ્રથમ મેચ રદ થતાં જ તેમની આ આશા પર પાણી ફરી વળ્યું હતું.

ઓક્ટોબર-નવેમ્બર 2027માં સાઉથ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામીબિયાની સંયુક્ત મેજબાનીમાં રમાનારા વનડે વર્લ્ડ કપમાં કુલ 14 ટીમો ભાગ લેશે. યજમાન ટીમો: સાઉથ આફ્રિકા અને ઝિમ્બાબ્વેને પૂર્ણ સભ્ય અને યજમાન હોવાના નાતે સીધો પ્રવેશ મળ્યો છે (નામીબિયા પૂર્ણ સભ્ય ન હોવાથી તેણે ક્વોલિફાયર રમવું પડશે). ICC રેન્કિંગ આધારે ડાયરેક્ટ ક્વોલિફિકેશન: યજમાનો સિવાય કટ-ઓફ ડેટ સુધી ICC ODI રેન્કિંગમાં ટોચના 8 સ્થાને રહેનારી ટીમોને સીધી એન્ટ્રી મળશે.

બાકી રહેલી જગ્યાઓ: બાકીની 4 જગ્યાઓ માટે ક્વોલિફાયર ટૂર્નામેન્ટ યોજાશે. આ મેચ રદ થવા છતાં અફઘાનિસ્તાન ટીમ 106 પોઈન્ટ્સ સાથે ICC રેન્કિંગમાં મજબૂત સ્થિતિમાં છે અને તેમના ડાયરેક્ટ ક્વોલિફાય થવાના ચાન્સ ખૂબ જ વધારે છે. બીજી તરફ, મેચ રદ થવાથી મળેલા પોઈન્ટ્સ આયરલેન્ડને કટ-ઓફ રેન્કિંગમાં આગળ લાવવા માટે અપૂરતા રહ્યા છે. આથી આયરલેન્ડે હવે વેસ્ટ ઈન્ડીઝ, ઝિમ્બાબ્વે કે અન્ય એસોસિએટ ટીમો સાથે વૈશ્વિક ક્વોલિફાયર રાઉન્ડ રમીને 2027 વર્લ્ડ કપની મુખ્ય ટૂર્નામેન્ટમાં જગ્યા બનાવવાનો પ્રયાસ કરવો પડશે.

# ઈતિહાસ પ્રત્યેના પ્રેમે 'મુસાફિરી'ની પ્રેરણા આપી: રિચા ચઢ્ઢા

## રિચા કહે છે, આ સિરીઝ લોકોને આપણા વારસાને નવી નજરથી જોવાની પ્રેરણા આપશે



**મુંબઈ, તા.07**

અભિનેત્રી અને નિર્માતા રિચા ચઢ્ઢા પોતાના પ્રોડક્શન હાઉસ પુશિંગ બટન્સ સ્ટુડિયોઝ હેઠળ નિર્મિત નવી નોન-ફિક્શન સિરીઝ 'મુસાફિરી' લઈને આવી રહી છે. ભારતના ઈતિહાસ, સંસ્કૃતિ અને વારસાને અનોખી રીતે રજૂ કરતી આ સિરીઝ માટે રિચાને પોતાનાં ઈતિહાસ વિષય પ્રત્યેના પ્રેમ અને અભ્યાસમાંથી પ્રેરણા મળી છે.

રિચા માટે ઈતિહાસ માત્ર ભુતકાળની ઘટનાઓનો સંગ્રહ નથી, પરંતુ સમાજ, લોકો અને સંસ્કૃતિને સમજવાનો માર્ગ છે. ઈતિહાસના અભ્યાસ, સતત વાંચન અને દેશભરના પ્રવાસોએ 'મુસાફિરી'ની કલ્પનાને આકાર આપ્યો છે. આ સિરીઝ માત્ર ઐતિહાસિક સ્મારકો અથવા તારીખો સુધી મર્યાદિત નહીં રહે, પરંતુ ભારતની ઓળખ ઘડનાર લોકો, પરંપરાઓ, ભુલાઈ ગયેલી કથાઓ અને સાંસ્કૃતિક વારસાને પણ ઉજાગર કરશે. આ સિરીઝ દેશના અનેક ઐતિહાસિક મહત્વ ધરાવતા સ્થળોની મુલાકાત લેશે. આકર્ષક સિનેમેટિક દૃશ્યો, સ્થાનિક લોકોના અનુભવો અને જીવંત વાર્તાઓ દ્વારા દર્શકોને ભારતના વારસાનો નવો પરિચય કરાવવાનો પ્રયાસ કરવામાં આવશે. સાથે જ, મુખ્ય પ્રવાહથી દૂર રહેલી અનેક અનોખી કથાઓને પણ આ સિરીઝમાં સ્થાન મળશે. પ્રોજેક્ટ વિશે વાત કરતાં રિચા ચઢ્ઢાએ જણાવ્યું, "બાળપણથી જ ઈતિહાસ મારો સૌથી પ્રિય વિષય રહ્યો છે. મને હંમેશા લાગતું હતું કે ઈતિહાસ આપણને લોકો, સમાજ અને આજની સ્થિતિ સુધી પહોંચવાની સફરને સમજવામાં મદદ કરે છે. વર્ષો દરમિયાન પ્રવાસ, લોકો સાથેની વાતચીત અને વાંચનથી મારી આ જિજ્ઞાસા વધુ મજબુત બની છે. 'મુસાફિરી' એ જ વ્યક્તિગત રસનું પરિણામ છે. હું એવી સિરીઝ બનાવવા માંગતી હતી, જે માત્ર સુંદર સ્મારકો કે દૃશ્યો નહીં, પરંતુ તે સ્થળોને અર્થ આપતી વાર્તાઓ, સ્મૃતિઓ અને સમુદાયોને પણ રજૂ કરે. ભારત પાસે અદભૂત સાંસ્કૃતિક સમૃદ્ધિ છે અને પાઠ્યપુસ્તકોની બહાર પણ અનેક એવી કથાઓ છે, જે લોકો સુધી પહોંચવી જોઈએ. મને આશા છે કે આ સિરીઝ લોકોને આપણા વારસાને નવી નજરથી જોવાની પ્રેરણા આપશે અને તેઓ દેશને વધુ જિજ્ઞાસા અને પ્રશંસાભાવ સાથે ઓળખવાનો પ્રયાસ કરશે. જો એક એપિસોડ જોયા પછી દર્શકો કોઈ સ્થળ અથવા તેના ઈતિહાસ વિશે વધુ જાણવા ઈચ્છે, તો અમારો હેતુ સફળ થયો માનીશું." 'મુસાફિરી' સાથે પુશિંગ બટન્સ સ્ટુડિયોઝ અર્થસભર અને ગુણવત્તાસભર કન્ટેન્ટ રજૂ કરવાની પોતાની દિશાને વધુ મજબુત બનાવી રહ્યું છે. આ નોન-ફિક્શન સિરીઝ સાંસ્કૃતિક શોધખોળ અને આકર્ષક વાર્તાઓનાં સમન્વય દ્વારા દર્શકોને ભારતના સમૃદ્ધ વારસાનો અનોખો અનુભવ કરાવશે અને એવી અનેક કથાઓને ઉજાગર કરશે, જે વધુ વ્યાપક ઓળખ મેળવવાની હકદાર છે.

# અશ્વત્થામા 'ગજિની' અને 'લગાન' થકી યાદગાર રહેશે



**મુંબઈ, તા.07**

'ગજિની' અને 'લગાન' જેવી યાદગાર ફિલ્મોમાં પોતાના અભિનયથી ઓળખ બનાવનાર વરિષ્ઠ અભિનેતા પ્રદીપ રાવતનું નિધન થયું છે. તેમના નિધનના સમાચાર અભિનેતા યશપાલ શર્માએ સોશિયલ મીડિયા પર ભાવુક પોસ્ટ શેર કરીને આપ્યા હતા. અહેવાલો મુજબ, પ્રદીપ રાવત છેલ્લા કેટલાક સમયથી બ્લડ કેન્સર સામે લડી રહ્યા હતા. બુધવારે મુંબઈ ખાતે તેમને અંતિમ સંસ્કાર કરાયા હતા. આશુતોષ ગોવારીકરની ઓસ્કર માટે નામાંકિત ફિલ્મ 'લગાન' (2001)માં પ્રદીપ રાવત સાથે કામ કરી ચૂકેલા યશપાલ શર્માએ પોતાના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. તેમણે પોતાના મિત્ર અને સહકલાકારના નિધન પર ઊંડું દુઃખ વ્યક્ત કર્યું હતું. ફિલ્મ જગતના અનેક કલાકારો અને સહકર્મીઓ સોશિયલ મીડિયા પર તેમને શ્રદ્ધાંજલિ પાઠવી રહ્યા છે અને તેમની ચાર દાયકાથી વધુ લાંબી કારકિર્દીને યાદ કરી રહ્યા છે. તેમના અંતિમ વિધિમાં પણ આમિર ખાન સહિત અનેક સહકલાકારો હાજર રહ્યા હતા.

પ્રદીપ રાવતને પ્રથમ વખત રાષ્ટ્રીય સ્તરે ઓળખ બી.આર. ચોપરાની લોકપ્રિય ટીવી શ્રેણી 'મહાભારત'માં અશ્વત્થામાની ભૂમિકાથી લોકપ્રિયતા મળી હતી. ત્યારબાદ તેમણે 'અગ્નિપથ' (1990), 'સરફરોશ' (1999) અને 'લગાન' (2001) જેવી અનેક સફળ ફિલ્મોમાં નોંધપાત્ર અભિનય કર્યો હતો.

વર્ષ 2005માં આવેલી તમિલ બ્લોકબસ્ટર ફિલ્મ 'ગજિની'માં તેમણે ડબલ ટાઈટલ પાત્ર ભજવીને ભારે લોકપ્રિયતા મેળવી હતી. બાદમાં 2008માં આમિર ખાન અભિનીત હિન્દી રિમેક 'ગજિની'માં પણ તેમણે એ જ યાદગાર પાત્ર ફરી નિભાવ્યું હતું, જેના કારણે તેઓ દેશભરમાં વધુ જાણીતા બન્યા હતા.

# સની દેઓલ અને પ્રીતિ ઝિન્ટા 'બટવારા 1947'ના પ્રમોશન માટે અમદાવાદ આવ્યાં

**મુંબઈ, તા.07**

સની દેઓલની ફિલ્મ 'બટવારા 1947'ના પ્રમોશન માટે અભિનેતા સની દેઓલ, પ્રીતિ ઝિન્ટા અને કરણ દેઓલ અમદાવાદ પહોંચ્યાં હતાં. શહેરની મુલાકાત દરમિયાન ત્રણેય કલાકારોએ અટલબ્રીજ સહિત અમદાવાદના વિવિધ સ્થળોની મુલાકાત લીધી અને સ્થાનિક વાનગીઓનો પણ સ્વાદ માણ્યો હતો.

તાજેતરમાં રિલીઝ થયેલા ફિલ્મના ટ્રેલરને દર્શકો તરફથી સારો પ્રતિસાદ મળ્યા બાદ ફિલ્મની ટીમે પ્રમોશનલ અભિયાન તેજ કર્યું છે. અમદાવાદ પ્રવાસ દરમિયાન સની દેઓલ, પ્રીતિ ઝિન્ટા અને કરણ દેઓલે સૌપ્રથમ સાબરમતી રિવરફ્રન્ટની મુલાકાત લીધી હતી. ત્યારબાદ તેઓ સિલ્વર ઓક યુનિવર્સિટી પહોંચ્યા, જ્યાં વિદ્યાર્થીઓ અને ચાહકો સાથે મુલાકાત કરી અને તેમની સાથે સંવાદ કર્યો હતો.

બાદમાં ત્રણેય કલાકારોએ ગુજરાતી થાળીનો આસ્વાદ માણ્યો હતો. 'બટવારા 1947' ભારતના ભાગલાના કરુણ સમયગાળાની પૃષ્ઠભૂમિ પર આધારિત ભાવનાત્મક કથા છે. ફિલ્મમાં પ્રેમ, ત્યાગ, હિંમત અને માનવતાના સંદેશને કેન્દ્રસ્થાને રાખવામાં



આવ્યો છે.

ફિલ્મમાં સની દેઓલ, પ્રીતિ ઝિન્ટા, કરણ દેઓલ, શબાના આઝમી, અલી ફઝલ અને અભિમન્યુ સિંહ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. ખાસ વાત એ છે કે લગભગ 30 વર્ષ બાદ દિગ્દર્શક રાજકુમાર સંતોષી અને સની દેઓલની લોકપ્રિય જોડી ફરી એકવાર સાથે કામ કરી રહી છે. આમિર ખાન પ્રોડક્શન્સના બેનર હેઠળ બનેલી આ ફિલ્મનું દિગ્દર્શન રાજકુમાર સંતોષીએ કર્યું છે. ફિલ્મનું સંગીત એ.આર. રહેમાને આપ્યું છે, જ્યારે ગીતો જાવેદ અખ્તરે લખ્યા છે. 'બટવારા 1947' વિશ્વભરના સિનેમાઘરોમાં 14 ઑગસ્ટ, 2026ના રોજ રિલીઝ થશે.

# બાળકો પછી પ્રાથમિકતાઓ બદલાઈ ગઈ, ફિલ્મોની ખોટ ક્યારેય અનુભવાઈ નહીં : પ્રીતિ

**મુંબઈ, તા.07**

લગભગ આઠ વર્ષ બાદ પ્રીતિ ઝિન્ટા ફરી એકવાર મોટા પડદા પર વાપસી કરી રહી છે. રાજકુમાર સંતોષીની આગામી ફિલ્મ 'બટવારા 1947'માં તે સની દેઓલ સાથે લીડ રોલમાં જોવા મળશે. ફિલ્મનાં પ્રમોશન દરમિયાન પ્રીતિએ લાંબા વિરામ, માતૃત્વ અને પોતાનાં કમબેક વિશે વાત કરી છે. 2000ના દાયકામાં બોલિવૂડની સૌથી સફળ અને સૌથી વધુ ફી લેનારી અભિનેત્રીઓમાં સામેલ રહેલી પ્રીતિએ લગ્ન અને બાળકો બાદ પોતાનાં પરિવારને પ્રાથમિકતા આપી હતી. વર્ષ 2018માં આવેલી 'ભૈયાજી સુપરહિટ' પછી તે ફિલ્મોથી સંપૂર્ણપણે દૂર રહી હતી. ફિલ્મમાં લાંબા સમય બાદ કામ કરવાનો અનુભવ શેર કરતાં પ્રીતિએ કહ્યું કે શરૂઆતમાં તે બહુ જ નર્વસ હતી.



તેણે જણાવ્યું, "હા, શરૂઆતમાં ગભરામણ હતી. પ્રથમ દિવસે રાજકુમાર સંતોષીએ ફિલ્મનો સૌથી મુશ્કેલ સીન મારી પાસે કરાવ્યો. હું સની દેઓલ તરફ જ જોઈ રહી હતી અને વિચારતી હતી કે હવે શું કરું."

સની દેઓલના વખાણ કરતાં તેણે ઉમેર્યું, "સની બહુ મોટા દિલના, દયાળુ અને સહકાર આપનારા વ્યક્તિ છે. તેઓ સતત મને હિંમત આપતા હતા. તેઓ કહેતા હતા, 'ચિંતા ન કર, રાજકુમારજીને રીટેક્સ ગમે છે. કંઈ ખાઈશ?' તેમની આ વાતોથી મને ઘણો આત્મવિશ્વાસ મળ્યો."

પ્રીતિએ જણાવ્યું કે શરૂઆતનો મુશ્કેલ સીન પુરો થયા બાદ બધું સરળ લાગવા લાગ્યું.

લાંબા સમય સુધી ફિલ્મોથી દૂર રહેવા અંગે પૂછાતા પ્રીતિએ સ્પષ્ટ કહ્યું કે તેને ફિલ્મોની ક્યારેય ખોટ અનુભવાઈ નહોતી. તેણે કહ્યું, "સાચું કહું તો મને ફિલ્મોની ખોટ અનુભવાઈ નહોતી. હું મારા પરિવાર સાથેનો સમય માણી રહી હતી. બાળકો સાથે જીવનનો એક નવો તબક્કો શરૂ થયો હતો. મારી કારકિર્દીમાં ભલે ઘણી સિદ્ધિઓ મળી હોય, પરંતુ મારા માટે સૌથી મોટી સિદ્ધિ મારા બાળકો છે."

પ્રીતિનું માનવું છે કે માતા બન્યા બાદ તે 'બટવારા 1947'માં પોતાનાં પાત્ર સાથે વધુ સારી રીતે જોડાઈ શકી. તેણે કહ્યું, "આજે પણ મારી પ્રથમ પ્રાથમિકતા પરિવાર જ છે. ત્યારે 1947માં પરિવારનું મહત્વ કેટલું હશે તેની કલ્પના કરી શકાય. આ જ કારણ છે કે હું આ પાત્ર સાથે ભાવનાત્મક રીતે જોડાઈ શકી."

ફિલ્મમાં પ્રીતિ એક મુસ્લિમ મહિલાની ભૂમિકામાં છે, જેના પતિ (સની દેઓલ) ભાગલા પછીના તણાવભર્યા સમયમાં પોતાનાં લાહોર સ્થિત ઘરમાં એક હિંદુ મહિલાને આશરો આપે છે.

# સેન્સેક્સ 1,00,000 પોઈન્ટના જાદુઈ આંકડાને પાર કરશે: શેરબજારમાં તેજી ચાલુ રહેશે......

મુંબઈ, તા.07



ભારતીય શેરબજારને લઈને ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ બેંક 'મોર્ગન સ્ટેનલી'ને ઘણી અપેક્ષાઓ છે. કંપનીએ BSE સેન્સેક્સ માટે પોતાનો 1,00,000 નો બુલ કેસ ટાર્ગેટ જાળવી રાખ્યો છે. તેનું માનવું છે કે તાજેતરના મહિનાઓમાં શેરબજારમાં આવેલી તેજી આગળ પણ ચાલુ રહી શકે છે. જોકે, આગળની દિશા મોટાભાગે વૈશ્વિક ઘટનાક્રમો અને રોકાણકારોના દૃષ્ટિકોણ પર નિર્ભર રહેશે.

મોર્ગન સ્ટેનલીનું કહેવું છે કે ભારતની સુધરતી વૃદ્ધિ અને વેલ્યુએશન બજારને ટેકો આપી રહ્યા છે. કંપની અનુસાર, સૌથી મહત્વની વાત એ હશે કે રોકાણકારો ભારત અને વિશ્વની બીજી મોટી અર્થવ્યવસ્થાઓની વૃદ્ધિની તુલના કેવી રીતે કરે છે. જો વૈશ્વિક સ્તરે AI કેપેક્સને લઈને સાવચેતી જળવાઈ રહે અને ભારતની વૃદ્ધિ મજબૂત થાય, તો ભારતીય શેરબજારને ફાયદો મળી શકે છે.

મોર્ગન સ્ટેનલીએ પોતાના બુલ કેસને 25 ટકા સંભાવના આપી છે. જ્યારે 50 ટકા સંભાવના સાથે સેન્સેક્સનો બેઝ કેસ ટાર્ગેટ 89,000 રાખવામાં આવ્યો છે. બીજી તરફ, 25 ટકા સંભાવના સાથે બેર કેસ ટાર્ગેટ 66,000 નક્કી કરવામાં આવ્યો છે. બેઝ કેસમાં મેક્રો સ્થિરતા, ખાનગી રોકાણમાં વધારો અને મજબૂત આર્થિક વૃદ્ધિનો અંદાજ લગાવવામાં આવ્યો છે. 4 ઓગસ્ટના પોતાના રિપોર્ટમાં મોર્ગન સ્ટેનલીએ કહ્યું કે તેને હાલમાં સપ્લાય સંબંધિત મોટી મુશ્કેલીઓ દેખાઈ રહી નથી. કંપનીનો અંદાજ છે કે નાણાકીય વર્ષ 2029 સુધીમાં સેન્સેક્સ કંપનીઓની કમાણી સરેરાશ 16 ટકા વાર્ષિક દરે વધી શકે છે. તેનું માનવું છે કે રિટેલ રોકાણકારોની માગ હજુ પણ બજારમાં સપ્લાય કરતાં વધુ છે.

મોર્ગન સ્ટેનલી અનુસાર, જૂન ક્વાર્ટરના પરિણામોએ આ ધારણાને વધુ મજબૂત કરી છે કે ભારતની ઘરેલું વૃદ્ધિમાં તેજી આવી રહી છે. જ્યારે, ગ્લોબલ AI ટ્રેડમાં ઉતાર-ચઢાવ વિદેશી બજારોમાં વધતી સાવચેતીનો સંકેત આપે છે. કંપનીને અપેક્ષા છે કે આવનારા મહિનાઓમાં હાઈ ફ્રીક્વન્સી ઈન્ડિકેટર્સ પોઝિટિવ રહેશે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારત હાલમાં મોટા આર્થિક સુધારાઓના તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. તેની અસર આવનારા ક્વાર્ટર્સમાં વૃદ્ધિ અને કેપિટલ ફ્લો બંને પર દેખાઈ શકે છે. મોર્ગન સ્ટેનલીનું એ પણ માનવું છે કે સતત આવી રહેલા IPO આગામી કેટલાક મહિનાઓ સુધી બજારને ટેકો આપી શકે છે, જોકે તેમની ગતિ ખૂબ વધારે ન થઈ જાય.

મોર્ગન સ્ટેનલીનું કહેવું છે કે ભારતીય શેરબજારમાં તાજેતરમાં જોવા મળેલી વેલ્યુએશન ડી-રેટિંગ અસ્થાયી એટલે કે સાયક્લિકલ છે, લાંબા ગાળાની સેક્યુલર નબળાઈ નથી. તેના મતે, ભારતનો વિકાસ નીચલા સ્તરેથી બહાર આવીને હવે ઉપરની તરફ વધી રહ્યો છે. જોકે, AI કેપેક્સ સાયકલનો લાભ લેતી કેટલીક અર્થવ્યવસ્થાઓની સરખામણીમાં તેની ગતિ હજુ ઓછી છે. કંપનીએ એમ પણ કહ્યું કે ભારતના લાંબા ગાળાના વિકાસ અંગે બે મોટી ચિંતાઓ વ્યક્ત કરવામાં આવે છે. પ્રથમ, ઘટતો ફર્ટિલિટી રેટ અને બીજું, મોટી સર્વિસ ઈકોનોમી પર AIની અસર. જોકે મોર્ગન સ્ટેનલીનું માનવું છે કે આ બંને જોખમોને જરૂરિયાત કરતાં વધુ પડતા આંકી રહ્યા છે.

મોર્ગન સ્ટેનલીનું કહેવું છે કે IT સર્વિસિસ આવનારા સમયમાં ડાર્ક હોર્સ સાબિત થઈ શકે છે. દુનિયા AI આધારિત એપ્લિકેશન અને સોલ્યુશન્સ વિકસાવવા માટે ભારતીય IT કંપનીઓ તરફ જોઈ રહી છે. જો આ ટ્રેન્ડ મજબૂત થશે, તો આ સેક્ટરને મોટો ફાયદો મળી શકે છે. કંપનીના મતે, ભારત માટે સૌથી મોટા જોખમો હાલમાં બાહ્ય છે. તેમાં ભૂ-રાજકીય તણાવ અને વૈશ્વિક અર્થતંત્રની ધીમી ગતિનો સમાવેશ થાય છે. ઘરેલું સ્તરે નબળી કૃષિ ઉત્પાદકતા, ન્યાયપાલિકામાં ક્ષમતાનો અભાવ અને AIને કારણે લેબર માર્કેટ પર સંભવિત દબાણને પણ જોખમ તરીકે જોવામાં આવ્યું છે. મોર્ગન સ્ટેનલીનું માનવું છે કે આવનારા મહિનાઓમાં ઘરેલું વિકાસ અને વૈશ્વિક ભાવનાઓ નક્કી કરશે કે ભારતીય શેરબજારની આગામી ચાલ કેવી રહેશે.

# સેન્સેક્સ 300 પોઈન્ટ ઘટીને 78,600 પર ટ્રેડિંગ: નિફ્ટી 50 પોઈન્ટ નીચે 24580 પર આવ્યો, બેંકિંગ શેરોમાં વેચવાલી

મુંબઈ, તા.07




આજના કારોબારી દિવસે સ્થાનિક શેરબજારમાં ચારેકોર મંદીનું મોજું ફરી વળ્યું છે, જેના કારણે રોકાણકારોમાં ભારે ચિંતા અને અસ્થિરતાનો માહોલ સર્જાયો છે. સપ્તાહના અંતિમ દિવસે સવારથી જ બજારમાં વેચવાલીનું ભારે દબાણ જોવા મળ્યું હતું, જેના પરિણામે પ્રમુખ શેરબજાર સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટી નોંધપાત્ર ઘટાડા સાથે લાલ નિશાનમાં જ કારોબાર કરી રહ્યા છે. આજના ટ્રેડિંગ સેશનમાં ખાસ કરીને નાણાકીય અને બેન્કિંગ ક્ષેત્રના અગ્રણી શેરોમાં સૌથી વધુ પ્રોફિટ બુકિંગ અને વેચવાલીનું ચક્ર જોવા મળ્યું છે, જેણે બજારના સમગ્ર સેન્ટિમેન્ટ પર નકારાત્મક અસર પાડી છે. જોકે, આ મંદીના માહોલ વચ્ચે પણ આઈટી સેક્ટરના શેરોમાં રોકાણકારો તરફથી સુંદર લેવાલી અને ખરીદીનો ટેકો મળ્યો છે, જેથી ઈન્ડેક્સમાં વધુ પડતો મોટો કડાકો અટક્યો છે અને બજારને નીચલા સ્તરેથી આંશિક રાહત મળી છે.

ભારતીય બજાર ઉપરાંત સમગ્ર એશિયાઈ શેરબજારોમાંથી પણ આજે અત્યંત નબળા અને સરેરાશ સંકેતો મળી રહ્યા છે. મોટાભાગના પ્રમુખ એશિયન બજારોમાં સવારથી જ ઘટાડાની ચાલ જોવા મળી રહી છે. દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ અને જાપાનનો નિકેઈ ઈન્ડેક્સ બંને મોટા ઘટાડા સાથે લાલ નિશાનમાં રેકોર્ડ થઈ રહ્યા છે, જે વૈશ્વિક રોકાણકારોના આત્મવિશ્વાસમાં થયેલા ઘટાડાની સ્પષ્ટ છાપ દર્શાવે છે. બીજી બાજુ, હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ મામૂલી વધારા સાથે લીલા નિશાનમાં સ્થિર રહેવાનો પ્રયાસ કરી રહ્યો છે, પરંતુ આ નાનો સુધારો સમગ્ર એશિયાઈ બજારમાં છવાયેલી મંદીની અસરને દૂર કરવા માટે પૂરતો સાબિત થઈ રહ્યો નથી.

આંતરરાષ્ટ્રીય સ્તરે નજર કરીએ તો, ગઈકાલે રાત્રે બંધ થયેલા અમેરિકી શેરબજારો તરફથી પણ સ્થાનિક બજારને કોઈ સકારાત્મક ટેકો મળી શક્યો નહોતો. ગઈકાલના સેશનમાં વોલ સ્ટ્રીટ પર વેચવાલીનું તીવ્ર દબાણ જોવા મળ્યું હતું. અમેરિકાનો મુખ્ય ઈન્ડેક્સ ડાઉ જોન્સ નોંધપાત્ર ઘટાડા સાથે બંધ રહ્યો હતો, જ્યારે ટેકનોલોજી આધારિત નાસ્ડેક તેમજ S&P 500 ઈન્ડેક્સમાં પણ હળવો ઘટાડો નોંધાયો હતો અને બંને સૂચકાંકો લાલ નિશાનમાં બંધ થવામાં સફળ રહ્યા હતા. અમેરિકી બજારમાં જોવા મળેલી આ નબળાઈ પાછળ ફુગાવાની સ્થિતિ, વ્યાજદરો અંગેની આશંકાઓ અને વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતાઓ મુખ્ય કારણ માનવામાં આવી રહી છે.

આમ, વિશ્વભરના તમામ અગ્રણી શેરબજારોમાંથી મળી રહેલા નકારાત્મક સંકેતો, બેન્કિંગ સેક્ટરમાં ચાલી રહેલું વેચવાલીનું દબાણ, ક્રૂડ ઓઈલના ભાવમાં થતી હલચલ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FII) ની ગતિવિધિઓને ધ્યાનમાં રાખીને સ્થાનિક રોકાણકારો હાલ ભારે સાવચેતીનું વલણ અપનાવી રહ્યા છે. મોટાભાગના ટ્રેડર્સ અને રોકાણકારો આ તબક્કે મોટી નવી સ્થિતિ (પોઝિશન) બનાવવાનું ટાળી રહ્યા છે અને બજારમાં સ્થિરતા આવે ત્યાં સુધી રાહ જુઓ અને જુઓ ની નીતિ તરફ આગળ વધી રહ્યા છે.

# 'હવાઈ ઈંધણમાં ઈથેનોલ ભેળવવાની કોઈ યોજના નથી': કેજરીવાલે કહ્યું હતું- આનાથી મુસાફરોની સુરક્ષાને ખતરો

નવી દિલ્હી, તા.07



કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુએ કહ્યું કે સરકારનો વિમાનના ઈંધણમાં ઈથેનોલ ભેળવવાનો કોઈ પ્લાન નથી. તેમણે કહ્યું કે વિમાન સુરક્ષાને લઈને આવી ખોટી માહિતી કે અફવાઓ ફેલાવવાથી હવાઈ મુસાફરોમાં બિનજરૂરી ડર અને ચિંતા પેદા થાય છે.

નાયડુનું આ નિવેદન દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના તે દાવા પછી આવ્યું છે, જેમાં તેમણે કેન્દ્ર સરકાર પર વિમાનના ઈંધણમાં ઈથેનોલ ભેળવવાની યોજનાનો આરોપ લગાવ્યો હતો. ઉડ્ડયન મંત્રીએ સ્પષ્ટ કર્યું કે હવાઈ મુસાફરોની સુરક્ષા સરકારની પ્રથમ પ્રાથમિકતા છે અને સુરક્ષા ધોરણો સાથે કોઈ સમાધાન કરવામાં આવશે નહીં.

અરવિંદ કેજરીવાલના આરોપોનો જવાબ આપતા કેન્દ્રીય મંત્રી રામમોહન નાયડુએ X પર લખ્યું કે ઈથેનોલ અને સસ્ટેનેબલ એવિએશન ફ્યુઅલ (SAF) બે સંપૂર્ણપણે અલગ વસ્તુઓ છે અને તેમને એકસરખા ન ગણવા જોઈએ.

તેમણે કહ્યું- SAF એક આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રમાણિત એવિએશન ફ્યુઅલ છે, જેને ઈન્ટરનેશનલ સિવિલ એવિએશન ઓર્ગેનાઈઝેશન એટલે કે ICAO દ્વારા માન્યતા પ્રાપ્ત છે અને તેને વૈશ્વિક સ્તરે અપનાવવામાં આવી રહ્યું છે.

નાયડુએ આગળ જણાવ્યું કે SAFને ઉપયોગમાં લેતા પહેલા કડક ટેસ્ટિંગ પ્રક્રિયામાંથી પસાર કરવામાં આવે છે. તે આંતરરાષ્ટ્રીય સ્તરના સુરક્ષા ધોરણોને સંપૂર્ણપણે પૂર્ણ કરે છે. તેથી તેને સામાન્ય જેટ ફ્યુઅલ સાથે વાપરવું સંપૂર્ણપણે સુરક્ષિત માનવામાં આવ્યું છે.

તેમણે પુનરાવર્તન કર્યું કે દેશમાં એવિએશન સેક્ટરની વૃદ્ધિ અને મુસાફરોની સુરક્ષાને લઈને સરકાર પ્રતિબદ્ધ છે અને સુરક્ષા સંબંધિત કોઈપણ પગલું વૈશ્વિક ધોરણોને ધ્યાનમાં રાખીને જ લેવામાં આવે છે.

ભારતમાં 20% ઈથેનોલ અને 80% પેટ્રોલના આ મિશ્રણ એટલે કે E20નો વિરોધ થઈ રહ્યો છે. ખાસ કરીને 2023 પહેલા બનેલી પેટ્રોલ ગાડીઓના માલિકો પરેશાન છે. તેમનો દાવો છે કે આ ફ્યુઅલથી ગાડીઓનું માઈલેજ ઓછું થઈ રહ્યું છે, મેન્ટેનન્સનો ખર્ચ વધી ગયો છે અને એન્જિનના પાર્ટ્સ જલ્દી ખરાબ થઈ રહ્યા છે.

ઈથેનોલ : મુખ્યત્વે શેરડી અથવા અનાજમાંથી બને છે. તેને કાર/બાઈક માટે પેટ્રોલ સાથે મિશ્રિત કરવામાં આવે છે. તેનો ઉપયોગ વિમાનના એન્જિનમાં સીધો કરી શકાતો નથી.

SAF : તે બાયો-વેસ્ટ, વપરાયેલ રસોઈ તેલ અને અન્ય ઓર્ગેનિક કચરામાંથી બને છે. તે પરંપરાગત ATF જેવું જ રાસાયણિક માળખું ધરાવે છે અને કાર્બન ઉત્સર્જનને 80% સુધી ઘટાડે છે.

હાલમાં 40થી વધુ દેશો અને પ્રદેશોએ SAFના સમર્થનમાં નીતિઓ લાગુ કરી છે અથવા વિકસાવી રહ્યા છે. ઈન્ટરનેશનલ સિવિલ એવિએશન ઓર્ગેનાઈઝેશન એટલે કે ICAOના આંકડા અનુસાર, વિશ્વભરના 125થી વધુ એરપોર્ટ પર SAF ઉપલબ્ધ છે અને અત્યાર સુધીમાં 3,60,000થી વધુ વ્યાપારી ફ્લાઈટ્સ SAFનો ઉપયોગ કરી ચૂકી છે. અમેરિકા અને યુરોપ તેના ઉપયોગમાં સૌથી આગળ છે.

# 35 લોકોની કંપની પર ગૂગલ 13000 કરોડનો વરસાદ કરવા તૈયાર! AI જગતમાં થશે મોટી ડીલ

નવી દિલ્હી, તા.07

ગૂગલ એક એવી સંભવિત ડીલ કરવા જઈ રહ્યું છે, જેનાથી AI સ્પેસમાં ખળભળાટ મચી ગયો છે. 35 લોકોની AI કોડિંગ કંપનીને ગૂગલ 1.5 બિલિયન ડોલર (Billion Dollar) આપવાની તૈયારીમાં છે. પરંતુ શા માટે? ચાલો જાણીએ.

AIની દુનિયામાં વર્તમાન સમયમાં કંઈક અલગ જ જોવા મળી રહ્યું છે. ક્યારેક નવા મોડલ્સની લડાઈ, તો ક્યારેક AI પાસે કોડિંગ કરાવવાની સ્પર્ધા. હવે સૌથી મોટી લડાઈ એવા AI ટૂલ્સની છે, જે જાતે કોડ લખી શકે, એપ બનાવી શકે, અને સોફ્ટવેર ડેવલપમેન્ટનો મોટો હિસ્સો પોતે જ સંભાળી શકે. આ જ રેસમાં આગળ નીકળવા માટે ગૂગલ હવે એક નાના AI સ્ટાર્ટઅપ પર મોટો દાવ લગાવવાની તૈયારીમાં છે. આ સ્ટાર્ટઅપ ગયા વર્ષે એટલે કે 2025 માં જ બન્યું હતું.




અહેવાલો મુજબ, Google અમેરિકાના AI કોડિંગ સ્ટાર્ટઅપ Mechanize સાથે 1.5 બિલિયન ડોલર એટલે કે આશરે 13,000 કરોડ કરતાં વધુની ડીલ પર વાતચીત કરી રહ્યું છે. કેટલાક અહેવાલોમાં 2 બિલિયન ડોલરની પણ વાત છે. રસપ્રદ વાત એ છે કે, આ સ્ટાર્ટઅપમાં માત્ર 35 જેટલા કર્મચારીઓ છે, છતાં ગૂગલ આટલી મોટી રકમ ખર્ચવા તૈયાર છે.

આ કોઈ સીધું અધિગ્રહણ (Acquisition) નહીં હોય. અહેવાલ મુજબ ગૂગલ સ્ટાર્ટઅપની AI ટેક્નોલોજીનું લાયસન્સ લેવા માંગે છે, અને સાથે જ તેના ઘણા એન્જિનિયરોને Google DeepMindમાં સામેલ કરવા માંગે છે. એટલે કે કંપની માટે સૌથી મોટી બાબત તેની પ્રોડક્ટ નહીં, પરંતુ ત્યાં કામ કરતા AI એક્સપર્ટ્સ છે.

Mechanizeની શરૂઆત 2025માં થઈ હતી. કંપની AI કોડિંગ એજન્ટ પર કામ કરે છે. તેનો હેતુ એવું AI તૈયાર કરવાનો છે, જે મનુષ્યોની જેમ સોફ્ટવેર એન્જિનિયરિંગના ઘણા કામ પોતે કરી શકે. કંપનીના CEO તમય બેસિરોગ્લુ (Tamay Besiroglu) આ પહેલા AI રિસર્ચ સંસ્થા Epoch AI ના કો-ફાઉન્ડર રહી ચૂક્યા છે. સ્ટાર્ટઅપે અત્યાર સુધી આશરે 9.1 મિલિયન (9.1 Million Dollar) નું ફંડિંગ એકત્ર કર્યું છે, અને છેલ્લી ફંડિંગ દરમિયાન તેનું વેલ્યુએશન આશરે 500 મિલિયન ડોલર (500 Million Dollar) આંકવામાં આવ્યું હતું.

છેલ્લા એક વર્ષમાં AI કોડિંગ ટૂલ્સની લોકપ્રિયતા ઝડપથી વધી છે. OpenAI નું Codex, Anthropicનું Claude, Cursor, Devin અને અન્ય AI ટૂલ્સ હવે ડેવલપર્સ વચ્ચે ઝડપથી વપરાઈ રહ્યા છે. ગૂગલનું Gemini પણ કોડિંગ કરે છે, પરંતુ ઘણા ડેવલપર્સ હજુ પણ અન્ય પ્લેટફોર્મને વધુ પસંદ કરે છે. તેવામાં ગૂગલ પોતાની કોડિંગ ક્ષમતાને ઝડપથી સુધારવા માંગે છે. ગૂગલ છેલ્લા કેટલાક મહિનાઓથી AI ટેલેન્ટ રેસમાં ખૂબ આક્રમક દેખાઈ રહ્યું છે. થોડા સમય પહેલા કંપનીએ Windsurf ના CEO વરુણ મોહન અને કો-ફાઉન્ડર ડગલસ ચેન સહિત અનેક રિસર્ચર્સને પોતાના DeepMind ડિવિઝનમાં સામેલ કર્યા હતા. તે ડીલમાં પણ ગૂગલે કંપનીને પૂરી રીતે ખરીદી નહોતી, પરંતુ તેની ટેક્નોલોજીનું લાયસન્સ લીધું હતું, અને મુખ્ય એન્જિનિયરોને પોતાની સાથે જોડ્યા હતા.

AI ઈન્ડસ્ટ્રીમાં હવે સૌથી મોટી અછત કમ્પ્યુટર કે પૈસાની નથી, પરંતુ ઉત્તમ AI એન્જિનિયરોની છે. આ જ કારણ છે કે Meta, Google, OpenAI, Microsoft અને Anthropic જેવી કંપનીઓ નાના-નાના સ્ટાર્ટઅપ્સમાંથી સીધું ટેલેન્ટ પોતાની સાથે જોડી રહી છે. ઘણી વાર કંપનીને પૂરી રીતે ખરીદવાને બદલે તેના એન્જિનિયરોને હાયર કરવા વધુ સરળ અને ઝડપી માનવામાં આવે છે. આનાથી નિયમનકારી તપાસ (Regulatory Scrutiny) ની શક્યતા પણ ઓછી રહે છે.

AI Coding Agent એવી સિસ્ટમ હોય છે, જે ફક્ત કોડનું સજેશન નથી આપતું, પરંતુ આખો પ્રોજેક્ટ સમજીને પોતે કોડ લખી શકે છે, બગ્સ ઠીક કરી શકે છે, ટેસ્ટ ચલાવી શકે છે, અને એપ તૈયાર કરવામાં પણ મદદ કરે છે. એવું પણ માનવામાં આવે છે કે, આવનારા સમયમાં સોફ્ટવેર ડેવલપમેન્ટનો મોટો હિસ્સો આવા AI એજન્ટ સંભાળી શકે છે. Google અને Mechanize એ હાલમાં આ સંભવિત ડીલ પર અધિકૃત રીતે કોઈ ટિપ્પણી કરી નથી. પરંતુ જો આ કરાર પૂરો થશે, તો તે AI કોડિંગ સેક્ટરની સૌથી મોટી ડીલ્સમાંથી એક હશે.

# ડાબરના '100% પ્યોર'ના દાવાવાળા પ્રોડક્ટ્સ પર પ્રતિબંધ ટળ્યો: કોર્ટે કહ્યું- સુરક્ષા પર કોઈ સવાલ નથી, પ્રોડક્ટ્સનું વેચાણ

નવી દિલ્હી, તા.07

દિલ્હી હાઈકોર્ટ તરફથી મશહૂર એફએમસીજી કંપની ડાબરને એક મોટી અને મહત્વપૂર્ણ વચગાળાની રાહત પ્રાપ્ત થઈ છે. ભારતીય ખાદ્ય સુરક્ષા અને ધોરણો પ્રાધિકરણ એટલે કે FSSAI દ્વારા જારી કરવામાં આવેલા તે આદેશ પર કોર્ટે હાલ પૂરતી રોક લગાવી દીધી છે, જેમાં ડાબરના '100% પ્યોર', '100% નેચરલ' અને '100% ઓર્ગેનિક' જેવા દાવાઓ ધરાવતા વિવિધ ઉત્પાદનોનું વેચાણ તાત્કાલિક ધોરણે બંધ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને જસ્ટિસ અમિત મહાજનની ખંડપીઠે આ કેસમાં કેન્દ્ર સરકાર અને FSSAI બંનેને કારણદર્શક નોટિસ જારી કરીને તેમની પાસે વિસ્તૃત જવાબ માંગ્યો છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે જ્યાં સુધી આ વિવાદમાં આગામી સુનાવણી પૂરી ન થાય અને આખરી નિર્ણય ન આવે ત્યાં સુધી FSSAI નો પ્રતિબંધિત આદેશ સંપૂર્ણપણે સ્થગિત રહેશે. આ સમગ્ર વિવાદની પાછળ FSSAI દ્વારા ડાબરની અગ્રણી અને દૈનિક વપરાશની પ્રોડક્ટ્સ પર લેવામાં આવેલું કડક વલણ જવાબદાર હતું. FSSAI એ ડાબરના એવા તમામ ઉત્પાદનોની ખરીદી અને વેચાણ પર રોક લગાવી દીધી હતી જેના પેકિંગ કે લેબલ પર '100% પ્યોર', '100% નેચરલ' કે '100% ઓર્ગેનિક' જેવા શબ્દો કે દાવાઓ લખેલા હોય છે. આ લિસ્ટમાં ભારતીય ઘરોમાં ખૂબ જ લોકપ્રિય એવા ડાબર હની, ડાબર હની સ્ક્વીઝી, ડાબર સુંદરબન્સ હની, ડાબર ઓર્ગેનિક હની, ડાબર હિમાલયન એપલ સાઈડર વિનેગર, ડાબર વર્જિન કોકોનટ ઓઈલ, ડાબર કાઉ ઘી, રિયલ એક્ટિવ 100% ટેન્ડર કોકોનટ વોટર અને ડાબર હોમમેડ કોકોનટ મિલ્ક જેવા ઉત્પાદનોનો સમાવેશ થતો હતો. FSSAI નો મુખ્ય વાંધો એવો હતો કે પેકેટના લેબલ પર '100%' જેવા દાવાઓ લખવા અસ્પષ્ટ છે અને તે સામાન્ય ગ્રાહકોને ભ્રમિત કરી શકે છે. લેબલિંગ નિયમનકારનો એવો તર્ક હતો કે આવા દાવાઓની વૈજ્ઞાનિક કે કાયદાકીય રીતે કોઈ ચોક્કસ ચકાસણી કરી શકાતી નથી, જેથી ગ્રાહકો સુધી ખોટી માહિતી પહોંચવાની શક્યતા સદા રહે છે.




જોકે, FSSAI ના આ એકતરફી નિર્ણય સામે ડાબરે કાનૂની માર્ગ અપનાવ્યો અને દિલ્હી હાઈકોર્ટના દરવાજા ખટખટાવ્યા. ડાબરે કોર્ટ સમક્ષ મુખ્ય દલીલ એ કરી હતી કે FSSAI એ ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ રેગ્યુલેશન્સ, 2018 હેઠળ નક્કી કરવામાં આવેલી કાયદાકીય પ્રક્રિયાનું સરેઆમ ઉલ્લંઘન કર્યું છે. કંપનીનો આરોપ હતો કે આટલો મોટો અને આકરો નિર્ણય લેતા પહેલા FSSAI દ્વારા કંપનીને ન તો કોઈ કારણદર્શક નોટિસ પાઠવવામાં આવી હતી કે ન તો કોઈ સુધારાત્મક નોટિસ આપવામાં આવી હતી. કંપનીને પોતાનો પક્ષ રજૂ કરવાની કે પોતાના લેબલિંગ અંગે સ્પષ્ટતા કરવાની કોઈ જ તક આપ્યા વગર અચાનક જ ઉત્પાદનોનું વેચાણ રોકવાનો એકતરફી આદેશ જારી કરી દેવાયો હતો.

ડાબરે ટેકનિકલ અને કાનૂની મુદ્દાઓ પર FSSAI ના આદેશની ખામીઓ દર્શાવતા કોર્ટમાં જણાવ્યું કે FSSAI એક્ટ, 2006 ની કલમ 18 માત્ર માર્ગદર્શક સિદ્ધાંતો નક્કી કરવા માટે છે અને તે કોઈ પણ અધિકારીને અચાનક વેચાણ રોકવાનો સીધો અધિકાર આપતી નથી. આ ઉપરાંત regulatory આદેશમાં એ સ્પષ્ટ કરવામાં આવ્યું નહોતું કે '100% પ્યોર' અથવા '100% નેચરલ' જેવા શબ્દો લખવાથી નિયમોનો ભંગ કેવી રીતે થાય છે. કંપનીએ ભારપૂર્વક કહ્યું કે સિંગલ-ઈન્ગ્રેડિયંત એટલે કે માત્ર એક જ ઘટક ધરાવતા કુદરતી ઉત્પાદનો જેમ કે શુદ્ધ મધ કે નાળિયેર પાણી માટે '100% પ્યોર' કહેવું ક્યાંયથી પણ ગ્રાહકોને ભ્રમિત કરતું નથી.

સૌથી મહત્વની વાત એ છે કે આ સમગ્ર કાનૂની વિવાદ ઉત્પાદનની ગુણવત્તા કે તેની સલામતી સાથે બિલકુલ જોડાયેલો નથી. ડાબરે કોર્ટના ધ્યાન પર આ બાબત મૂકી કે FSSAI એ પોતાના આદેશમાં ક્યાંય પણ એવો ઉલ્લેખ નથી કર્યો કે આ ઉત્પાદનોમાં ભેળસેળ છે, તે અસુરક્ષિત છે, નકલી છે કે હલકી ગુણવત્તાવાળા છે. આ સમગ્ર લડાઈ માત્ર અને માત્ર પેકિંગના લેબલ પર લખાયેલી ભાષા અને જાહેરાતના દાવાઓ પૂરતી જ મર્યાદિત છે. અચાનક લાદવામાં આવેલા આ પ્રતિબંધથી ડાબરના વ્યાપાર પર બહુ મોટી નકારાત્મક અસર પડી રહી હતી. બજારમાં અગાઉથી મોજૂદ કરોડો રૂપિયાનો સ્ટોક પાછો ખેંચવાની કે તેનું નવેસરથી રિપેકેજિંગ કરવાની નોબત આવી ગઈ હતી. એટલું જ નહીં, FSSAI દ્વારા આ આદેશને સોશિયલ મીડિયા અને ઓનલાઈન રિટેલર્સ સમક્ષ જાહેર કરવામાં આવતા કંપનીની દાયકાઓ જૂની પ્રતિષ્ઠા અને વેપાર પર ખૂબ મોટો પ્રહાર થયો હતો. દિલ્હી હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલા આ વચગાળાના સ્ટે ઓર્ડર બાદ હવે બજારમાં સ્થિતિ પૂર્વવત થઈ ગઈ છે. ડાબર પોતાના તમામ પ્રભાવિત ઉત્પાદનોનું વેચાણ પહેલાની જેમ જ ઓનલાઈન અને ઓફલાઈન માધ્યમો પર ચાલુ રાખી શકશે. રિટેલર્સ કે ઈ-કોમર્સ પ્લેટફોર્મ્સ હવે આ ઉત્પાદનો વેચવા માટે મુક્ત છે.

# સરળ લોનના ચક્કરમાં ના ફસાશો! એક ભૂલ જીવનભર માટે ભારે પાડી જશે.....

નવી દિલ્હી, તા.07




આજના ડિજિટલ યુગમાં તમારા મોબાઈલ પર અવારનવાર એવા મેસેજ આવતા હશે જેમાં માત્ર 2 મિનિટમાં, કોઈ પણ પેપરવર્ક વગર લાખો રૂપિયાની લોન આપવાનો દાવો કરવામાં આવે છે. જો તમે પણ આવી લાલચમાં આવીને લોન એપ ડાઉનલોડ કરવાનું વિચારતા હોવ તો સાવચેત રહેવાની જરૂર છે. સરળ અને ઝડપી લોનની ઓફર ઘણીવાર મોટા ફ્રોડ(છેતરપિંડી)માં ફેરવાઈ શકે છે. કેટલીક ફેક એપ્સ માત્ર તમારો પર્સનલ ડેટા ચોરી કરવા માટે જ બનાવવામાં આવે છે, જ્યારે કેટલીક એપ લોન આપ્યા બાદ હિડન ચાર્જ અને અતિશય વ્યાજ વસૂલીને માનસિક રીતે ટોર્ચર કરે છે.

જ્યારે કોઈ વ્યક્તિ સરળતાથી લોન મેળવવાની લાલચમાં ફસાય છે, ત્યારે તે અજાણતા મોટી ભૂલ કરી બેસે છે. એપ ઈન્સ્ટોલ કરતી વખતે યુઝર પાસેથી કોન્ટેક્ટ લિસ્ટ, ગેલેરીના ફોટો, મેસેજ, લોકેશન અને કેમેરા જેવી તમામ પર્સનલ પરમિશન માંગવામાં આવે છે. એકવાર તમે આ પરમિશન આપી દો એટલે ઠગાઈની રમત શરૂ થઈ જાય છે. તેઓ તમારા બેંક ડિટેલ્સ અને પર્સનલ ડેટા ચોરી લે છે. જો લોન મળી પણ જાય, તો સમયસર ચૂકવણી કર્યા છતાં વધુ વ્યાજ અને હિડન ચાર્જના નામે ધમકીઓ આપવામાં આવે છે તેમજ તમારા કોન્ટેક્ટ લિસ્ટમાં રહેલા લોકોને ફોન કે મેસેજ કરીને બદનામ કરવાનો પ્રયાસ કરવામાં આવે છે.

કોઈપણ લોન એપ ડાઉનલોડ કરતાં પહેલા કેટલીક બાબતોનું ખાસ ધ્યાન રાખવું જરૂરી છે. રિવ્યૂ અને રેટિંગ: એપ ડાઉનલોડ કરતા પહેલા પ્લે સ્ટોર પર તેની રેટિંગ અને યુઝર રિવ્યૂ ચોક્કસ ચકાસો.

ઓફિશિયલ વેબસાઈટ: એપ કંપનીની અધિકૃત વેબસાઈટ અને આરબીઆઈ(RBI) રજિસ્ટ્રેશન અંગે તપાસ કરો. વધારે પડતી પરમિશન: જો કોઈ એપ લોન આપવા માટે તમારી ગેલેરી કે કોન્ટેક્ટ્સની બિનજરૂરી પરમિશન માંગે તો સાવચેત થઈ જાવ.

અજાણી લિંકથી બચો: મેસેજ કે સોશિયલ મીડિયા પર આવેલી અજાણી લિંક કે APK ફાઈલ પરથી ક્યારેય એપ ઈન્સ્ટોલ કરશો નહીં.

જો તમે અજાણતા આવી કોઈ સાયબર છેતરપિંડીનો શિકાર બની જાવ, તો તરત જ તેની જાણ નજીકના સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન અને તમારી બેંકને કરો. આ ઉપરાંત, તમારા મોબાઈલમાંથી તે ફેક એપને તુરંત ડિલીટ કરી દો અને તમારા તમામ મહત્ત્વપૂર્ણ એકાઉન્ટ તેમજ નેટ બેંકિંગના પાસવર્ડ બદલી નાખો.

# પંજાબી સબ્જી, પિત્ઝા, સેન્ડવીચના ભાવમાં તોતિંગ વધારો આવશે

## એનાલોગ પનીર પર પ્રતિબંધથી રસોડાથી લઈને રેસ્ટોરન્ટને અસર, દૂધની માગમાં પણ ઉછાળો

**અમદાવાદ, તા.07**

રાજ્ય સરકારે એનાલોગ ચીઝ, પનીર અને બટરના વપરાશ પર મૂકેલા પ્રતિબંધની સીધી અસર હવે ખાણીપીણીના બજેટ પર પડશે. અત્યાર સુધી નાના લારી-ગલ્લાં, કેફે અને ક્લાઉડ કિચનમાં એનાલોગ પનીર-ચીઝ-બટરનો ઉપયોગ થતો હતો, જેના કારણે ગ્રાહકોને વાનગીઓ વ્યાજબી ભાવે મળતી હતી, પરંતુ હવે ફરજિયાત શુદ્ધ 'મિલ્ક પનીર' અને ઓરિજિનલ ચીઝ-બટર વાપરવું ફરજિયાત બનતાં લોકોને દરેક વાનગી પર રૂ. 20થી 60 સુધીનો ભાવવધારો ચૂકવવો પડશે.

પનીર, ચીઝ અને બટરના ઉપયોગથી બનતી પંજાબી સબ્જી, સેન્ડવીચ અને પિત્ઝા મોંઘા થશે. પનીર બટર મસાલા જે અત્યાર સુધી 220 રૂપિયામાં મળતું હતું તે હવે 260 રૂપિયા, જ્યારે 200 રૂપિયાની ચીઝ ક્લબ સેન્ડવીચ વધીને 240 રૂપિયા સુધી પહોંચી જશે તો માર્ગરીટા પિત્ઝાનો ભાવ 150થી 180 સુધી પહોંચી જશે. આમ, અસલી સ્વાદ અને સ્વાસ્થ્ય માટે લોકોએ વધારે પૈસા ખર્ચવા પડશે.

દક્ષિણ ગુજરાતમાં આશરે 3,000 હોટેલ-રેસ્ટોરન્ટ અને એકલા સુરત શહેરમાં 5000થી વધુ લારી, ક્લાઉડ કિચન અને નાના આઉટલેટ્સ છે, જ્યાં દૈનિક ટનબંધ ચીઝ-પનીર વપરાય છે. દક્ષિણ ગુજરાત હોટેલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિયેશનના વાઈસ પ્રેસિડેન્ટ સનત રેલિયાએ જણાવ્યું હતું કે, સરકારનો આ નિર્ણય ખૂબ જ આવકારદાયક છે. જે નાના વેપારીઓ કે રેસ્ટોરન્ટ્સ અત્યાર સુધી પોતાની રેસિપી મુજબ એનાલોગ પનીર વાપરતા હતા, તેમને હવે ફરજિયાત મિલ્ક પનીર જ વાપરવું પડશે. જોકે, જે મોટા રેસ્ટોરન્ટ્સ પહેલેથી જ ઓરિજિનલ મિલ્ક પનીર વાપરતા હતા, તેમના ભાવમાં કોઈ ફેરફાર નહીં થાય.

વડોદરા હોટેલ ઓનર્સ એસોસિયેશનના વાઈસ પ્રેસિડેન્ટ હેમલ મહેતાએ જણાવ્યું હતું કે, એનાલોગ પનીર કોઈ જાણીતી



બ્રાન્ડ બનાવતી નથી. તે માત્ર લોકલ મિશ્રણ તરીકે તૈયાર થતું હોય છે. તેથી તેમાં કયા પ્રકારના ઘટકો વપરાય છે, તેની કોઈ સ્પષ્ટ માહિતી ગ્રાહક કે વેપારી પાસે હોતી નથી. સરકારે પનીર માટે લો-ફેટ, મીડિયમ-ફેટ અને ફૂલ-ફેટ જેવા વિકલ્પો આપ્યા છે. જો રેસ્ટોરન્ટ લો-ફેટ પનીરનો ઉપયોગ કરે, તો તેનો ભાવ એનાલોગ પનીરની આસપાસ જ રહે છે. અમે જે મીડિયમ-ફેટ પનીર વાપરીએ છીએ તે એનાલોગ પનીર કરતાં માત્ર 30થી 40 જેટલું જ મોંઘું હોય છે. આથી આ પ્રતિબંધની મુખ્ય અસર ઢાબા અને લારીવાળા પર પડી શકે છે. તે લોકો કોસ્ટ-ટુ-કોસ્ટ જાળવવા માટે તેમજ બગાડ ઘટાડવા માટે એનાલોગ પનીરનો વધુ ઉપયોગ કરતા હોય છે, કારણ કે એનાલોગ પનીર જલ્દી ખરાબ થતું નથી.

સરકારના આ નિર્ણય અંગે અમે હોટેલ સંચાલકોના પણ મંતવ્ય જાણ્યા હતા. સુરતમાં 10 વર્ષથી ફાસ્ટફૂડના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારી વિનાયકભાઈએ જણાવ્યું હતું કે, ગ્રાહકોને ગેરમાર્ગે દોરતા સ્પર્ધકો સામે નિર્ણય યોગ્ય છે અને માર્કેટમાં વ્યાજબી રેટ્સ નક્કી થશે.

અમદાવાદમાં ધ ગ્રાન્ડ ભગવતી હોટલના સંચાલક નરેન્દ્ર સોમાણીએ જણાવ્યું હતું કે, સરકારે આ ખૂબ જ સારું કામ કર્યું છે. છત્તીસગઢ, મહારાષ્ટ્ર અને હવે ગુજરાતમાં પણ એનાલોગ પનીર પર પ્રતિબંધ મૂકવાથી લોકોની હેલ્થ સાથે ચેડા નહીં થાય. અત્યારના લોકો હેલ્થને લઈને ખૂબ જ સજાગ થઈ ગયા છે.

વડોદરામાં હોટેલ માલિક બાલકૃષ્ણ શાહે જણાવ્યું હતું કે, અસલી પનીર અને એનાલોગ પનીરના ભાવમાં બહુ મોટો ફરક પડે છે. અસલી પનીર 320થી 335 પ્રતિ કિલો આવે છે, જ્યારે એનાલોગ પનીર 210થી 220માં મળે છે. એટલે કે કિલોએ 100થી 120નો તફાવત હોય છે. જે લોકો સસ્તું વેચતા હોય તે જ સસ્તું પનીર શોધે છે. એનાલોગ પનીરના પ્રતિબંધથી થાળી કે પનીરના સબ્જીના ભાવમાં વધારો નહીં થાય કે કોઈ અસર નહીં થાય.

આ નિર્ણય બાદ હવે સુરતમાં દૂધની દૈનિક ડિમાન્ડમાં મોટો વધારો થવાની શક્યતા છે. અત્યાર સુધી સુરત શહેર અને તેની આસપાસના વિસ્તારોમાં એનાલોગ પનીર તથા ચીઝ બનાવવા માટે દૂધના બદલે વનસ્પતિ ઘી કે પામ ઓઈલ જેવા ખાદ્ય તેલોનો મોટા પાયે ઉપયોગ કરવામાં આવતો હતો. પરંતુ હવે આ પ્રતિબંધ બાદ તમામ વેપારીઓ અને ઉત્પાદકોએ પનીર તથા ચીઝ બનાવવા માટે શુદ્ધ દૂધનો જ ઉપયોગ કરવો પડશે, જેથી આગામી બેથી ત્રણ દિવસમાં જ દૂધની માગમાં ભારે ઉછાળો જોવા મળી શકે છે. હાલના આંકડા મુજબ સુરત શહેરમાં સુમુલ ડેરી, વિજય ડેરી તેમજ મહારાષ્ટ્રથી આયાત કરવામાં આવતા દૂધ મળીને પ્રતિદિન 15 લાખ લિટરથી પણ વધુ દૂધનો સપ્લાય કરવામાં આવે છે. પરંતુ હવે જ્યારે પ્રતિબંધિત એનાલોગ ઉત્પાદનોની જગ્યાએ અસલી પનીર-ચીઝ બનાવવા માટે માત્ર શુદ્ધ દૂધનો જ ઉપયોગ શરૂ થશે, ત્યારે દૂધની દૈનિક વપરાશનો આ આંકડો આગામી દિવસોમાં ઘણો ઊંચો જઈ શકે છે.

# ગાંધી આશ્રમ પાછળ સાબરમતી નદીમાં ફીણવાળુ પાણી છોડવામાં આવતું હોવાના સવાલ પર કહ્યું-'તપાસ કરીને કહીએ'

**અમદાવાદ, તા.07**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પશ્ચિમ ઝોનના અધિકારી અને ઈજનેર વિભાગના અધિકારીઓ ભાજપના શાસકોને પણ જવાબ આપતા ન હોવા અંગેની ઘટના બની છે. બે દિવસ પહેલા સાબરમતી નદીમાં ફીણ વાળું પાણી નીકળતું હોવાના વીડિયો સામે આવ્યા હતા. જે વીડિયો બાબતે ગુરુવારે સ્ટેન્ડિંગ કમિટીમાં પશ્ચિમ ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરથી લઈ અધિકારીઓને પૂછવામાં આવતા તેમણે આ બાબતે અમે તપાસ કરીશું એવો જવાબ આપી દીધો હતો. જો કે ગાંધી આશ્રમની પાછળના ભાગેથી સાબરમતી નદીમાં પાણી ક્યાંથી આવે છે અને કેમ આવું પાણી નીકળ્યું છે તે અંગે ઈજનેર વિભાગના અધિકારીઓને જાણ હોવા છતાં પણ તેમણે ભાજપ નેતા અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનને યોગ્ય જવાબ આપ્યો નહીં અને તપાસ કરીને કહીશું એવું કહી દેતા અનેક સવાલો ઉભા થયા છે. શહેરના પશ્ચિમ વિસ્તારમાં



સાબરમતી ગાંધી આશ્રમની પાછળના ભાગે સાબરમતી નદીમાં દુર્ગંધ અને ફીણ વાળું ગંદુ પાણી છોડવામાં આવતું હોવા અંગેનો વીડિયો સામે આવ્યો હતો. જે વીડિયો સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશ પટેલ સહિતના નેતાઓના ધ્યાને આવ્યો હતો. જેથી 6 ઓગસ્ટે ગુરુવારે મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં આ બાબતે ડેપ્યુટી પશ્ચિમ ઝોનના મ્યુનિસિપલ કમિશનરને પૂછવામાં આવ્યું હતું. ત્યારે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરથી લઈ ઝોનના ઈજનેર વિભાગના અધિકારીઓએ ગંદુ પાણી ક્યાંથી આવ્યું અને કેમ નીકળે છે. તે અંગે કોઈ જવાબ આપ્યો નહીં અને તપાસ કરીને જણાવીએ છીએ એવું કહી દીધું હતું.

# BRTSમાં CISF મહિલાકર્મીના મંગળસૂત્રની ચોરી: શાહપુરમાં હજયાત્રા માટે વર્ષોથી ભેગા કરેલા રૂ.28 લાખ રોકડાની તિજોરીમાંથી ચોરી

**અમદાવાદ, તા.07**

અમદાવાદ શહેરના BRTS બસ રૂટ પર મુસાફરી કરતી મહિલાઓ માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. ઈસરો ખાતે CISFમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા મહિલા કર્મચારી શિવરંજનીથી CTM તરફ BRTS બસમાં મુસાફરી કરી રહ્યા હતા, ત્યારે ભીડનો લાભ ઉઠાવીને કોઈ અજાણ્યો તસ્કર તેમના ગળામાંથી 1 લાખ રૂપિયાનું સોનાનું મંગળસૂત્ર ચોરી ગયો હતો. આ સિવાય અન્ય એક ઘટનામાં શાહપુર વિસ્તારમાંથી હજયાત્રા માટે બચાવેલા 28 લાખ રોકડા ઘરમાંથી ચોરાતાં શાહપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.



રામદેવનગર રોડ પર સોસાયટીમાં રહેતાં 40 વર્ષીય ભાવનાબેન શિંદે 6 ઓગસ્ટે બપોરે શિવરંજની BRTS બસ સ્ટોપથી રામોલ એક્સપ્રેસ હાઈવે જવા માટે બસમાં બેઠા હતા. બસમાં ભારે ભીડ હોવાથી કોઈ ઠગે હળવા હાથે તેમના ગળામાંથી 1 તોલાનું મંગળસૂત્ર કાઢી લીધું હતું. રામોલ બસ સ્ટોપ પર ઉતરીને બરોડા જવા નીકળ્યા ત્યારે મંગળસૂત્ર ચોરાયાની જાણ થઈ હતી.

# ગુજરાતમાં ત્રણ સિસ્ટમ સક્રિય, 8-9 ઓગસ્ટએ ભારે વરસાદની આગાહી: દક્ષિણ-મધ્ય ગુજરાતમાં વરસાદની સંભાવના

**અમદાવાદ, તા.07**

ગુજરાતમાં વરસાદનું જોર ઘટ્યા બાદ વધેલા બફારા વચ્ચે હવે હવામાન વિભાગે ફરી ગાજવીજ અને પવન સાથે વરસાદની આગાહી કરી છે. મોન્સૂન ટ્રફ અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સહિત કુલ ત્રણ સિસ્ટમ સક્રિય હોવાથી 8 અને 9 ઓગસ્ટે દક્ષિણ-મધ્ય ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદની શક્યતાને પગલે યલો એલર્ટ જાહેર કરાયું છે. આ સાથે દરિયામાં પવનની ગતિ વધવાની શક્યતા હોવાથી આજે (7 ઓગસ્ટ) માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે.

રાજ્યમાં ચાલુ ચોમાસાની સિઝનમાં અત્યાર સુધીમાં સામાન્ય કરતાં 11 ટકા વધુ વરસાદ નોંધાયો છે. 1 જૂનથી 7 ઓગસ્ટ દરમિયાન રાજ્યમાં કુલ 481 મિમી વરસાદ નોંધાયો છે, જ્યારે આ સમયગાળા દરમિયાન સામાન્ય રીતે 433 મિમી વરસાદ થવો જોઈએ. જોકે, સૌરાષ્ટ્ર અને કચ્છમાં સામાન્ય કરતાં 15 ટકા ઓછો વરસાદ નોંધાયો છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવના જણાવ્યા અનુસાર, આગામી 7 દિવસ રાજ્યમાં છૂટાછવાયા સ્થળોએ



હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. આજે (7 ઓગસ્ટ) સમગ્ર અરવલ્લી, મહિસાગર, દાહોદ, છોટાઉદેપુર, વડોદરા અને નર્મદા સહિતના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. જ્યારે 8 ઓગસ્ટે સાબરકાંઠા અને અરવલ્લીમાં ભારે વરસાદનું યલો એલર્ટ જાહેર કરાયું છે. ત્યારબાદ 9 ઓગસ્ટે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, વાવ-થરાદ, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાઓમાં પણ ભારે વરસાદની આગાહી સાથે યલો એલર્ટ યથાવત્ રહેશે. આગામી દિવસોમાં 30થી 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દક્ષિણ-પશ્ચિમનો પવન ફૂંકાઈ શકે છે. ચાલુ સિઝનમાં 7 ઓગસ્ટ, 2026 (સવારે 10 વાગ્યા) સુધીમાં રાજ્યમાં કુલ સરેરાશ 25.08 ઈંચ (70.10%) વરસાદ નોંધાઈ ચૂક્યો છે. ઝોન વાઈસ જોઈએ તો દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ 58.81 ઈંચ (96.87%) અને પૂર્વ-મધ્ય ગુજરાતમાં 21.62 ઈંચ (67.05%) વરસાદ વરસી ચૂક્યો છે. જ્યારે સૌરાષ્ટ્રમાં 16.38 ઈંચ (54.58%), ઉત્તર ગુજરાતમાં 14.78 ઈંચ (51.39%) અને કચ્છમાં 5.72 ઈંચ (29.05%) વરસાદ નોંધાયો છે.

સાર્વત્રિક વરસાદના કારણે રાજ્યના જળાશયોમાં મોટો જળજથ્થો જમા થયો છે. ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજનાના સરદાર સરોવર ડેમમાં હાલ 81.01% (2,70,622 mcft) જેટલો જળસંગ્રહ થઈ ચૂક્યો છે અને તેમાં 33,400 ક્યુસેક પાણીની આવક સક્રિય છે.

# પોલીસના ધાડેધાડા ઉતર્યા, સિંધુભવન રોડ પર કારમાંથી બિયર મળી: CPની હાજરીમાં નાઈટ ડોમિનેશન ડ્રાઈવ-ચેકિંગ

**અમદાવાદ, તા.07**

અમદાવાદમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સુદ્રઢ બનાવવા અને ગુનાખોરી પર લગામ કસવા શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે ગુનેગારોને કડક ચેતવણી આપી છે. ગુરુવારે મોડીરાત્રે કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓના કાફલાએ શહેરમાં સઘન નાઈટ ડોમિનેશન ડ્રાઈવ અને ચેકિંગ હાથ ધર્યું હતું. નાગરિકોને કોઈ તકલીફ પડે તો તાત્કાલિક 112 નંબર પર ફોન કરવા અપીલ કરી છે, જેમાં માહિતી આપનારની ઓળખ ગુપ્ત રાખવામાં આવશે.

નાઈટ ડ્રાઈવ દરમિયાન સિંધુભવન રોડ પર અશ્વવિલા ચાર રસ્તા નજીક પોલીસ કમિશનરની હાજરીમાં કરાયેલા ચેકિંગમાં ત્રણ યુવકો 4 બિયરના ટીન સાથે ઝડપાયા હતા. આ



ઉપરાંત જમાલપુર ચાર રસ્તા પાસેથી એક શંકાસ્પદ હોન્ડાઈ i10 કારમાંથી અંદાજે 350 કફ સિરપની બોટલો મળી આવતાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ હતી. બીજી તરફ દાણીલીમડા સહિતના સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસનો કાફલો જોઈને અસામાજિક તત્વોમાં દોડધામ મચી ગઈ હતી.

શહેરમાં મારામારી અને અગાઉ 112 પર આવેલી ફરિયાદોને ધ્યાને રાખી બહેરામપુરા તથા સરખેજ જેવા સંવેદનશીલ વિસ્તારોમાં ક્રાઈમ બ્રાન્ચની ટીમો દ્વારા ખાસ કોમ્બિંગ હાથ ધરાયું હતું. રાત્રે 12થી 2 વાગ્યા દરમિયાન શહેરના વ્યસ્ત 150 પોઈન્ટ પર વાહન ચેકિંગ કરાયું હતું. દરેક પોલીસ સ્ટેશનમાંથી 25 કર્મચારીઓ અને 5 વાહનો સાથે આ ડ્રાઈવ યોજીને પીધેલા વાહનચાલકો, હથિયારધારીઓ અને સ્ટંટ કરનારાઓ સામે કડક પગલાં લેવામાં આવ્યા હતા.

પોલીસ કમિશનરે ગુનેગારોને ચેતવણી આપતાં જણાવ્યું કે, નાગરિકોને હેરાન કરનારા કે કાયદો હાથમાં લેનારા તત્વો સામે પોલીસ સખત કાર્યવાહી કરશે. તેમણે નાગરિકોને અપીલ કરી છે કે કોઈપણ તકલીફ કે શંકાસ્પદ પ્રવૃત્તિ જણાય તો 112 નંબર પર ઓળખ છુપાવીને પણ માહિતી આપી શકે છે, જેથી પોલીસ યોગ્ય પગલાં ભરી શકે. વધુમાં, બહેરામપુરા અને સરખેજ જેવા વધુ ફરિયાદો ધરાવતા સંવેદનશીલ વિસ્તારોમાં ક્રાઈમ બ્રાન્ચની ટીમો દ્વારા રાત્રિ દરમિયાન ખાસ 'નાઈટ ડોમિનેશન ડ્રાઈવ' અને કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું છે, જે કામગીરી સતત ચાલુ રહેશે.

